દૈનિક
મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
204 વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 34 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ -૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 February 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

દર વર્ષે કંઈક નવું રજૂ કરવું એ USA મા અમારી ઓળખ છે, આ વર્ષની વિશેષ રજૂઆત — Ultra Grand USA 2026.

PURE VEG JAIN

THE LAND OF DREAMS

LOS ANGELES → SAN DIEGO → TIJUANA (MEXICO) → CALICO GHOST TOWN
LAS VEGAS → MAMMOTH LAKES → LAKE TAHOE → DEATH VALLEY → SAN FRANCISCO → SACRAMENTO → NIAGARA FALLS → HARRISBURG WASHINGTON DC → VIRGINIA (LURRAY) → PHILADELPHIA → NEW JERSEY → NEW YORK

FORAM SHAH SIGNATURE TOUR ની ખાસ વિષેશતાઓ

ફોરમ વર્લ્ડવાઇડ સાથે પ્રવાસ કરવો એટલે માત્ર પ્રવાસ નહીં, પરંતુ એક સુવ્યવસ્થિત, સુરક્ષિત અને યાદગાર અનુભવ. પ્રવાસ દરમ્યાન "ફોરમ શાહ (Owner)" ની જાતે હાજરી હોવાના કારણે દરેક વ્યવસ્થા પર વ્યક્તિગત દેખરેખ રહે છે અને પ્રવાસીઓ નિશ્ચિંત રીતે પ્રવાસનો આનંદ માણી શકે છે. અમેરિકાના જાણીતા આકર્ષણો સાથે સાથે San Diego Zoo અને San Diego City Tour, ઐતિહાસિક Calico Ghost Town, તેમજ ખાસ 2026 Special Edition Tijuana (Mexico) પ્રવાસ દ્વારા સ્થાનિક સંસ્કૃતિ અને જીવનશૈલીનો અનોખો અનુભવ મળે છે.

પ્રાકૃતિક અદ્ભુતતાઓમાં Luray Caverns, શાસ્ત્રીય Vintage Car Museum, તેમજ Shenandoah Heritage Village જેવી પાયોનીયર સાઇટનો સમાવેશ છે, જે ફક્ત ફોરમ વર્લ્ડવાઇડ સાથે જ સંભવ છે. કેલિફોર્નિયામાં Sacramento City Tour – Old Sacramento Waterfront, Golden Bridge અને Capitol Building જેવી વિશેષ મુલાકાતો પણ માત્ર ફોરમની ટૂરમાં જ સામેલ છે.

લાસ વેગાસમાં નવીનતમ આકર્ષણ The Sphere ની મુલાકાત, જેમાં The Wizard of Oz Show અને આધુનિક રોબોટિક્સ સાથે ઇન્ટરએક્શન, તેમજ Stratosphere Tower અને Grand Canyon West with Sky Walk જેવા રોમાંચક અનુભવ પ્રવાસને વધુ વિશેષ બનાવે છે. Mono County ની યાદગાર સીનિક ડ્રાઇવ, Mono Lake Vista Point, તેમજ ઈસ્ટ કોસ્ટ પર Philadelphia City Tour, The People's House – A White House Experience અને અનોખું Mercer Labs Museum of Art & Technology પ્રવાસની ભવ્યતા વધારે છે.

શોપિંગ માટે Tax-Free Shopping at New Jersey Mills (ફક્ત ફોરમ સાથે), તેમજ પ્રવાસ ખર્ચમાં જ સમાવેશ થતી ઇન્ટર્નલ ફ્લાઇટ્સ – પ્રતિ વ્યક્તિ 2 બેગ × 23 કિ.ગ્રા. (કુલ 46 કિ.ગ્રા.) મોટી સુવિધા છે. રહેવાની વ્યવસ્થા અંગે કોઈ સમાધાન નથી — માત્ર એક 3★ હોટેલ, બાકીના બધા Officially Certified 4★ હોટેલ્સ. સમગ્ર પ્રવાસ દરમ્યાન બસમાં અનલિમિટેડ પાણી, તથા અનુભવી ઇન-હાઉસ ગુજરાતી ટુર મેનેજર દ્વારા સતત માર્ગદર્શન અને કાળજી આપવામાં આવે છે.

પ્રવાસની વિશેષ ઓળખ તરીકે, વિશ્વના સૌથી મોટા સ્વામિનારાયણ મંદિરની મુલાકાત, જે ફક્ત ફોરમ વર્લ્ડવાઇડની ટૂરમાં જ સંભવ છે, આ પ્રવાસને આધ્યાત્મિક અને યાદગાર બનાવે છે. આ બધાં કારણો સાથે, ફોરમ વર્લ્ડવાઇડ માત્ર પ્રવાસ આયોજક નથી, પરંતુ વિશ્વાસ, ગુણવત્તા અને મૂલ્ય સાથેનું સાચું પ્રવાસ સાથી છે.

NEW ULTRA USA WITH ORLANDO — 24 DAYS
GRAND USA — 22 DAYS
WEST USA WITH ORLANDO — 15 DAYS
WEST USA — 11 DAYS
EAST USA WITH ORLANDO — 12 DAYS
EAST USA — 08 DAYS

Corning Glass Museum
વિશ્વપ્રસિદ્ધ ગ્લાસ આર્ટ અને ટેકનોલોજીનું કેન્દ્ર, જ્યાં લાઇવ ગ્લાસ ડેમો અને અનોખી કળાકૃતિઓ જોવા મળે છે.

Harrisburg - Vraj Hindu Temple
આધ્યાત્મિક શાંતિ અને દિવ્ય વાતાવરણ ધરાવતું ભવ્ય વ્રજ હિન્દુ મંદિર, જ્યાં શાંતિપૂર્ણ દર્શનનો લ્હાવો મળે છે.

Tijuana (Mexico)
અમેરિકા-મેક્સિકો સરહદ પાર કરી મેક્સિકન સંસ્કૃતિ, લોકલ માર્કેટ અને રંગીન શહેરજીવનનો ખાસ આંતરરાષ્ટ્રીય અનુભવ.

San Diego - સમુદ્ર કિનારે વસેલું સુંદર શહેર, જ્યાં વર્લ્ડ ફેમસ San Diego Zoo નો અનોખો અનુભવ મળે છે.

White House Experience - અમેરિકાના રાષ્ટ્રપતિના ઐતિહાસિક નિવાસસ્થાન વ્હાઇટ હાઉસને નજીકથી જાણવાની અનોખી તક.

Mercer Labs Museum of Art and Technology - જ્યાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને કલાનો અદ્ભુત સંગમ જોવા મળે છે.

★ લોન્ચ પહેલા 250 seat બુકિંગ કરાવા બદલ...તમારો ખુબ ખુબ આભાર...

April - 15,22,29 | May - 6,13,20,27 | June - 10 | July - 22 | August - 12 | September - 2,23 | October - 14,28 | November - 4

DINESH 8591728602 | BHAKTI 9321236935 | JAY 9167008678
DHRUV 8169369686 | FORAM 9324366095
HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900

FORAM WORLDWIDE ®
#ChaloForamKeSang

WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON

દૈનિક **મુંબઈ સમાચાર**

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 34 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માઘ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 February 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર,૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ડિજિટલ ફ્રૉડ એ ખુલ્લી લૂંટ, એસઓપી ઘડોઃ સુપ્રીમ કોર્ટ

આદેશ અપાયા પછી ડિજિટલ છેતરામણીનો ભોગ બનેલાઓને રીયલ ટાઈમમાં રક્ષણ આપવાના પગલાંઓની સરકારની જાહેરાતઃ આંતર-ખાતાકીય સમિતિ રચાઈ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ડિજિટલ ફ્રૉડ દ્વારા કરાયેલી ૫૪,૦૦૦ કરોડ રૂપિયાની ઉચાપતને દેખીતી લૂંટ કે ચોરી ગણાવી હતી અને કેન્દ્ર સરકારને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા, બૅન્કો અને ડિપાર્ટમેન્ટ ઑફ ટેલિકોમ્યુનિકેશન સાથે મળીને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (પ્રમાણભૂત સંચાલન પ્રક્રિયા, એસઓપી) ઘડવાનો આદેશ આપ્યો હતો. ગૃહ મંત્રાલયે ડિજિટિલ અરેસ્ટના દૂષણને ડામવા ઉચ્ચ સ્તરીય આંતર ખાતાકીય સમિતિની રચનાની જાહેરાત કરી હતી. આ સમિતિ સાયબર ક્રાઈમનો ભોગ બનેલાઓને રીયલ ટાઈમમાં રક્ષણ આપવાની તકેદારી લેશે અને જે પણ ખામીઓ છે એને દૂર કરશે.ગૃહ મંત્રાલયે ૧૨ જાન્યુઆરીએ નોંધાવેલા સ્ટેટસ રીપોર્ટમાં નિર્દોષ નાગરિકો પાસેતી નાણા પડાવવાના માટે તેમની ડિજિટલ અરેસ્ટ કરવા કે બનાવટી દસ્તાવેજનો ઉપયોગ કરનારી ટ્રાન્ઝેકશનલ સિન્ડીકેટસને નાબૂદ કરવા સીબીઈ, આરબીઆઈ, ટેલિકોમ ડિપાર્ટમેન્ટ અને ટોચની આઈટી કંપની સાથે મળીને બહુ એજન્સીની તવાઈની વિગતો આપી છે.

ભારતના મુખ્ય ન્યામૂર્તિ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને એન. વી. અંજારિયાની બેન્ચે નિરિક્ષણ કર્યું હતું કે ડિજિટલ છેતરપિંડી દ્વારા જે રકમની ઉચાપત થાય છે એ અનેક નાના રાજ્યોના બજેટ કરતાં વધારે છે. આવા ગુના બૅન્ક અધિકારીઓની મિલીભગત કે તેમની બેદરકારીને લીધે થાય છે, એવી નોંધ લઈને સર્વોચ્ચ અદાલતે આરબીઆઈ અને બીજી બૅન્કોએ સમયસર કાર્યવાહી કરવી પડશે એવું ભારપૂર્વક જણાવ્યું હતું.

અદાલતે નવી નિર્દેશો આપતાં ગૃહ મંત્રાલયને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની સ્ટાર્ન્ડ ઓપરેટિંગ પ્રોસિજર કે ડિપાર્ટમેન્ટ ઑફ ટેલિકોમ્યુનિકેશન્સના એસઓપી કે

(જુઓ પાનું ૨) ▶▶

ટોરન્ટોમાં ભારતીય-કેનેડિયનની ગોળી મારી હત્યા

ઓટાવાઃ કેનેડાના ટોરન્ટોમાં એક શોપિંગ સેન્ટરના પાર્કિંગમાં અજાણ્યા હુમલાખોરોએ ૩૭ વર્ષીય એક ભારતીય-કેનેડિયન વ્યક્તિની ગોળી મારી હત્યા કરી હતી. આ જાણકારી પોલીસે આપી હતી.

ટોરોન્ટો પોલીસ સર્વિસે એક નિવેદનમાં પીડિતની ઓળખ બ્રેમ્પટનના ચંદન કુમાર રાજા નંદકુમાર તરીકે કરી છે. નિવેદનમાં જણાવાયું છે કે શનિવારે લગભગ ૩-૩૧ વાગ્યે પોલીસે રેક્સડેલ બુલેવાર્ડ અને હાઇવે ૨૭ પર સ્થિત વૂડબાઇન શોપિંગ સેન્ટરના પાર્કિંગમાં ગોળીબારની ઘટના બની હોવાની સૂચના મળ્યા બાદ કાર્યવાહી કરી હતી.

પાકિસ્તાન ઝૂકવાની તૈયારીમાંઃ રવિવારે ભારત સામે રમી શકે છે

આવી શક્યતા પ્રબળ બનતી જાય છેઃ આજે ફેંસલો થવાની શક્યતાઃ પીસીબીએ સારા સમાચારના સંકેત આપ્યાઃ બાંગ્લાદેશે દગો આપતા પીસીબી રમવા તૈયાર થશે એવું લાગે છે

કરાચીઃ પાકિસ્તાને અગાઉ એવું જાહેર કર્યું હતું કે તે કોલંબો ખાતેની ૧૫ ફેબ્રુઆરીની ટી-૨૦ વિશ્વ કપની મૅચમાં ભારત સામે નહીં રમે. હવે આ જ પાકિસ્તાન દંડાત્મક કાર્યવાહીથી ગભરાઈને કૂણું પડ્યું છે અને ભારત સામે રમવા તૈયાર થયું હોવાનું લાગે છે. પાકિસ્તાન ક્રિકેટ કંટ્રોલ બોર્ડના વડા મોહસિન નકવીએ કહ્યું હતું કે, આગામી ૨૪ કલાકમાં ફાઈનલ નિર્ણય લેવાઈ જશે.

બાંગ્લાદેશ ક્રિકેટના વડા અનિમુલ ઇસ્લામ બુલબુલ અને આઈસીસી સાથે સોમવારે આખો દિવસ મંત્રણા પછી પીસીબીના સૂત્રોએ એવા સંકેત આપ્યા હતા કે, વાટાઘાટો ગૂડ ન્યૂઝ ભણી વધી રહી છે. સ્પર્ધામાં સલામતીનાં નામે રમવાની ના પાડનાર બાંગ્લાદેશે પાકિસ્તાનનો સાથ છોડી દેતા પાકિસ્તાનને ગુલાંટ મારવી પડશે એં લાગે છે. બાંગ્લાદેશ

(જુઓ પાનું ૨) ▶▶



લોકસભા સ્પીકરની હકાલપટ્ટી માટે વિપક્ષ લાવશે દરખાસ્ત?

વિપક્ષોનો પ્લાનઃ જોકે એ પહેલા વિરોધ પક્ષોમાં તડાં પડ્યાં, કૉંગ્રેસ રાહુલનું ભાષણ ઈચ્છે છે, જ્યારે એસપી, ટીએમસી ડિબેટની તરફેણ કરે છે

‘પીએમ ચર્ચાથી ડરે છે એટલે લોકસભામાં ગેરહાજર છે...’

આવા આક્ષેપ સાથે કૉંગ્રેસી મહિલા સાંસદોએ સ્પીકરને લખ્યો પત્ર

નવી દિલ્હીઃ સંસદના વર્તમાન સત્રમાં વડાપ્રધાન મોદીની ગેરહાજરી અંગે સવાલો ઉઠતા લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસના મહિલા સાંસદોથી વડાપ્રધાનને જોખમ છે. હવે કોંગ્રેસના મહિલા સંસદસભ્યોએ ઓમ બિરલાને પત્ર લખીને આરોપોને વખોડી કાઢ્યા છે. કોંગ્રેસના મહિલા સાંસદોએ જણાવ્યું કે ડરને કારણે વડાપ્રધાન મોદી ગૃહમાં હાજરી નથી આપી

(જુઓ પાનું ૨) ▶▶

નવી દિલ્હીઃ વિરોધ પક્ષ રાષ્ટ્રપ્રમુખના સંબોધનની આભાર દરખાસ્તમાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને વિરોધ પક્ષના બીજા નેતાઓને ન બોલવા દીધા અને આઠ સંસદસભ્યોના સસ્પેન્ડ કરવા માટે લોકસભાના સ્પીકર ઓમ બિરલાને દૂર કરવાનો પ્રસ્તાવ લાવવા વિચારી રહ્યો છે.

આ સાથે લોકસભાના વિરોધ પક્ષના નેતા ગાંધી અને બીજા વિપક્ષી નેતાઓ સ્પીકરને સોમવારે બપોરે મળ્યા હતા જેથી મડાગાંઠનો ઉકેલ નીકળે.

અલબત્ત, અત્યારે તો એવું લાગે છે કે વિપક્ષોમાં તડાં પડ્યાં છે કારણ કે કૉંગ્રેસ તેના નેતા રાહુલ ગાંધીના લોકસભામાં ભાષણની તરફેણ કરી રહ્યો છે જ્યારે ટીએમસી મતદારયાદીની સમીક્ષા મુદ્દે અને સમાજવાદી પક્ષ અહિલ્યાબાઈ હોળકરના મુદ્દે લોકસભામાં ડિબેટ ઈચ્છી રહ્યાં છે.

ગયા અઠવાડિયે બિરલાએ કૉંગ્રેસના ભૂતપૂર્વ વડા રાહુલને ભારત-ચીન બાબતે બોલવાની પરવનગી આપી નહોતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે બંધારણની કલમ ૯૪-સી હેઠળ ઠરાવની નોટિસ દેવામાં આવે એવી સંભાવના છે. આમાં વિરોધ પક્ષના ૧૦૦થી વધારે સભ્યોએ સહી કરી છે. જોકે તૃણમૂલ કૉંગ્રેસ મતદારયાદીની સમીક્ષાનો મુદ્દો ઉપાડવા આતુર છે, જ્યારે સમાજવાદી પાર્ટી

(જુઓ પાનું ૨) ▶▶

જનરલ નરવણેનાં સંસ્મરણો લીક કોણે કર્યા?: એફઆઈઆર નોંધાયો

નવી દિલ્હીઃ લશ્કરના ભૂતપૂર્વ વડા એમ. એમ. નરવણેની અપ્રકાશિત આત્મકથા પીડીએફ ફોર્મેટમાં લીક થતાં પોલીસે આની તપાસ શરૂ કરી છે. આ પુસ્તકે સંસદમાં એની બહાર લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર વચ્ચે વિવાદ સર્જ્યો છે. પ્રવકતાએ કહ્યું હતું કે દિલ્હી પોલીસન ધ્યાનમાં આવ્યું હતું કે વિવિધ ઓનલાઈન સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ અને ન્યૂસ ફોરમમાં એવી માહિતી અપાઈ છે કે પુસ્તક ‘ફોર સ્ટાર્સ ઑફ ડેસ્ટિની’ની છપાયેલા પહેલાંની કોપીનો પ્રસાર થઈ રહ્યો છે. લાગતાવળગતા સત્તાવાળાઓએ આ પુસ્તકને પ્રગટ કરવાની પરવાનગી આપી નથી. તપાસમાં માલૂમ પડ્યું હતું કે એ જ મથાળાવળી ટાઈપ સેટ બુકની પીડીએફ કોપી જે મેસર્સ પેનગ્વીન રેન્ડમ હાઉસ ઈન્ડિયા લિમિટેડે તૈયાર કરી હોવાનું પ્રતીત થાય છે એ અમુક

(જુઓ પાનું ૨) ▶▶

બંગાળની ‘સર’ કવાયત આડે કોઈ અવરોધ નહીં આવવા દઈએઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ રાજ્યમાં ચાલતી સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (ખાસ સઘન સમીક્ષા, સર)માં મતદાતાઓની ‘વ્યાપક બાદબાકી’ થશે એવી આશંકા વ્યક્ત કરી છે ત્યારે સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે આ કવાયતમાં અડચણ લાવવાની કોઈને છૂટ નહીં અપાય.

મુખ્ય ન્યાય મૂર્તિ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલયા બાગચી અને એન. વી. અંજારિયાની બેન્ચે કહ્યું હતું કે આ બાબતમાં જે પણ હુકમ કે ખુલાસા કરવાના હશે તે કરશે.

હાલમાં પશ્ચિમ બંગાળમાં ચાલતી સર કવાયતમાં મમતા બેનરજી અને બીજાઓની રિટ અરજી સાંભળતા બેન્ચે કહ્યું હતું કે અમે સર

(જુઓ પાનું ૨) ▶▶

‘સર’-ઈફેક્ટ

કોલકાતામાં ડોમિસાઈલ સર્ટિફિકેટ માટે ધસારો

કોલકાતાઃ કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન (કેએમસી) ને છેલ્લા દોઢ મહિનામાં ડોમિસાઇલ સર્ટિફિકેટ માટે ૧૮,૬૦૦થી વધુ અરજીઓ મળી છે, જે ચૂંટણી પંચ દ્વારા ચાલી રહેલા મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) સાથે જોડાયેલો અભૂતપૂર્વ વધારો છે, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. છઠ્ઠી ફેબ્રુઆરી સુધી ઉપલબ્ધ સંચિત

(જુઓ પાનું ૨) ▶▶

કુલદીપ સેંગરની અરજીનો ચુકાદો ત્રણ મહિનામાં આપે હાઇ કોર્ટઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ દેશની વડી અદાલતે દિલ્હી હાઇ કોર્ટને ઉન્નાવ બળાત્કાર પીડિતાના પિતાના કસ્ટોડિયલ ડેથ કેસમાં દોષિત જાહેર કરવામાં આવેલા ભાજપના ભૂતપૂર્વ નેતા કુલદીપ સિંહ સેંગરની અરજીની જલદી સુનાવણી કરવા જણાવ્યું હતું. તેમજ આ મામલે ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવા કહ્યું હતું.

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને એન. વી. અંજારીયાની ખંડપીઠે હાઇકોર્ટના ૧૯ જાન્યુઆરીના આદેશના પડકારતી સેંગરની અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કરતાં જણાવ્યું કે પીડિતાના પરિવાર દ્વારા દાખલ કરવામાં આવેલી કોઇપણ અપીલની પણ સેંગરની અરજી સાથે હાઇ કોર્ટમાં સુનાવણી થવી જોઇએ.

ખંડપીઠ હાઇ કોર્ટના એ આદેશને પડકારતી સેંગરની અરજી પર સુનવણી કરી હતી, જેણે આ કેસમાં તેમની ૧૦ વર્ષની જેલની સજાને સ્થગિત કરવાનો ઇનકાર કરી દીધો હતો.

(જુઓ પાનું ૨) ▶▶

ટેકનોલોજીના ગુલામ ન બનોઃ વડા પ્રધાનની વિદ્યાર્થીઓને સલાહ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે તેમના વાર્ષિક ’પરીક્ષા પે ચર્ચા’ કાર્યક્રમના નવમા સંસ્કરણના બીજા એપિસોડમાં વિદ્યાર્થીઓને સલાહ આપી હતી કે તેઓ ટેકનોલોજીને ગુલામ ન બને, અને કહ્યું કે એઆઇનો ઉપયોગ માર્ગદર્શન અને મૂલ્યવર્ધન માટે થવો જોઈએ, શિક્ષણના વિકલ્પ તરીકે નહીં.

‘‘દરેક યુગમાં નવી ટેકનોલોજીઓ, પછી ભલે તે કમ્પ્યુટર હોય કે મોબાઇલ ફોન, સાથે ચિંતાઓનો સામનો કરવો પડ્યો છે. પરંતુ ભય બિનજરૂરી છે. ટેકનોલોજી માનવ જીવનની માસ્ટર ન બનવી જોઈએ. તમારે દ્રઢ સંકલ્પ લેવો પડશે કે તમે ટેકનોલોજીને તમને ગુલામ નહીં બનાવવા દો,’’ તેવું મોદીએ કોઈમ્બતૂર, રાયપુર, ગુવાહાટી અને ગુજરાતના વિદ્યાર્થીઓ સાથેની વાતચીતમાં કહ્યું.

કેટલાક બાળકો સ્માર્ટફોન પર કંઈક જોયા વિના ખોરાક ખાતા નથી. આપણે એઆઇનો અસરકારક રીતે ઉપયોગ કરી શકીએ છીએ. એઆઇનો ઉપયોગ માર્ગદર્શન અને

(જુઓ પાનું ૨) ▶▶

વકીલાતનું ભણતા વિદ્યાર્થીએ ક્લાસમાં જ વિદ્યાર્થિનીને ગોળીએ દીધા પછી આપઘાત કર્યો

તરનતારનની કોલેજના ક્લાસમાં હત્યા પહેલા વિદ્યાર્થી અને વિદ્યાર્થિની. ઈન્સેટમાં હત્યામાં વપરાયેલી રિવોલ્વર.

તરનતારનઃ પંજાબના તરનતારન જિલ્લાની એક કોલેજમાં ગઈ કાલે એક ચોંકાવનારી ઘટના બની હતી. એક વિદ્યાર્થીએ પોતાના જ ક્લાસમાં ભણતી વિદ્યાર્થિનીને ક્લાસમાં જ ગોળી મારી હત્યા કરી હતી અને પછી પોતે માથામાં ગોળી મારીને ત્યાં જ આત્મહત્યા કરી લીધી હતી. આ સમગ્ર ઘટના ક્લાસરૂમમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.

અહેવાલ મુજબ ઘટના ઉસ્માન શહેરમાં આવેલી માઈ ભાગો લો કોલેજમાં બની હતી. ગોળીબાર કરનાર વિદ્યાર્થીની ઓળખ લોના પ્રથમ વર્ષમાં ભણતા પ્રિન્સ રાજ તરીકે થઈ છે, જ્યારે મૃતક વિદ્યાર્થિનીની ઓળખ સંદીપ કૌર તરીકે થઈ છે.

ગોળી વાગતા સંદીપ કૌરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું, જ્યારે પ્રિન્સ રાજની હાલત ગંભીર છે, તેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સ્થાનિક પોલીસની ટીમે તપાસ શરૂ કરી છે. આ હત્યા પાછળનાં કારણોની હજુ સુધી જાણ થઇ શકી નથી.

આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ થઇ ગઈ છે. વિડીયોમાં જોવા મળે છે કે પ્રિન્સ રાજ પીઠ પર બેગ લટકાવીને ક્લાસરૂમમાં પ્રવેશે છે, તે સંદિપ કૌર અને અન્ય એક વિદ્યાર્થિની પાસે જાય છે, તેમની સાથે થોડી વાત કરે છે. પછી ત્રણેય ક્લાસરૂમની છેલ્લી બેંચ પર જાય છે અને વાતો કરે છે.

થોડીવાર બાદ પ્રિન્સ રાજ અચાનક ઉભો થાય છે પીઠ લાગેલી બેગ ખોલે છે. પ્રિન્સ બંદૂક કાઢે છે અને , સંદિપ કૌરને ગોળી મારે છે. સંદિપ કૌર બેંચ પર પટકાય છે, સાથે રહેલી વિદ્યાર્થિની ડરીને પાછળ હટે છે. થોડી સેકંડ બાદ પ્રિન્સ રાજ પોતાનાના માથા પર બંદૂક મૂકે છે અને ગોળીબાર કરે છે, તે જમીન પર પટકાઈ જાય છે.

પોલીસે આ ઘટનાની તપાસ શરૂ કરી છે, સંદીપ કૌરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. કોલેજમાં સુરક્ષા વ્યવસ્થા અંગે સવાલો ઉઠી રહ્યા છે. ■

ખાલિસ્તાની ધમકી સાથે દિલ્હીની ૧૫ શાળાને ઊડાવી દેવાના ઈમેલ

નવી દિલ્હીઃ ફરી એકવાર દિલ્હીની કેટલીક સ્કૂલમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી આપવામાં આવી છે, આ સાથે સંસદમાં પણ બોમ્બ બ્લાસ્ટની ધમકી આપવામાં આવી છે. અહેવાલ મુજબ આજે સોમવારે સવારે આશરે ૧૫ શાળાઓને ધમકી ભર્યા ઈમેલ મળ્યા હતાં, આ ઈમેલમાં આતંકવાદી અફઝલ ગુરુના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બોમ્બ બ્લાસ્ટની ધમકી સાથેનો ઈમેલ મળતા શાળાઓ ખાલી કરાવવામાં આવી છે, વાલીઓમાં ગભરાટ ફેલાયો છે. શાળા પરિસરોમાં મોટી સંખ્યામાં સુરક્ષા કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે.

શાળાઓના મેનેજમેન્ટ તરફથી ઈમેલ અંગે જાણ કરવામાં આવતા દિલ્હી પોલીસ, ફાયર બ્રિગેડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને શાળા પરિસરોની તાપસ શરૂ કરી હતી. હજુ સુધી કોઈપણ શાળામાં શંકાસ્પદ વસ્તુઓ મળી નથી.

અહેવાલ મુજબ શાળાઓને જે ઈમેલ મળ્યા છે, તેમાં સંસદ ભવનમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી પણ આપવામાં આવી છે. ઈમેલમાં લખવામાં આવ્યું કે ૧૩ ફેબ્રુઆરીએ બપોરે ૧:૧૧ વાગ્યે સંસદમાં બોમ્બ બ્લાસ્ટ થશે. ઈમેલમાં ખાલિસ્તાન ચળવળ અને આતંકવાદી અફઝલ ગુરુ સાથે જોડવામાં આવી. ઈમેઈલમાં લખવામાં આવ્યું, ‘‘પંજાબ ખાલિસ્તાન છે, દિલ્હી ખાલિસ્તાન બનશે.‘‘

નોંધનીય છે કે વર્ષ ૨૦૦૧ ભારતની સંસદ પર આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલાની તારીખ ૧૩મી હતી, જોકે મહિનો ડિસેમ્બર હતો. આ હુમલા પાછળના માસ્ટરમાઈન્ડ અફઝલ ગુરુને ૯ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ ફાંસી આપવામાં આવી હતી.

નોંધનીય છે કે છેલ્લા કેટલાક મહિનાઓથી દિલ્હી અને દેશનાં અન્ય શહેરોની શાળા અને કોલેજોમાં બ્લાસ્ટની સતત ધમકીઓ મળી રહી છે, જેને કારણે શાળાઓ ઉડાવી ખાલી કરાવવામાં આવે છે.

નવા આવક વેરાધારાનો મુસદ્દો

પૅન આપ્યા વિના દસ લાખ રૂપિયા સુધીના વ્યવહાર કરી શકાશે

નવી દિલ્હીઃ આવક વેરાના નિયમોના મુસદ્દામાં બૅન્કમાં રોકડા નાણાં ભરવાં કે ઉપાડવાં, મોટર વાહનો કે સંપત્તિની ખરીદી માટેની ટ્રાન્ઝેકશન લિમિટ ઉલ્લેખનીય રીતે વધારવામાં આવી છે.

મુસદ્દામાં માલિકો તરફથી કર્મચારીઓને અપાતાં વેતન ઉપરાંતના લાભનું મૂલ્ય પણ વધારવામાં આવ્યું છે. મુસદ્દામાં ક્રિપ્ટો એક્સચેન્જની જાણકારી આવકવેરા ખાતાને આપવાનું ફરજિયાત બનાવામાં આવ્યું છે.

મુસદ્દાના નિયમોમાં હાઉસ રેન્ટ અલાવન્સનો દાવો કરવા માટે માટેના પહેલી કેટેગરીના મહાનગરોમાં બેંગલૂરુ, પુણે, અમદાવાદ અને હૈદરાબાદનાં નામ ઉમેરવામાં આવ્યા છે. યાદીમાં અગાઉથી દિલ્હી, મુંબઈ, કોલકતા અને ચેન્નઈનાં નામો હતાં.

સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી) હિતધારકો સાથે વિચારવિમર્શ કરીને નિયમો ઘડશે અને તેનું જાહેરનામું માર્ચના પહેલા અઠવાડિયા સુધી જાહેર કરશે, એવી મહિતી નાણા મંત્રાલયના સૂત્રોએ આપી હતી.

પહેલી એપ્રિલથી અમલમાં આવનારા ઈન્કમ ટેક્સ ઍક્ટમાં સામેલ કરવા આવકવેરાના નિયમોને ઘડવામાં આવી રહ્યા છે.

આવકવેરાના સૂચિત નિયમો-૨૦૨૬ પ્રમાણે કોઈ વ્યક્તિ એક કે બે ખાતામાં નાણાકીય વર્ષ દરમિયાન દસ લાખ કે તેનાથી વધારે નાણાં જમા કે ઉપાડવામાં આવશે તો પર્મેનેન્ટ અકાઉન્ટ નંબરને ટાંકવો ફરજિયાત બનશે. હાલમાં દિવસમાં

(જુઓ પાનું ૨) ▶▶

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

પાકિસ્તાન નમે તો નાક કપાય ને ના નમે તો માથું...

ભારતમાં ટી-૨૦ વર્લ્ડ કપ ચાલુ થઈ ગયો છે પણ ભારત અને પાકિસ્તાન ટકરાશે કે નહીં એ મુદ્દે હજુ અવઢવ છે ને કોકડું વધારે ને વધારે ગૂંચવાતું જાય છે. પાકિસ્તાને શૂરમાં ને શૂરમાં બાંગ્લાદેશને ટેકો આપીને ભારત સામે નહીં રમવા એલાન તો કરી દીધું પણ ભારતે તેને ના ગણકારતાં આઈસીસીના પોતાના ગોઠિયાઓને સાધીને પાકિસ્તાન તેની આબરૂ સચવાય એવો રસ્તો શોધવા ફાંફાં મારે છે પણ આ ફાંફાંમાં આડીતેડી શરતો મૂકવા જતાં પાકિસ્તાન વધારે ભેરવાયું છે એ જોતાં અત્યારે તો ભારત-પાકિસ્તાનની મેચ રમાય એવી શક્યતા ઓછી છે જ પણ ભવિષ્યમાં પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી હાકલપટ્ટી જ થઈ જાય એવી પણ પૂરેપૂરી શક્યતા છે.

વર્લ્ડ કપના કાર્યક્રમ પ્રમાણે, ભારત અને પાકિસ્તાન વચ્ચે રવિવાર ને ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં મેચ રમાવાની છે પણ પાકિસ્તાને બાંગ્લાદેશને રવાડે ચડીને ભારત સામે રમવાનો ઈન્કાર કર્યો તેમાં કોકડું ગૂંચવાવાની શરૂઆત થઈ. પાકિસ્તાન અત્યાર લગી ભારત સામે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ની સ્પર્ધાઓમાં રમતું હતું પણ બાંગ્લાદેશે નાગાઈ કરીને ભારતમાં રમવાનો ઈન્કાર કર્યો એટલે હળાહળ ભારત વિરોધી પાકિસ્તાનને મોકો મળી ગયો. બાંગ્લાદેશને ટેકાના બહાને પાકિસ્તાને પણ ભારત સામે નહીં રમવાનું એલાન કરીને જાતે જ પગ પર કુહાડો મારી દીધો છે.

ભારત અને પાકિસ્તાન દ્વિપક્ષી સિરીઝ રમતાં નથી એટલે ક્રિકેટ ચાહકોને આઈસીસીની સ્પર્ધાઓમાં ભારતને પાકિસ્તાનની ટક્કરમાં રસ હોય છે તેથી કંપનીઓ જાહેરખબરો આપવા પડાપડી કરે છે. આ કારણે આઈસીસી માટે ભારત-પાકિસ્તાનની મેચ સોનાનાં ઈંડાં આપતી મરઘી છે તેથી પાકિસ્તાને ભારત સામે રમવાનો ઈનકાર કર્યો તેમાં આઈસીસીના કારભારીઓ દોડતા થઈ ગયા છે. આઈસીસીના કારભારીઓએ પહેલાં પાકિસ્તાનને દાટી આપી કે, ભારત સામે નહીં રમો તો ક્રિકેટમાંથી ન્યાત બહાર કરી દઈશું પણ પાકિસ્તાન ના માન્યું એટલે હવે મનામણા શરૂ થયાં છે. તેના ભાગરૂપે આઈસીસીના પ્રતિનિધિઓએ પાકિસ્તાન જઈને મનામણાં કરવા માંડ્યાં છે. પાકિસ્તાને પણ તકનો લાભ લઈને ત્રણ શરતો મૂકી દીધી છે પણ આઈસીસી આ શરતો સ્વીકારી શકે તેમ નથી તેથી કોકડું વધારે ગૂંચવાયું છે.

આઈસીસીએ સત્તાવાર રીતે કશું કહ્યું નથી પણ બિનસત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) સાથેની મડાગાંઠને ઉકેલવા માટે તૈયાર છે પણ એ માટે ત્રણ માગણીઓ મૂકી છે. પીસીબીના કારભારીઓએ રવિવારે લાહોરમાં આઈસીસી અધિકારીઓ સાથે બેઠક દકરી તેમાં બાંગ્લાદેશ માટેના વળતરમાં વધારો કરવો, બાંગ્લાદેશ ટી-૨૦ વર્લ્ડ કપમાંથી બહાર થયું હોવા છતાં તેને ભાગીદારી ફી આપવી અને ભવિષ્યમાં આઈસીસીની સ્પર્ધા યોજવાના અધિકારીઓ આપવા એ ત્રણ માગણીઓ મૂકી છે.

આઈસીસી આ માગણીઓ અંગે વિચાર કરીને પછી શું કરવું એ નક્કી કરશે પણ અત્યારે જે સ્થિતિ છે તેમાં આ માગણીઓ સ્વીકારાય તેમ નથી. આઈસીસીને વર્લ્ડ કપની રોમાંચકતા જળવાય ને નોટો પણ છપાય તેથી ભારત પાકિસ્તાનની મેચ રમાય તેમાં રસ છે પણ તેના માટે થઈને પાકિસ્તાન મૂકે એ શરતો માની લે તો આઈસીસીની આબરૂનો ફજેતો થઈ જાય તેથી આ માગણીઓ સ્વીકારાય એવી શક્યતા નહિવત છે. આઈસીસી પર ભારતનું વર્ચસ્વ છે તેના કારણે પણ આઈસીસી પાકિસ્તાનની જોહુકમી સ્વીકારે એવી શક્યતા નથી એ જોતાં પાકિસ્તાનની હાલત કફોડી છે.

પાકિસ્તાન બહાર આવવા ફાંફાં મારે છે કેમ કે ભારતના વલણના કારણે પાકિસ્તાનની હાલત નમે તો નાક કપાય ને ના નમે તો માથું કપાય એવી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના કારભારીઓએ શૂરાતનમાં આવીને ભારત સામે નહીં રમવાનું નક્કી કરી નાંખ્યું ને તેમાં બાંગ્લાદેશીઓની વાહવાહી મેળવી લીધી ને પાકિસ્તાનમાં તો હીરો બની ગયા. શેખ હસીનાની વિદાય પછી બાંગ્લાદેશમાં કટ્ટરવાદીઓનો દબદબો વધ્યો છે ને પાકિસ્તાન કટ્ટરવાદીઓને જોરે બાંગ્લાદેશમાં ઘૂસી જવા માગે છે. આ મહિને જ બાંગ્લાદેશમાં ચૂંટણી છે તેથી હવે પાકિસ્તાન નમતું જોખે તો બાંગ્લાદેશમાં તો પાકિસ્તાનીઓના નામ પર લોકો થૂ થૂ કરે જ પણ પાકિસ્તાનમાં તો જૂતાં ફટકારે તેથી પાકિસ્તાન પીછેહઠ કરી શકે તેમ નથી.

બીજી તરફ પોતાના નિર્ણયનું પૂંછડું ના છોડે તો ભવિષ્યમાં આઈસીસી તેને બહાર ફેંકી દે ને પાકિસ્તાનમાં ક્રિકેટનું અચ્યુતમ કેશવમ થઈ જાય. આઈસીસી ભારતની તાબેદાર છે ને ભારત કહે એ જ થાય છે એ વાતની પાકિસ્તાનને પાકા પાયે ખબર છે. પાકિસ્તાન ભારતને નીચાજોણું કરાવવા માટે વર્લ્ડ કપમાં ભારત સામે ના રમે ને ભારત તેને છોડી દે એ વાતમાં માલ નથી. વર્લ્ડ કપ પતે કે તરત પાકિસ્તાનનું આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી કાયમ માટે પેકિંગ થઈ જાય ને ભવિષ્યમાં ફરી આઈસીસીમાં એન્ટ્રી પણ ના મળે તેથી પાકિસ્તાન બરાબરનું ભેરવાયેલું છે.

આ સ્થિતિનો એક જ ઉકેલ પાકિસ્તાનની પીછેહઠ છે. પાકિસ્તાન કશું બોલ્યા વિના ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત સામે રમી નાંખે તો ઘીના ઠામમાં ઘી પડી જાય. ભારતને પણ વાંધો ના રહે ને આઈસીસીને પણ તકલીફ ના રહે. ભવિષ્યમાં પાકિસ્તાન સામે કોઈ કાર્યવાહી કરવાની પણ ના થાય. બાકી પાકિસ્તાન ભારત સામે નહીં રમે તો તેના કારણે વર્લ્ડ કપને પણ કોઈ ફરક નથી પડવાનો ને ભારતને તો ફાયદો જ ફાયદો છે કેમ કે પાકિસ્તાન સામે રમ્યા વિના પોઈન્ટ્સ મળી જશે ને ભવિષ્યમાં પાકિસ્તાનને આઈસીસીમાંથી બહાર ફેંકવા માટે મોટો મુદ્દો મળી જશે.

પાકિસ્તાનને પોતે લીધેલા નિર્ણયમાં પીછેહઠ કરે તો નીચાજોણું થાય તેની ચિંતા છે પણ પાકિસ્તાને વાસ્તવિકતાને સમજવાની જરૂર છે. એક સમયે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાવર હાઉસ હતું તેનો ઈનકાર ના કરી શકાય. ઈમરાન ખાનના સમયમાં તો પાકિસ્તાન સામે દુનિયાની ભલભલી ટીમોનુ પાણી ઊતરી જતું પણ એ પછી પણ લાંબા સમય સુધી પાકિસ્તાનનો વટ હતો જ. વસિમ અકરમ ને વકાર યુનુસ પછી આવેલા બોલરોએ પાકિસ્તાનનો દબદબો જાળવેલો પણ છેલ્લાં પાંચ-સાત વરસમાં પાકિસ્તાન ક્રિકેટની હાલત એ હદે કથળી છે કે, તેમનો કોઈ ભાવ જ નથી પૂછતું.

એક સમયે ભારત-પાકિસ્તાનની દરેક મેચ રીયલ થ્રીલર બની જતી ને ક્રિકેટ ચાહકોને જલસો થઈ જતો. છેલ્લાં કેટલાંક વરસોમાં પાકિસ્તાન ભારત સામે હારી જ જાય છે ને આ હાર પણ શરણાગતિ સ્વીકારતી હોય છે. કોઈ રોમાંચ જ નથી જોવા મળતો તેથી પાકિસ્તાન નહીં રમે તો ક્રિકેટ ચાહકો બહુ વધારે નહીં ગુમાવે પણ પાકિસ્તાન સર્વસ્વ ગુમાવી દેશે. ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, મંગળવાર, તા. ૧૦-૨-૨૦૨૬, અન્વષ્ટકા શ્રાદ્ધ, વિંછુડો

- ભારતીય દિનાંક ૨૧, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૩મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર વિશાખા સવારે ક. ૦૭-૫૪ સુધી, પછી અનુરાધા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૭, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટદ્ઘ

- ભરતીઃ સાંજે ક. ૧૮-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૦ (તા. ૧૧)
- ઓટઃ સવારે ક. ૧૧-૩૪, મધ્યરાત્રે ક. ૦૦.૦૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ-અષ્ટમી. અન્વષ્ટકા શ્રાદ્ધ, વિંછુડો
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, મંગળ-શનિ ગ્રહદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, પરદેશગમનનું પસ્તાનું, મુંડન કરાવવું નહીં, પ્રયાણ શુભ, લાલ રંગના વસ્ત્ર, આભૂષણ, મહેંદી લગાવવી, નિત્ય થતાં દસ્તાવેજ પશુ લે-વેંચના કામકાજ, બી વાવવું, શ્રી વિષ્ણુસહસ્ર નામ પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ ભાગીદારીમાં સંભાળવું, ચંદ્ર-શનિ ત્રિકોણ કાળજીવાળા, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ અવ્યવહારું, ચંદ્ર-બુધ ચતુષ્કોણ ગપ્પા મારવાની આદત.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ (તા. ૧૧)

- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

ગુરુવારે ૩૦ કરોડ કામદારોની દેશવ્યાપી હડતાળઃ ટ્રેડ યુનિયન

નવી દિલ્હીઃ દેશના દસ કેન્દ્રીય ટ્રેડ યુનિયનોના એક સંયુક્ત મંચે ગુરુવારના રોજ દેશવ્યાપી સામાન્ય હડતાળનું આહ્વાન ચાલુ હોવાનું સોમવારે જણાવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં દેશભરમાંથી ઓછામાં ઓછા ૩૦ કરોડ કામદારો ભાગ લે તેવી શક્યતા વ્યકત કરવામાં આવી રહી છે.

યુનિયનોના આ જૂથે કેન્દ્ર સરકારની કામદાર વિરોધી, ખેડૂત વિરોધી અને રાષ્ટ્ર વિરોધી કોર્પોરેટ સમર્થક નીતિઓ સામે વિરોધ નોંધાવવા નવમી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ દેશવ્યાપી હડતાળનું એલાન કર્યું હતું. ઓલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસના મહાસચિવ અમરજીત કૌરે પત્રકારોને જણાવ્યું કે આ વખતે ૧૨ ફેબ્રુઆરી(ગુરુવાર)ના રોજ કરવામાં આવેલ હડતાળના એલાનમાં ૩૦ કરોડ કામદારો ભાગ લેશે. છેલ્લી વખત ૯ જુલાઇ, ૨૦૨૫ના રોજ લગભગ પચીસ કરોડ કામદારોએ આંદોલનમાં ભાગ લીધો હતો.

તેમણે જણાવ્યું કે હડતાળની અસર દેશના ૬૦૦ જિલ્લાઓમાં જોવા મળશે. જે ગત વર્ષના આશરે ૫૫૦ જિલ્લાઓ કરતાં વધુ છે. કૌરે વધુમાં કહ્યું કે ટ્રેડ યુનિયનોના ભાગીદારીના દાવાઓ જિલ્લા અને બ્લોક સ્તરે કરવામાં આવેલી મજબૂત તૈયારીઓ પર આધારિત છે. તેમજ ખેડૂતો અને અન્ય ફેડરેશનો પણ તેમની સાથે છે.

ભાજપ શાસિત રાજ્યોમાં પ્રસ્તાવિત હડતાળની અસર અંગે તેમણે કહ્યું કે ઓડિશા અને આસામ સંપૂર્ણપણે બંધ રહેશે અને અન્ય રાજ્યોમાં પણ આંદોલનની ખાસ્સી અસર રહેશે. સંયુક્ત મંચના એક નિવેદન અનુસાર સંયુક્ત કિસાન મોરચાએ તેની માંગણીઓ અને ટ્રેડ યુનિયનોની માગણીઓના સમર્થનમાં વિરોધ પ્રદર્શન અને હડતાળમાં જોડાવા માટે સંપૂર્ણ સમર્થન આપ્યું છે. આ જ રીતે કૃષિ મજૂર સંગઠનોનો સંયુક્ત મોરચો પણ આ અભિયાનનો ભાગ છે.

'અંતરિક્ષ ફોજ બનાવો': રાજ્યસભામાં માગણી

નવી દિલ્હીઃ રાજ્યસભામાં દેશની સુરક્ષા સાથે જોડાયેલા 'સ્પેસ ફોર્સ'નો મુદ્દો ઉઠાવાયો છે.

આ મુદ્દો ઉઠાવતી વખતે કહેવાયું છે કે, ભારતે પોતાની સ્વતંત્ર સ્પેસ ફોર્સની રચના કરવી જોઈએ. વર્તમાન સમયમાં અંતરિક્ષનો મામલો દેશની સુરક્ષા સાથે સીધો જોડાયેલો છે.

ઓડિશાના ભાજપ સાંસદ સુજીત કુમારે અંતરિક્ષ ફોજની રચના કરવાની ભારપૂર્વક ભલામણ કરી છે.

તેમણે કહ્યું કે, અંતરિક્ષ હવે માત્ર વિજ્ઞાન કે સંશોધન ક્ષેત્ર સાથે જોડાયેલું નથી, હવે તે દેશની સુરક્ષા, અર્થવ્યવસ્થા અને સૈન્ય ક્ષમતાઓ સાથે જોડાયેલું વ્યૂહાત્મક ડોમેન બની ગયું છે.

સાંસદે કહ્યું હતું કે, આજે અંતરિક્ષમાં રહેલા ઉપગ્રહો પર કોલ, ઈન્ટરનેટ, ઋજ્જ, બેકિંગ, દેખરેખ અને સેના અભિયાનો નિર્ભર છે. જો દુશ્મન દેશ અંતરિક્ષમાં સામાન્ય ગડબડ ઉભી કરે તો તેની સીધી અસર દેશની જમીન પર સુરક્ષા અને વ્યવસ્થા પર પડી શકે છે.સુજીત કુમારે ગૃહમાં કહ્યું હતું કે, કાં તો આપણે ચૂપ બેસીને આપણી અર્થવ્યવસ્થાને ઠપ કરે તેવા હુમલાની રાહ જોઈએ અથવા આપણે પહેલેથી એવી શક્તિ ઉભી કરીએ, જેમાં આવો હુમલો થઈ જ ન શકે. સ્પેસ ફોર્સ આકાશમાં યુદ્ધ જીતવા માટે નહીં, પરંતુ જમીન પર હારથી બચાવવા માટે જરૂરી છે. આ વિષય પર ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરીવી જોઈએ, જે સ્વતંત્ર સ્પેસ ફોર્સ અને સ્પેસ વોરફેર અકાદમીની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કરીને રિપોર્ટ સોંપે.

હિમંતાએ રાવલપિંડીની મુલાકાત અંગે ગોગોઈનો ખુલાસો માગ્યો

ગુવાહાટીઃ આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ સોમવારે કોંગ્રેસના નેતા ગૌરવ ગોગોઈ પાસેથી તેમની પાકિસ્તાનના રાવલપિંડી જિલ્લાની મુલાકાત અંગે પારદર્શક સ્પષ્ટતા માગી હતી, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમના વિઝામાં સ્પષ્ટપણે ફક્ત લાહોર, કરાચી અને ઇસ્લામાબાદની મુસાફરીની મંજૂરી હતી.

એક્સ પરની એક પોસ્ટમાં સરમાએ કહ્યું કે પાકિસ્તાનના ઇમિગ્રેશન નિયમો હેઠળ, ચોક્કસ પરવાનગી વિના વિઝા-નિયુક્ત શહેરોની બહાર મુસાફરી કરવાની મંજૂરી નથી.

આ આરોપ પર પ્રતિક્રિયા આપતા, ગોગોઈએ કહ્યું કે સરમા પોતાના જુઠ્ઠાણાના જાળામાં ફસાઈ રહ્યા છે, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજદ્વારી પાસપોર્ટ મેળવવા માટે કેન્દ્રને સબમિટ કરવામાં આવેલા સામાન્ય પાસપોર્ટમાં તેમની મુલાકાતની બધી વિગતો છે.

સરમાની ટિપ્પણીઓ કોંગ્રેસના સાંસદની એક પ્રેસ કોન્ફરન્સ બાદ આવી, જ્યાં તેમણે કહ્યું કે તેઓ તેમની પત્ની સાથે પાકિસ્તાનમાં યોગ્ય પરવાનગી સાથે તક્ષશિલા ગયા હતા .

મુખ્ય પ્રધાન અને ગોગોઈ વચ્ચે શાબ્દિક વિવાદ થયો છે, જેમાં સરમાએ આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસના નેતા અને તેમના પરિવારના પાકિસ્તાની સંબંધો છે

હરિયાણાની જેલમાં આતંકવાદી અબ્દુલ રહેમાનની હત્યાથી ચકચાર

ફરીદાબાદઃ હરિયાણાનાં ફરીદાબાદ જીલ્લાના વલ્લભગઢમાં આવેલી નીમકા જેલમાં બંધ આતંકવાદી અબ્દુલ રહેમાનની હત્યા થતા ખળભળાટ મચી ગયો છે. અહેવાલ મુજબ ગત મોડી રાત્રે માથા પર ફટકો મારીને તેની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના બનતા જેલ પ્રશાસન સામે સવાલ ઉઠ્યા છે.

અબ્દુલ રહેમાનની ઉત્તર પ્રદેશના અયોધ્યા જિલ્લાના મિલ્કીપુરનો રહેવાસી હતો. માર્ચ ૨૦૨૫ માં ગુજરાત એટીએસ અને હરિયાણા સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)એ ફરીદાબાદના પાલી વિસ્તારમાંથી તેની ધરપકડ કરી હતી. અહેવાલ મુજબ તે અયોધ્યા રામમંદિર પર હુમલાનું કાવતરું રચી રહ્યો હતો. પોલીસે તેની પાસેથી ગ્રેનેડ સહિત અન્ય વિસ્ફોટક સામગ્રી જપ્ત કરી હતી.

અબ્દુલ રહેમાને ઇન્સ્ટાગ્રામ પર ભડકાઉ વીડિયો અપલોડ કરતો હતો. ઇન્સ્ટાગ્રામે અબ્દુલનું એકાઉન્ટ ઘણી વખત ડાઉન કર્યું હતું, જેને કારણે તે પોલીસના નજરમાં આવ્યો હતો. હરિયાણા એસટીએફ, ગુજરાત એટીએસ અને યુપી એસટીએફએ અબ્દુલને ટ્રેક કરવાનું શરૂ કર્યું હતું.અહેવાલ મુજબ અરુણ ચૌધરી નામના કેદી સામે રહેમાનની હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે, અરુણ ચૌધરીને તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરથી નીમકા જેલમાં ટ્રાન્સફર કરવમાં આવ્યો હતો. ગત રાત્રે બંને વચ્ચે કોઈ બાતે ઝઘડો થયો હતો, અરુણ ચૌધરીએ કથિત રીતે અબ્દુલ રહેમાન પર હથિયાર વડે હુમલો કરી હત્યા નીપજાવી હતી.પોલીસે અબ્દુલ રહેમાનનો મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલ્યો છે.

બ્રિટનને પ્રથમ મુસ્લિમ મહિલા વડા પ્રધાન મળી શકે છે

લંડનઃ યુકેના વડા પ્રધાન કીર સ્ટાર્મરની ખુરશી પર ખતરો તોળાઇ રહ્યો છે. આ દરમિયાન યુનાઇટેડ કિંગડમમાં ચર્ચાએ જોર પકડ્યું છે કે દેશને પ્રથમ મુસ્લિમ વડા પ્રધાન મળી શકે છે. આ માટે શબાના મહમૂદનું નામ ચર્ચાઇ રહ્યું છે. હાલમાં તેઓ બ્રિટિશ સરકારમાં ગૃહ પ્રધાન તરીકે કામ કરી રહ્યા છે. તેણીને લેબર પાર્ટીમાં સૌથી મોટા નેતા તરીકે જોવામાં આવી રહ્યા છે.

વર્તમાનમાં યુકેના ગૃહ સચિવ તરીકે સેવા આપી રહેલા શબાના મહમૂદને લેબર પાર્ટીનું નેતૃત્વ કરવા માટે ટોચના દાવેદાર તરીકે જોવામાં આવી રહ્યા છે. જો આ શક્ય બન્યું તો તેણી યુનાઇટેડ કિંગડમના પ્રથમ મુસ્લિમ વડા પ્રધાન બનશે. આ ઘટનાક્રમ અમેરિકામાં જાહેર કરવામાં આવેલી એપ્સ્ટીન ફાઇલો સાથે જોડાયેલો છે. જેણે સમગ્ર યુરોપ અને વિશ્વના અન્ય ભાગોની સરકારોને હચમચાવી દીધી છે.

શબાના મહમૂદ ૪૫ વર્ષીય વકીલ-રાજનેતા છે અને કીર સ્ટાર્મરના મુખ્ય સાથી છે. પાર્ટીની અંદર તેમને એક પ્રભાવશાળી વક્તા અને લેબર પાર્ટીના જમણેરી છાવણીમાં એક મહત્વાકાંક્ષી નેતા તરીકે ઓળખવામાં આવે છે. તેમનો જન્મ બર્મિંગહામમાં ઝુબેદા અને મહમૂદ અહેમદને ત્યાં થયો હતો. તેમના મૂળ પાકિસ્તાન અને પીઓકેના મીરપુર શહેરમાં છે. વર્ષ ૨૦૨૫માં ગૃહ મંત્રાલય સાથે જોડાયા ત્યારથી તેમને યુકેની સરહદ સુરક્ષાનું સંચાલન કરવાનું મહત્વપૂર્ણ કાર્ય સોંપવામાં આવ્યું છે. ૨૦૧૦માં તેણી રુશાનારા અલી અને યાસ્મીન કુરેશી સાથે પ્રથમ મહિલા મુસ્લિમ સાંસદો પૈકીના એક બન્યા હતા.

શબાના મહમૂદ મુખ્ય દાવેદાર હોવા છતાં તેમણે લેબર પાર્ટીના સ્થાપિત નેતાઓ તરફથી સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે. યુકેમાં વિશ્લેષકો અને સટ્ટાબાજોના અંદાજ અનુસાર ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન એન્જેલા રેનર હાલમાં સૌથી લોકપ્રિય છે. ત્યારબાદ આરોગ્ય સચિવ વેસ સ્ટ્રીટિંગ, ઊર્જા પ્રધાન અને ભૂતપૂર્વ લેબર નેતા એડ મિલિબેન્ડ અને ગ્રેટર મૅન્ચેસ્ટરના મેયર એન્ડી બર્નહામના નામો વડા પ્રધાન પદની આ રેસમાં સામેલ છે.

પહેલા પાનાનું ચાલુ

લોકસભા

માલવાની રાણી અહલ્યાબાઈ હોલકરના અપમાનની વાત પર ભાર મૂકે છે.

વિરોધ પક્ષના નેતાને બોલવા ન દેવા અને ભાજપના સંસદસભ્ય નિશિકાંત દુબેએ કૉંગ્રેસના આઠ મહિલા સંસદસભ્યો પર સાબિત ન થાય એવા આક્ષેપો કર્યા હોવા છતાં તેમની સામે સ્પીકરે પગલાં ન લેતા અને વિરોધ પક્ષના આઠ સાંસદોની બરતરફી કરવા બદલ સ્પીકરને કાઢી મૂકવાનો ઠરાવ રજૂ કરવામાં આવશે. સ્પીકર સામે ક્યારે નોટિસ આપવી એનો નિર્ણય મંગળવારે લેવામાં આવશે.

સંસદમાં બજેટ સત્રમાં પક્ષ અને વિપક્ષ આમનેસામને આવી ગયાં છે. વિપક્ષ દ્વારા વરંવાર સત્તાપક્ષ પર આક્ષેપો કર્યાં છે, તો સામે સત્તાપક્ષ દ્વારા તેના જવાબો પણ સોશ્યલ મીડિયાના માધ્યમથી આપવામાં આવ્યાં છે.આ વિવાદ હજી પણ પૂરો થયો નથી. ફરી એકવાર રાહુલ ગાંધીએ લોકસભામાં ગંભીર આરોપ લગાવ્યાં છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, ગૃહમાં બોલવાની પરવાનગી આપવામાં આવતી નથી. સંસદમાં વિપક્ષ દ્વારા નારાબાજી પણ કરવામાં આવી હતી. વિપક્ષના સાંસદોએ 'રાહુલ ગાંધીને બોલવાનો મોકો આપો'ના નારા પણ લગાવ્યાં હતાં.

વધારે વિગતે વાત કરવામાં આવે તો, ગૃહમાં આ વિવાદના કારણે ગૃહની કાર્યવાહીને વારંવાર સ્થગિત કરવાની ફરજ પડી હતી. બાદમાં હોબાળો વધી ગયો હોવાના કારણે સદનની કાર્યવાહીને આવતીકાલ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. રાહુલ ગાંધીનો આક્ષેપ એવો છે કે, તેમને સંસદમાં બોલવાનો મોકો આપવામાં આવતો નથી. રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે, ગૃહની કાર્યવાહીના એક કલાક પહેલા તેમણે સ્પીકર સાથે મુલાકાત કરી હતી.તેમણે મને બોલવાનો મોકો આપવાનું વચન આપ્યું હતું.(એજન્સી)

પીએમ ચર્ચાથી

રહ્યા. પત્રમાં કોંગ્રેસના મહિલા સાંસદોએ જણાવ્યું કે તેમની સામે આરોપો એટલા માટે લગાવવામાં આવી રહ્યા છે કેમ કે તેઓ સતત મોદી સરકાર સામે લડી રહી છે. વડાપ્રધાનને તેમનાથી કોઈ જોખમ નથી, વડાપ્રધાનને ચર્ચા કરવાથી ડર લાગી રહ્યો છે. કોંગ્રેસના મહિલા સાંસદોએ પત્રમાં લખ્યું છે કે, અમે પ્રેમ, શાંતિ, બંધારણીય મૂલ્યો અને માનવીય ગૌરવમાં માનવા વાળી પાર્ટી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના સાંસદ છીએ. અમે હિંસા અને ધાકધમકી આપવામાં માનતા નથી. અમે લોકશાહી રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ જેમને તમને ડરાવી અને ચૂપ ન કરવી શકો. અમારું માનવું છે, પારદર્શકતાથી સ્પીકરના કાર્યાલયની ગરિમા અને આ ગૃહની વિશ્વસનીયતા ફરી સ્થાપિત કરી શકાય છે. દેશના લોકશાહી માળખાને નુકસાન પહોંચાડ્યું.''

પૅન આપ્યા વિના

૫૦,૦૦૦ રૂપિયાથી વધારે રકમ બૅન્કીંગ કંપની કે કોઓપરેટીવ બૅન્કમાં જમા કરાવીએ તો પૅન આપવો ફરજિયાત છે. મોટર વાહનો (મોટર સાઈકલ સહિત)ની ખરીદીમાં ખરીદદારે કિંમત પાંચ લાખથી વધારે હોય તો જ પૅન દેખાડવું પડશે. હાલના આવકવેરાના નિયમો-૧૯૬૨ પ્રમાણે કોઈ પણ કિંમત હોય પરંતુ મોટર કાર ખરીદીએ તો પાન નંબર આપવો પડે છે, જ્યારે ટુ-વ્હીલર્સની ખરીદીમાં પાન નંબર આપવો પડતો નથી.

ગૂડ ન્યૂઝ?

અને અમીરાતે પાકિસ્તાનને ભારત સામે રમવાનો સોમવારે અનુરોધ કર્યો હતો.અહેવાલ મુજબ પીસીબીએ ભારત સામે મેચ રમવા તૈયાર છે અને તેણે આઈસીસી સમક્ષ ત્રણ શરતો મૂકી છે (૧) બાંગ્લાદેશને મળતા વળતરમાં વધારો કરવામાં આવે, (૨) ટી૨૦ વર્લ્ડ કપમાંથી બહાર રહેવા છતાં બાંગ્લાદેશને ભાગીદારી ફી આપવામાં આવે અને (૩) બાંગ્લાદેશને ભવિષ્યમાં આઈસીસી ઇવેન્ટ માટે હોસ્ટ કરવા માટેનાં અધિકારો આપવામાં આવે.પાકિસ્તાને આઈસીસી સમક્ષ અનેક માગણીઓ રજૂ કરી હતી, પરંતુ આઈસીસીએ આમાંથી ત્રણ મુખ્ય માગણીઓને નકારી કાઢી હતી. આ માગણીઓમાં ભારત સાથે દ્વિપક્ષીય શ્રેણી ફરી શરૂ કરવાનો અને ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે ત્રિકોણીય શ્રેણી યોજવાનો પ્રસ્તાવ સામેલ હતો. તે સિવાય પાકિસ્તાને આઈસીસી તરફથી મળતા વાર્ષિક ફંડમાં પણ વધારો કરવાની માગ કરી હતી. સાથે ભારતીય ખેલાડીઓ પાકિસ્તાન સામેની મેચમાં હાથ મિલાવે તેવી પણ શરત રજૂ કરી હતી.

ડિજિટલ ફ્રોડ

નિર્ણયોને ધ્યાનમાં લઈને આવા ગુનાઓને અસરકારક રીતે હાથ ધરવા મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) ઘડવા કહ્યું હતું. બેન્ચે નોંધ લીધી હતી કે આરબીઆઈએ સાયબર ફ્રોડને અટકાવવા ડેબિટ કાર્ડને હંગામી રીતે હોલ્ડ પર રાખવાના બૅન્કોએ લેવાના પગલાંની એસઓપી ઘડી છે. સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને ડિજિટલ અરેસ્ટ કેસને શોધવાનો આદેશ આપ્યો હતો. અદાલતે શોધી કઢાયેલા ડિજિટલ અરેસ્ટ કેસમાં સીબીઆઈને તપાસ કરવાની મંજૂરી આપવાનું ગુજરાત અને દિલ્હી સરકારને જણાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે ડિજિટલ એરેસ્ટનો ભોગ બનેલાને વળતર આપવાનું માળખું તૈયાર કરવા આરબીઆઈ, ડોટ અને બીજાને જણાવ્યું હતું. (એજન્સી)

જનરલ નરવણેના

વેબસાઈટ પર ઉપલબ્ધ છે અને ઓનલાઈન માર્કેટિંગ પ્લેટફોર્મમાં તેનું કવર દેખાય છે જાણે કે એ વેચાણ માટે ઉપલબ્ધ છે. આની તપાસ કરવા સ્પેશ્યલ સેલે કેસ નોંધાવ્યો છે અને તપાસ શરૂ કરી છે. એ હજી સ્પષ્ટ નથી કે આમાં કઈ કલમ લગાડવામાં આવશે. રાહુલ ગાંધીએ સંસદના પ્રાંગણમાં એની ભૌતિક કોપી બતાડી હતી. રાહુલનુંકહેવું છે કે મોદી સરકારે ચીન સાથેના સરહદ વિવાદને બરાબર હાથ ધર્યો નહોતો.

'સર'

આંકડા દર્શાવે છે કે ૧૮,૬૦૫ અરજી સબમિટ કરવામાં આવી હતી, જે સામાન્ય માસિક સરેરાશ ૨૦૦થી ઓછી વિનંતી કરતાં ઘણી વધારે છે, એમ સંસ્થાના સૂત્રોએ જણાવ્યું હતું. અધિકારીઓ અને તૃણમૂલ કોંગ્રેસના કાઉન્સિલરોએ જણાવ્યું હતું કે સુધારણા પ્રક્રિયા શરૂ થઈ ત્યારથી નિવાસી પ્રમાણપત્રોની માંગ તીવ્ર રીતે વધી છે, કારણ કે આ દસ્તાવેજ એવા મતદારો માટે રહેઠાણના મુખ્ય પુરાવા તરીકે ઉભરી આવ્યો છે જેમના નામ ચકાસણી કવાયત દરમિયાન ચિહ્નિત કરવામાં આવ્યા હતા અથવા છોડી દેવામાં આવ્યા હતા.

કુલદીપ સેંગરની

સુનાવણી દરમિયાન સીજેઆઇએ પીડિતાના વકીલ દ્વારા કેસ વિશે મીડિયા સમક્ષ નિવેદનો આપવા પર નારાજગી વ્યક્ત કરી હતી. ન્યાયાધીશ કાંતે કહ્યું કે અમે આઇવરી ટાવરમાં બેઠા નથી. અમે જાણીએ છીએ કે બહાર મીડિયા ટ્રાયલ ચાલી રહી છે. તેમજ તેમણે કહ્યું કે તેઓ કોર્ટની બહાર કોઇપણ 'સમાંતર ખટલો' સહન નહીં કરે. ખંડપીઠને જણાવાયું કે સેંગરની અપીલ ૧૧ ફેબ્રુઆરીના રોજ હાઇ કોર્ટમાં સુનાવણી માટે આવી રહી છે.

ટેક્નોલોજીના

મૂલ્યવર્ધન માટે થવો જોઈએ, શીખવાના વિકલ્પ તરીકે નહીં. નોકરીઓનું સ્વરૂપ હંમેશા બદલાતું રહેશે, જેમ વાહનવ્યવહાર બળદગાડાથી વિમાનમાં બદલાયુ છે, પરંતુ જીવન ચાલુ રહે છે, એમ મોદીએ કહ્યું અને ટેક્નોલોજીને સમજવાથી, પોતાની ક્ષમતાઓનો વિસ્તાર કરવાથી અને તેની શક્તિઓને કાર્યમાં એકીકૃત કરવાથી ભય વિના પ્રગતિ સુનિશ્ચિત થાય છે તે વાત પર ભાર મૂક્યો.

બંગાળની

કવાયતમાં કોઈ અડચણ ઊભી નહીં થવા દઈએ. અમુક તોફાનીઓ નોટિસને બાળી નાખે છે એવા ચૂંટણી પંચના સોગંદનામાની બેન્ચે નોંધ લીધી હતી. તેમણે પશ્ચિમ બંગાળના ડિરેક્ટર જનરલ ઑફ પોલીસને સોગંદનામું નોંધાવવા કહ્યું હતું.ચૂંટણી પંચે કહ્યું હતું કે અત્યાર સુધી કોઈ એફઆઈઆર નોંધાવામાં આવ્યો નથી. કેન્દ્ર વતી રજૂઆત કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે એવો સંદેશો જવો જ જોઈએ કે ભારતનું બંધારણ બધાં રાજ્યોમાં લાગુ પડે છે. સર્વોચ્ચ અદાલતે પશ્ચિમ બંગાળે ગ્રૂપ બીના ૮,૫૦૫ અધિકારીઓની યાદી ચૂંટણી પંચને આપી તેની નોંધ લીધી હતી. (એજન્સી)

‘હું નથુરામ’ નાટકનો શો અમદાવાદમાં રદ, કૉંગ્રેસની ચીમકી સામે આયોજકો ઝુક્યા

અમદાવાદઃ ‘હું નથુરામ’ નાટક રાજકોટ અને જામનગર બાદ અમદાવાદમાં પણ નાટકનો શો રદ કરવાની આયોજકોને ફરજ પડી હતી. ગજ્બઈ અને યુથ કૉંગ્રેસના કાર્યકરોએ શહેરના વિવિધ વિસ્તારોમાં ગોડસે વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. અમદાવાદમાં ગજ્બઈ ના કાર્યકરોએ જાહેર દીવાલો પર ગોડસે મુર્દાબાદ, ગાંધીજી અમર રહો અને ગાંધીની ભૂમિ પર ગોડસેનું નાટક નહીં ચલાવી લેવાય જેવા સૂત્રો લખી પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. કૉંગ્રેસના નેતાઓએ ચીમકી ઉચ્ચારી હતી કે, જો આ નાટક ભજવવામાં આવશે તો તેના ગંભીર પરિણામો આવશે. આ ઉગ્ર વિરોધને જોતા આયોજકોએ ૯ ફેબ્રુઆરી સોમવારના રોજ અમદાવાદમાં યોજાનાર શો રદ કરવાની ફરજ પડી હતી. સોમવારે રાત્રે સિંધુભવન રોડ પર આવેલા ઓડિટોરિયમમાં આ નાટકનો શો યોજાવાનો હતો પરંતુ કૉંગ્રેસ દ્વારા કરવામાં આવેલા ઉગ્ર વિરોધ પ્રદર્શનોને પગલે અંતે આ શો રદ કરવાની જાહેરાત કરી હતી. કેટલાક દિવસોથી આ નાટક સામે રાજ્યભરમાં આક્રોશ જોવા મળી રહ્યો છે, જેના કારણે અગાઉ રાજકોટ અને જામનગરમાં પણ નાટકના પ્રયોગો અટકાવી દેવામાં આવ્યા હતા. અમદાવાદમાં પણ વિરોધનો વંટોળ ઉઠતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને શો રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગુજરાતમાં આકરી ગરમીની આગાહીઃ તાપમાન ૩૪ ડિગ્રી સુધી પહોંચશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધીરે ધીરે ઠંડીની વિદાય અને ઉનાળાની કાળઝાળ ગરમીનું આગમન શરૂ થયું છે. હવામાન વિભાગે પણ આકરી ગરમીની આગાહી કરી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટરે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આગામી સાત દિવસ લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા વાદળછાયું વાતાવરણ રહેવાની પણ આગાહી કરવામાં આવી હતી. બપોરના સમયે રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન ૩૨ થી ૩૪ ડિગ્રી સેલ્સિયન્સ સુધી પહોંચવાની શક્યતા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પવનની ગતિ ઉત્તર પશ્ચિમના પવન ફૂંકાતા સવારે ઠંડીનો અહેસાસ થઈ શકે છે. આગામી સાત દિવસ એટલે ૧૫મી ફેબ્રુઆરી સુધી લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની આગાહી નથી. હવામાન નિષ્ણાતે જણાવ્યું હતું કે, હવે પછીનો સમય મિક્સ ઋતુનો જોવા મળશે. જેથી વહેલી સવારે અને રાતે લઘુતમ તાપમાનમાં વધારો નોંધાઈ શકે છે.

જ્યારે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં વધારો થશે. એટલે કે, દિવસના મહત્તમ અને લઘુતમ તાપમાનમાં મોટો ફેરફાર થઈ શકે છે. આ સાથે તેમણે ચેતવણી આપતા કહ્યું કે, આ વર્ષનો ઉનાળો આકરો જોવા મળી શકે છે. ઉનાળામાં તાપમાન વધારે જોવા મળશે.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ગુજરાતમાં સૌથી નીચું લઘુતમ તાપમાન નલિયામાં ૧૧.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે અફઘાનિસ્તાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. જેમાં મધ્ય અને ઉપલા ઉષ્ણકટિબંધીય પશ્ચિમી રેખાઓ ઉપર એક ટ્રફ હોય છે અને તેની ધરી સરેરાશ સમુદ્ર સપાટીથી ૫.૮ કિમી ઉપર લગભગ ૬૪ઓ પૂર્વે અક્ષાંશ ૨૧ ઉત્તર તરફ છે. સાયક્લોનિક સર્ક્યુલેશન દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન અને સંલગ્ન દક્ષિણ પાકિસ્તાન પર છે.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ગુજરાતમાં સૌથી નીચું લઘુતમ તાપમાન નલિયામાં ૧૧.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે અફઘાનિસ્તાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. જેમાં મધ્ય અને ઉપલા ઉષ્ણકટિબંધીય પશ્ચિમી રેખાઓ ઉપર એક ટ્રફ હોય છે અને તેની ધરી સરેરાશ સમુદ્ર સપાટીથી ૫.૮ કિમી ઉપર લગભગ ૬૪ઓ પૂર્વે અક્ષાંશ ૨૧ ઉત્તર તરફ છે. સાયક્લોનિક સર્ક્યુલેશન દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન અને સંલગ્ન દક્ષિણ પાકિસ્તાન પર છે.

અમદાવાદ શહેરના છ ઓવર બ્રિજનું ૬૩ કરોડના ખર્ચે સમારકામ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સુભાષબ્રિજ અને ગંભીરા બ્રિજની ઘટના બાદ હવે શહેરમાં આવેલા અન્ય છ બ્રિજના સમારકામ કરાશે. અમદાવાદ મનપાની રોડ કમિટી દ્વારા ગિરધરનગર રેલવે ઓવરબ્રિજ, ચામુંડા રેલવે ઓવરબ્રિજ, કેડિલા રેલવે બ્રિજ, નાથાલાલ ઝગડા રેલવે ઓવરબ્રિજ અને ચાંદલોડિયા રેલવે ઓવરબ્રિજ અને ચીમનભાઈ પટેલ રેલવે ઓવર બ્રિજ રિપેરિંગ કામ માટે ટેન્ડર મંજૂર કરાયું છે. ૬૩ કરોડના ખર્ચે છ બ્રિજ પર પેડસ્ટલના ટોપ અને ગર્ડરના બોટમમાં ગેપ ખૂબ જ ઓછી હોઈ અને બેરિંગ ડિસ્ટ્રેસ થયેલી હોઈ જેને બદલી નાખવાના કામ કરાશે. ગંભીરા બ્રિજ દુર્ઘટનાના પગલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) દ્વારા શહેરમાં આવેલા કુલ ૭૮ જેટલા બ્રિજનું સર્વે કરવામાં આવ્યું હતું. સર્વે બાદ મનપાએ શહેરના છ મહત્ત્વના અને જૂના ઓવરબ્રિજમાં વ્યાપક રિપેરિંગ કરવાની મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મનપા દ્વારા લેવામાં આવેલા નિર્ણય અનુસાર વર્ષ ૧૯૮૫માં બનેલો ગિરધરનગર રેલવે ઓવરબ્રિજ, વર્ષ ૧૯૯૦નો ચામુંડા ઓવરબ્રિજ, વર્ષ ૧૯૯૬નો કેડીલા ઓવરબ્રિજ, વર્ષ ૧૯૯૮નો નાથાલાલ ઝગડા ઓવરબ્રિજ, વર્ષ ૨૦૦૦નો ચાંદલોડિયા રેલવે ઓવરબ્રિજ તેમજ વર્ષ ૧૯૯૪માં બનેલો ચીમનભાઈ પટેલ ઓવરબ્રિજ રિપેર કરવામાં આવશે.

બ્રિજના સમારકામ દરમિયાન અલગ અલગ બ્રિજના બેરિંગ બદલવાની કામગીરી કરવામાં આવશે. તમામ છ બ્રિજમાં કુલ ૧૭૭૬ બેરિંગ બદલવામાં આવશે, જેમાં ૧૫ વર્ષની ગેરંટી ધરાવતા નવા બેરિંગ લગાવવામાં આવશે. મનપા દ્વારા બ્રિજના સમારકામ દરમિયાન વાહનવ્યવહાર ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની સાથે સાથે બ્રિજની નીચે આવેલી દુકાનો દૂર કરીને રિપેરિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. આ તમામ છ બ્રિજના સમારકામ માટે અમદાવાદ મનપા દ્વારા અંદાજે ૬૩ કરોડ રૂપિયાનું ટેન્ડર બહાર પાડવામાં આવશે. શહેરના જૂના અને મહત્ત્વના બ્રિજની સુરક્ષા વધારવા દિશામાં મનપાનું આ પગલું મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. મનપા ડેપ્યુટી સિટી ઇજનેર જીગ્નેશ શાહે જણાવ્યું હતું કે, બ્રિજોમાં ડિઝાઇન કન્સલ્ટન્ટ દ્વારા સૂચવેલ ડિઝાઇન લોડ મુજબની નવી ઇલાસ્ટોમેરીક બેરિંગ હયાત સ્પાન લિફ્ટ કરી ઇન્સ્ટોલ કરવાની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે. ગિરધરનગર રેલવે ઓવરબ્રિજ (૧૯૮૫) : (૩૯૦ નંગ બેરિંગ) ચામુંડા રેલવે ઓવરબ્રિજ (૧૯૯૦): (૬૫૮ નંગ બેરિંગ) કેડીલા રેલવે ઓવરબ્રિજ (૧૯૯૬): (૧૧૨ નંગ બેરિંગ) નાથાલાલ ઝગડા રેલવે ઓવરબ્રિજ (૧૯૯૮): (૩૧૦ નંગ બેરિંગ)ચાંદલોડિયા રેલવે ઓવરબ્રિજ (૨૦૦૦): (૧૨૦ નંગ બેરિંગ) ચીમનભાઈ પટેલ રેલવે ઓવરબ્રિજ (૧૯૯૪) તથા અન્યઃ (૧૫૬ નંગ બેરિંગ) બ્રિજોમાં બેરિંગ રિપ્લેસમેન્ટ કરાશે.

આ બ્રિજોના ૨૦ મીટર તથા ૩૦ મીટર સુધીના કુલ ૧૫૨ સ્પાન લિફ્ટિંગ કરી કુલ ૧૭૪૬ બેરિંગ રિપ્લેસમેન્ટની કામગીરીનો સમાવેશ કરેલ છે. આ બ્રિજોમાં બેરિંગ રિપ્લેસમેન્ટ માટે સ્પાન લિફ્ટિંગની મેથડોલોજી ડિઝાઇન કન્સલ્ટન્ટ પાસે ચેક કરાવી તે મુજબ કામગીરી કરાવવામાં આવશે. બ્રિજોમાં હાલની પરિસ્થિતિ મુજબ નીચે ગોડાઉનો તથા દુકાનો આવેલ હોઈ જે સુપરસ્ટ્રક્ચર સુધી બનાવેલ હોઈ તેને ઉપરના ભાગેથી કામગીરી કરવા માટે સ્પાનવાઇઝ જગ્યા ખુલ્લા કરી લિફ્ટિંગની કામગીરી કરવામાં આવશે.

અમદાવાદમાં પાલતુ શ્વાનના અંતિમસંસ્કાર માટે પેટ ડોગ ક્રિમેટોરિયમ બન્યું

અમદાવાદઃ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગ દ્વારા ગુજરાતમાં પેટ ડોગ ઓનર્સ માટે સૌપ્રથમવાર કોર્પોરેશન સંચાલિત સીએનજી બેઝ્ડ ક્રિમેટોરિયમ મશીન પેટ ડોગ્સની અંતિમવિધિની સુવિધા માટે કાર્યરત કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં કોર્પોરેશન સંચાલિત શહેરી વિસ્તારમાં પણ આ પ્રથમ પેટ ડોગ ક્રિમેટોરિયમ છે. ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલા એબીસી રૂલ્સ૨૦૨૩ તથા ગએડ્ઝ્છી ૨૦૩૦ મુજબ રખડતા કૂતરાઓના રસીકરણ અને ખસીકરણ, પેટ ડોગ રજિસ્ટ્રેશન, બીમાર કૂતરાઓની તબીબી સારવાર, ડેડીકેટેડ ફીડિંગ સ્પોટ, વેલ્ફેર પ્રવૃત્તિઓ, સારવાર તથા સાર-સંભાળ જેવી વિવિધ કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સતત અમલમાં મુકાઈ રહી છે. આ જ નિયમોના અનુસંધાને મૃત પેટ ડોગ્સના અંતિમ સંસ્કાર વૈજ્ઞાનિક પદ્ધતિથી કરી સદગત જીવાત્માને સન્માનપૂર્વક અંતિમ વિદાય આપવાની ઉત્તમ સુવિધા અમદાવાદ મનપા દ્વારા શરૂ કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં સીએનસીડી એબીસી સેન્ટર, જમાલપુર ચાર રસ્તાથી ખોડિયારનગર ચાર રસ્તા રોડ, સુએઝ પંપિંગ સ્ટેશન કેમ્પસ, બહેરામપુરા ખાતે નોર્થ ઇસ્ટ મશીન કરમસદ એજન્સી દ્વારા રૂ. ૩૦ લાખના ખર્ચે સી.એન.જી. ગેસ સંચાલિત ડોગ ક્રિમેટોરિયમ (એનિમલ ક્રિમેટર) કાર્યરત કરાયું છે. આ ઉપરાંત, શ્વાનના ખસીકરણ ઓપરેશન દરમિયાન નીકળતા ઓર્ગનના નાશ માટે નાનું ઓર્ગન ક્રિમેટર મશીન છેલ્લા બે વર્ષથી સફળતાપૂર્વક કાર્યરત છે. આ ગેસ ફાયર્ડ ડોમેસ્ટિક ડોગ ક્રિમેટર એક સમયે ત્રણ ડોગના અંતિમ સંસ્કાર કરવાની ક્ષમતા ધરાવે છે.

સૌરાષ્ટ્રમાં ખેડૂતો મફતના ભાવે ડુંગળી વેચવા મજબૂર બન્યા, એક કિલોનો ભાવ ૪-૫ રૂપિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં ડુંગળીના પૂરતા ભાવ ન મળતાં ખેડૂતોને મજબૂરીમાં મફતના ભાવે ડુંગળી વેચવાનો વારો આવ્યો છે. ખેડૂતોના દાવા પ્રમાણે તેઓને ડુંગળીનો ભાવ ૬૦થી ૭૦ રૂપિયા પ્રતિ મણ મળી રહ્યો છે. એટલે કે ૪-૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાણ કરવું પડી રહ્યું છે. બીજી તરફ નાસિકની ડુંગળીના ભાવ ૨૫૦થી ૩૦૦ રૂપિયા મળી રહ્યા છે. રાજકોટના જૂના માર્કેટિંગ યાર્ડમાં ડુંગળી ૬૦ રૂપિયાથી લઇને ૨૦૦ રૂપિયા પ્રતિ મણ એટલે કે ૩થી વધુમાં વધુ ૧૪ રૂપિયા કિલોના ભાવે વેચાઇ રહી છે.

ડુંગળીના ભાવ અંગે ખેડૂતે જણાવ્યું હતું કે, ૧૫ રૂપિયા કિલો તો ડુંગળીની પડતર કિંમત છે. તેની સામે ૩-૪ રૂપિયા કિલોના ભાવે ડુંગળી વેચાઈ રહી છે. આ કિંમતે તો મજૂરી પણ નીકળતી નથી. ત્રણ મહિના મહેતન, મજૂરી ખર્ચ, યાર્ડ સુધી ડુંગળી લાવવાનો ખર્ચ જોઇએ તો અમને બહુ મોંઘું પડે છે.

રાજ્યમાં શહેરી સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન માટે ₹ ૨,૭૫૬ કરોડથી વધુના ખર્ચે ૧૮૨૩થી વધુ પ્રોજેક્ટ્સને મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે ‘અર્નિંગ વેલ, લિવિંગ વેલ’ના સંકલ્પ હેઠળ ગુજરાતના શહેરોને શ્રેષ્ઠ સુવિધાયુક્ત બનાવવા તેમજ નાગરિકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત જીવન પ્રદાન કરવાના ઉદ્દેશ સાથે વર્ષ ૨૦૨૫ને ‘શહેરી વિકાસ વર્ષ’ જાહેર કર્યું છે. શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અંતર્ગત રાજ્ય સરકાર ટકાઉ શહેરી આયોજન અને વિકાસનું લક્ષ્ય ધરાવે છે.

ગુજરાત સરકાર શહેરોમાં વર્ષોથી પડેલા કચરાના વૈજ્ઞાનિક નિકાલ દ્વારા પર્યાવરણ સુરક્ષા, જાહેર આરોગ્ય અને શહેરી વિકાસને મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. આ અંતર્ગત રાજ્ય સરકારે માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યના શહેરોમાં ૧૦૦% લેગસી વેસ્ટનો નિકાલ કરવાનો મહત્વકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે. રાજ્યના શહેરી વિસ્તારોમાં કુલ ૩૦૪.૦૯ લાખ મેટ્રિક ટન લેગસી વેસ્ટની ઓળખ કરવામાં આવી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૨૮૧.૮૦૨ લાખ મેટ્રિક ટન કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, શહેરી સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપનને પ્રાથમિકતા આપતા ₹૨,૭૫૬ કરોડથી વધુના ખર્ચે ૧૮૨૩થી વધુ પ્રોજેક્ટ્સ પર કામ કરવામાં આવશે. રાજ્યભરમાં શહેરોના જાહેર સ્થળોએથી ગંદકી અને અસ્વચ્છતા દૂર કરવા માટે ૧,૫૩૩ ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ્સની ઓળખ કરીને તેના નિકાલનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ટકાઉ શહેરી આયોજન અને વિકાસને પ્રોત્સાહન આપતી આ દરેક પહેલ વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ગુજરાતમાં વાર્ષિક ૨૦ લાખ મેટ્રિક ટનથી વધુ કઠોળનું ઉત્પાદન, કુલ કઠોળ ઉત્પાદનમાં ૭૦ ટકાથી વધુ હિસ્સો ચણાનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે કઠોળના પાકોએ છેલ્લા કેટલાક વર્ષોમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. ખાસ કરીને ચણા અને તુવેરના ઉત્પાદનમાં ગુજરાત રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે. કૃષિ પ્રધાન જીતુ વાઘાણીએ આ સંદર્ભે આંકડાકીય વિગતો આપતા જણાવ્યું હતું કે, છેલ્લા ૬ વર્ષ દરમિયાન રાજ્યમાં કઠોળ પાકની ઉત્પાદકતામાં સવા ગણો, વાવેતર વિસ્તારમાં દોઢ ગણો અને ઉત્પાદનમાં બમણો વધારો થયો છે. વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યમાં કઠોળ પાકોનો કુલ વાવેતર વિસ્તાર ૯ લાખ હેક્ટર, ઉત્પાદન ૧૦.૫૮ લાખ મેટ્રિક ટન અને ઉત્પાદકતા ૧,૧૭૩ કિગ્રા પ્રતિ હેક્ટર હતી. જ્યારે, વર્ષ ૨૦૨૪-૨૫માં કઠોળ પાકોનો કુલ વાવેતર વિસ્તાર ૧૪.૩૯ લાખ હેક્ટર, ઉત્પાદન ૨૧.૫૨ લાખ મેટ્રિક ટન અને ઉત્પાદકતા ૧,૪૯૫ કિગ્રા પ્રતિ હેક્ટર નોંધાઈ છે.

ગુજરાતમાં ચણા એ સૌથી મહત્ત્વનો કઠોળ પાક છે, જે રાજ્યના કુલ કઠોળ ઉત્પાદનમાં ૭૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યમાં ચણાનું કુલ ઉત્પાદન ૬.૩૬ લાખ મેટ્રિક ટન હતું, જેની સામે અઢી ગણા વધારા સાથે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૫.૬૩ લાખ મેટ્રિક ટન ઉત્પાદન નોંધાયું હતું. સરકાર દ્વારા કઠોળના ટેકાના ભાવમાં ૧૧ થી ૩૧ ટકા જેટલો વધારો કરવામાં આવતા ખેડૂતો કઠોળની ખેતી તરફ વળ્યા છે.

તેવી જ રીતે, તુવેરના ઉત્પાદનમાં પણ ગુજરાત દેશના મોખરાના રાજ્યોમાં સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યમાં તુવેરનું કુલ ઉત્પાદન ૨.૧૦ લાખ મેટ્રિક ટન હતું, જેની સામે ૪૫ ટકાની વૃદ્ધિ સાથે વર્ષ ૨૦૨૪-૨૫માં ૩.૦૮ લાખ મેટ્રિક ટન ઉત્પાદન નોંધાયું હતું.

આ ઉપરાંત અડદ, મગ અને મઠ જેવા અન્ય કઠોળ પાકોનું પણ હવે ગુજરાતમાં પુષ્કળ વાવેતર થઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં અડદનું ૧.૧૪ લાખ હેક્ટરમાં વાવેતર અને આશરે ૯૦,૦૦૦ મેટ્રિક ટન ઉત્પાદન નોંધાયું હતું. તેવી જ રીતે, મગનું ૧.૩૮ લાખ હેક્ટરમાં વાવેતર અને આશરે ૧.૨૬ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થયું હતું.

ગુજરાત પોલીસના આધુનિકીકરણ માટે અમદાવાદમાં ૨૦૨ કરોડના વિકાસકાર્યોનું ઈ-ખાતમુહૂર્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાના સંકલ્પ સાથે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદમાં વિવિધ પોલીસ પ્રકલ્પોના ઈ-ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અંદાજે ૨૦૨.૮૫ કરોડ રૂપિયાના ખર્ચે સાકાર થનારા વિવિધ મહત્ત્વના પ્રકલ્પોનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના છારોડી ખાતે ૪૭.૯૮ કરોડના ખર્ચે નિર્માણ પામનાર અત્યાધુનિક એટીએસ બિલ્ડિંગ, બોડકદેવ ખાતે ૩૩.૪૯ કરોડના ખર્ચે બનનાર અર્બન પોલીસ સ્ટેશન, અમરાઈવાડી પોલીસ લાઈન ખાતે ૭૪.૬૨ કરોડના ખર્ચે પોલીસ આવાસ અને પીએસઆઈ ક્વાર્ટર્સ, કાગડાપીઠ ખાતે ૩૯.૬૮ કરોડના ખર્ચે પોલીસ આવાસ તેમ જ સૈજપુર બોઘા ખાતે ૫.૭૪ કરોડના ખર્ચે ડોગ કેનાલ તથા ટ્રેનિંગ ઑફિસ અને ૧.૩૪ કરોડના ખર્ચે એસઆરપી ગ્રૂપ-૨ના બંગલાના કામોનો સમાવેશ થાય છે. આ તમામ પ્રકલ્પો સુવિધા સભર હશે જે પોલીસ પરિવારના જીવનધોરણમાં સુધારો લાવશે અને તેમની કાર્યક્ષમતામાં વધારો કરશે.

હર્ષ સંઘવીએ એટીએસ અને અમદાવાદ શહેર પોલીસના વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત પ્રસંગે સંબોધન કરતા જણાવ્યું હતું કે, આજે અમદાવાદ પોલીસ અને એટીએસ માટે સોનેરી દિવસ છે, કારણ કે એક જ દિવસમાં ૨૦૨.૮૫ કરોડ રૂપિયાના ખર્ચે સુરક્ષા અને આવાસના પ્રકલ્પો સાકાર થવા જઈ રહ્યા છે. ગુજરાત એટીએસ આજે સાડા છ કરોડ ગુજરાતીઓના અતૂટ વિશ્વાસનું કેન્દ્ર છે. એટીએસ માત્ર આતંકી હુમલા સમયે જાગતી ફોર્સ નથી, પરંતુ ૩૬૫ દિવસ ૨૪ કલાક રાજ્યનો પ્રત્યેક નાગરિક સુરક્ષિત રહે અને દુશ્મનો આંખ પણ ન ઉઠાવી શકે તે માટે નિરંતર કામ કરતી એક ’સાયલન્ટ ફોર્સ’ છે.

તેમણે એટીએસની કામગીરીના વિવિધ પાસાઓ પર ભાર મૂકતા જણાવ્યું કે, આપણી એટીએસ ટીમે આતંકવાદ વિરુદ્ધની લડાઈમાં દેશમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. માત્ર ગુજરાત જ નહીં, પણ અન્ય રાજ્યોમાં થયેલા હુમલાઓના આરોપીઓને પકડવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ઓનલાઇન માધ્યમોથી યુવાનોને કટ્ટરપંથી બનાવતા ‘ટેરર મોડ્યુલ્સ’નો પર્દાફાશ કરવામાં એટીએસને મળેલી સફળતા રાજ્યના ભવિષ્યને સુરક્ષિત રાખવા માટે અનિવાર્ય છે.

શિવરાત્રિ દરમિયાન ૬૩.૮૬ લાખનો દારૂનો જથ્થો જૂનાગઢ પહોંચે તે પહેલા પીસીબીએ પકડી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની ફરતે એસપી રિંગ રોડ ખાતે નારોલની પોલીસ સ્ટેશનની હદમાંથી પ્રિવેન્શન ઑફ ક્રાઈમ (પીસીબી)ની ટીમે રૂ. ૬૩.૮૬ લાખનો દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. મહાશિવરાત્રીના પર્વ પહેલા આ દારૂ જૂનાગઢમાં ઘુસાડવાની તૈયારી હોવાનું સૂત્રો દ્વાર જાણવા મળ્યું હતું. હેલ્મેટની આડમાં આ જથ્થો અમદાવાદમાં ઘુસાડવામાં આવી રહ્યો હતો. જોકે નારોલ પોલીસને બાજુએ મૂકી બીજીવાર પીસીબીની ટીમે આ જથ્થો પકડતા પોલીસની કામગીરી પર સવાલ ઊઠ્યા હતા.

પીસીબી ટીમને ખબર મળી હતી કે હિમાચલ પાસિંગની ટ્રક હાથીજણ સર્કલ તરફથી અસલાલી તરફ આવી રહી છે, જેમાં વિદેશી દારૂ છે. આ ખબરના આધારે ટીમે ટ્રકને રોકી હતી. ડ્રાઈવરે ટ્રકમા હેલ્મેટ હોવાનું જણાવ્યું હતું. જોકે ટીમે ચેક કરતા દારૂનો જથ્થો નીકળ્યો હતો. પોલીસે ટ્રકમાંથી રૂ. ૬૩,૮૬,૬૦૮ રૂપિયાની કિંમતની ૧૦,૭૪૯ બોટલ, રૂ. પાંચ લાખની કિંમતના હેલ્મેટ, તેમ જ રૂ. ૧૫ લાખ સહિતની ટ્રક સહિત રૂપિયા ૮૪.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પૂછપરછ દરમિયાન બહાર આવ્યું હતું કે દારૂનો જથ્થો ચંડીગઢથી આવ્યો હતો અને તેને જૂનાગઢ પહોંચાડવાનો હતો, પરંતુ પીસીબીની સતર્કતાએ તેમના મનસૂબા પર પાણી ફેરવી દીધું હતું. હવે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બાળ તસ્કરી કરનારા બર્થ સર્ટિફિકેટ પણ આપતા, પોલીસ સંડોવાયેલા નર્સિંગ હોમ્સની શોધમાં

અમદાવાદઃ અમદાવાદથી ઝડપાયેલા બાળ તસ્કરીના રેકેટમાં રોજ નવા ખુલાસા થાય છે. બાળ તસ્કરો આ રેકેટ સુનિયોજિત ચલાવતા હોવાની વિગતો ખૂલી રહી છે. આ ગુનામાં નર્સિંગ હોમ્સ પણ સંડોવાયેલા હોવાની શક્યતા છે. અમદાવાદમાં હિંમતનગરના એક બાળક સાથે ગેંગ ઝડપાયા બાદ પોલીસ તેના તાર ક્યાં ક્યાં જોડાયેલા છે તેની તપાસ કરી રહી છે. તપાસમાં એ પણ બહાર આવ્યું હતું કે આ ગેંગ નિઃસંતાન શ્રીમંત દંપતીનો સંપર્ક કરતી હતી. તેમની પાસેથી નોન રિફન્ડેબલ એડવાન્સ પણ લેતી હતી. બીજી બાજુ ગામડાઓના ગરીબ માતા-પિતા પાસેથી દોઢ-બે લાખમાં સંતાન ખરીદતી હતી. ત્યારબાદ વૉટ્સ ઍપ ગ્રૂપમા આ સંતાનોના ફોટા અને વિગતો મૂકવામાં આવતા હતા. ખરીદનાર દંપતી મળે એટલે તેમની સાથે વાતચીત કર્યા બાદ તેમને અમુક મહિના માટે અન્ય શહેરમાં રહેવાનું કહેવામાં આવતું હતું. બાળક જ્યારે આપવામાં આવતું ત્યારે તેની સાથે બર્થ સર્ટિફિકેટ પણ આપવામાં આવતું હતું. આ સર્ટિફિટેકમાં નર્સિંગ હોમમાં બાળક જન્મ્યું હોવાનો ઉલ્લેખ થતો હતો. આથી માતા-પિતા આગળ અન્ય કોઈ કાનૂની દાવપેચમાં ફસાઈ નહીં. હવે પોલીસ આ સંડોવાયેલા નર્સિંગ હોમની શોધ કરી રહી છે. આ સાથે પોલીસે અગાઉ ત્રણની ધરપકડ કરી હતી. હવે યુનુસ સિંધી અને ગોવિંદ નામના એજન્ટોના નામ પણ બહાર આવ્યા છે. પોલીસ આ રેકેટ સાથે અન્ય રાજ્યોના એજન્ટોના કનેક્શન અંગે પણ શોધ ચલાવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાતમાં પાંચ વર્ષમાં એઈડ્સથી ૩૬00નાં મોત, ૧.0૪ લાખ દર્દી નોંધાયા

અમદાવાદઃ ગુજરાતમાં એચઆઇવી એઇડ્સના દર્દીઓની સંખ્યા વધીને ૧.૦૪ લાખ થઇ ગઇ છે. એઇડ્સના સૌથી વધુ દર્દીઓની સંખ્યા ધરાવતા રાજ્યમાં ગુજરાત સાતમા સ્થાને પહોંચી ગયું છે. છેલ્લાં પાંચ વર્ષમાં એઇડ્સથી ગુજરાતમાં ૩૬૦૦ થી વધુ વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતમાં વર્ષ ૨૦૨૦-૨૧ માં એઇડ્સના દર્દીની સંખ્યા ૯૦,૫૪૧ હતી. ત્યાર પછી પછી એઇડ્સના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતો ગયો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૦માં ૧૮૯૩, વર્ષ ૨૦૨૧માં ૨૫૦૭, વર્ષ ૨૦૨૨માં ૨૪૦૮, વર્ષ ૨૦૨૩માં ૨૬૭૧, વર્ષ ૨૦૨૪માં ૨૩૬૨ નવા દર્દી નોંધાયા હતા. તો વર્ષ ૨૦૨૦માં ૫૦૯, વર્ષ ૨૦૨૧માં ૮૧૦, વર્ષ ૨૦૨૨માં ૮૫૭, વર્ષ ૨૦૨૩માં ૮૦૦ અને વર્ષ ૨૦૨૪માં ૬૯૭ લોકોના એઇડ્સથી મૃત્યુ થયાં હતાં. આમ, એઇડ્સથી પાંચ વર્ષમાં ૩,૬૭૩ના મોત થયાં છે. સમગ્ર દેશમાં એઇડ્સથી એક વર્ષમાં ૩૨,૧૬૨ વ્યક્તિના મોત થયા છે. ગુજરાત સ્ટેટ એઇડ્સ કન્ટ્રોલ સોસાયટીએ આપેલી માહિતી પ્રમાણે, ભારતમાં એઇડ્સનો પ્રિવેલન્સ રેટ ૦.૨૦ ટકા, ગુજરાતમાં ૦.૧૮ ટકા છે.

સુરત એરપોર્ટ પર બૅંગકોકથી આવતી ફ્લાઇટમાંથી આઠ કિલો ગાંજો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંયુક્ત કાર્યવાહીમાં, કસ્ટમ્સ અને ડિરેક્ટોરેટ ઑફ રેવન્યૂ ઇન્ટેલિજન્સએ સુરત એરપોર્ટ પર બૅંગકોકથી આવતી ફ્લાઇટ્સમાંથી લગભગ રૂ.૮-૯ કરોડનો ગાંજો જપ્ત કર્યો હતો. આ ગાંજો તેમણે સિટની પાછળ અને નીચે સંતાડયો હતો. આ ગાંજો દિલ્હી પહોંચાડવાનો હતો, જ્યારે મુસાફરો ઊતર્યા પછી વિમાનમાં વિખાયેલી સીટ ફિટિંગ અને છુપાયેલા બેગ જોયા ત્યારે ક્રૂ સભ્યોને શંકા ગઈ હતી.

આ અઠવાડિયે ચેકિંગ દરમિયાન અધિકારીઓએ કુલ આઠ કિલો ગાંજો બે અલગ અલગ ફ્લાઈટ્સમાંથી જપ્ત કર્યો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે દિલ્હી પ્લેન પહોંચ્યા બાદ અજાણ્યા હેન્ડલર દ્વારા ડ્રગ્સ દિલ્હીમાં એકઠું કરવાનો ઈરાદો હતો. અધિકારીઓએ એનડીપીએસ ઍક્ટ હેઠળ કેસ નોંધવાના સંદર્ભમાં ચાર આરોપીઓ, પ્રવિણ કરમવીર, પ્રદીપ ભાન, વિક્રમ બુકલ અને અંશુલ ગુપ્તાની ધરપકડ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ડ્રગ્સ છુપાવવાની ટેક્નિક બેસ સિરિઝમાંથી શિખી હોવાનું જાણવા મળ્યું છે.

હવે સુરત ફૂડ ડિપાર્ટમેન્ટ આખું વર્ષ ત્રાટકશે ફૂડ સ્ટોલ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સામાન્ય રીતે તહેવારો સમયે આરોગ્ય વિભાગ અને ફૂડ ઍન્ડ ડ્રગ્સ વિભાગ ખાણીપીણીના વિતરકો પર ત્રાટકતા હોય છે. નમૂના લેતા હોય છે અને જો કોઈ ખામી દેખાય તો પગલાં લેવામાં આવે છે, પરંતુ આજકાલ બહારના તૈયાર ખાદ્યપાદર્થો ખાવાનું ચલણ ખૂબ વધી ગયું છે ત્યારે સુરત ફૂડ ડિપાર્ટમેન્ટે ૩૬૫ દિવસ ચેકિંગ કરવાનો નિર્ણય લીધો છે. આમ કરવાથી સતત મોનિટરિંગ થશે. આ સાથે ડેઈલી રિપોર્ટ પણ બનાવવામાં આવશે. આ સાથે સુરત મનપા કમિશનરને આ રોજની કાર્યવાહીનો અહેવાલ દર મહિને આપવાનો રહેશે. લોકો નાસ્તા, મીઠાઈ સહિતની તમામ ખાદ્યસામગ્રી બારેમાસ બહારથી ખરીદે છે. માત્ર જન્માષ્ટમી, દિવાળી, હોળી જેવા તહેવારો દરમિયાન જ ફૂડ ડિપાર્ટમેન્ટ સેમ્પલ લે છે. તેના અહેવાલો આવે તે પહેલા તો તહેવારો પૂરા થઈ ગયા હોય છે અને લાખો લોકો તેને આરોગી ચૂક્યા હોય છે. આથી હવે શહેરમાં આવેલી ડેરીઓ, ફરસાણની દુકાનો, મીઠાઈના વિક્રેતાઓ અને નાની-મોટી રેસ્ટૉરન્ટ્સમાં ગમે ત્યારે સરપ્રાઈઝ તપાસ કરવામાં આવશે. બારેમાસ ફૂડ ટેસ્ટિંગ થશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

સંસ્થા સમાચાર

શ્રી હિંગવાલા સ્થાનકવાસી જૈન સંઘ ઘાટકોપરમાં રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની ૩૫વિં દીક્ષાજયંતી અવસરનું આયોજન, આજે ૧૦મી ફેબ્રુઆરીએ કરવામાં આવ્યું છે. ઘાટકોપરના સમસ્ત શ્રી સ્થાનકવાસી જૈન સંઘની ઉપસ્થિતિમાં શુભેચ્છા વંદનાની અર્પણતા કરવામાં આવશે

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની ૩૫મી દીક્ષાજયંતી નિમિત્તે ઘાટકોપરના શ્રી હિંગવાલા સ્થાનકવાસી જૈન સંઘના આંગણે શુભેચ્છા અભિવંદનાનો કાર્યક્રમ આજે તારીખ ૧૦/૦૨/૨૦૨૬, મંગળવાર સવારના ૯:૦૦ કલાકે આયોજિત કરવામાં આવ્યો છે.

પરમ ગુરુદેવને દીક્ષાજયંતી શુભેચ્છા વંદના અર્પણતા કરવા પૂજનીય સંયમી આત્માઓ, ઘાટકોપરના શ્રી સમસ્ત સંઘો, ભાવિકો, મહિલા મંડળ આદિ ચતુર્વિધ સંઘ ઉપસ્થિત રહીને ધન્ય બનશે.

૧૧૮ કરોડ રૂપિયાની પેનલ્ટી વસૂલવા ૧૦૮ ખાણિયાઓ સામે ગુના નોંધવાનો આદેશ

થાણેઃ થાણે જિલ્લામાં અનધિકૃત ખાણકામ સામે તહેસીલદારે લાલ આંખ કરી હોઈ ૧૦૮ ડેવલપર્સ, કોન્ટ્રાક્ટર્સ અને જમીનમાલિકો વિરુદ્ધ એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો હતો. ગુના નોંધી આરોપીઓ પાસેથી ૧૧૮ કરોડ રૂપિયાની બાકી પેન્ટલ્ટી વસૂલવાનું પણ કહેવામાં આવ્યું હતું. થાણે અને નવી મુંબઈમાં અનધિકૃત ખાણિયાઓ દ્વારા ખનીજ કાઢવા મામલે મહારાષ્ટ્ર લૅન્ડ રેવેન્યૂ કોડ હેઠળ અગાઉ દંડ ફટકારવામાં આવ્યો હતો. આ દંડની રકમ ચૂકવવામાં ન આવતાં પાંચમી ફેબ્રુઆરીએ તહેસીલદાર દ્વારા કાર્યવાહીનો આદેશ જારી કરાયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. હવે પ્રશાસને આ કેસમાં માઈન્સ ઍન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ ઍન્ડ રેગ્યુલેશન) ઍક્ટ લાગુ કર્યો છે, જે ફોજદારી કાર્યવાહીનો માર્ગ મોકળો કરે છે. આ એફઆઈઆર સામે ક્યાં પગલાં લેવામાં આવ્યાં તેનો અહેવાલ સુપરત કરવા માટે સર્કલ ઑફિસરોને સોમવાર સુધીનો

માર્ગ અકસ્માતમાં માર્યા ગયેલા વિદ્યાર્થીના પરિવારને ₹ ૩૩.૧૭ લાખનું વળતર ચૂકવવાનો ટ્રિબ્યૂનલનો આદેશ

થાણેઃ થાણે મોટર એક્સિડન્ટ ક્લેમ્સ ટ્રિબ્યૂનલે એન્જિનિયરિંગના એક વિદ્યાર્થીના પરિવારને રૂ. ૩૩.૧૭ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો, જેનું ૨૦૨૦ માં મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં બાઇકની ટક્કર વાગવાથી મૃત્યુ થયું હતું.

મોટર એક્સિડન્ટ ક્લેમ્સ ટ્રિબ્યૂનલના સભ્ય આર.વી. મોહિતેએ શનિવારે આપેલા ચુકાદામાં આદેશ આપ્યો હતો કે ઇન્શ્યોરન્સ કંપનીએ પહેલા દાવેદારોને વળતર ચૂકવવું પડશે, પરંતુ પોલિસીની શરતોનો ભંગ થયો હોવાને કારણે કંપનીને વાહન માલિક પાસેથી આ રકમ વસૂલવાનો અધિકાર છે. ૨૫ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ, બી.ટેક નો અભ્યાસ કરી રહેલો ૨૦ વર્ષીય વિદ્યાર્થી વિપુલ સંતોષ સાવંત, તેના મિત્ર સાથે પાલઘરમાં ખનીવાલી-ગોરે રોડ પર એમ્બિસ્ટ તરફ ચાલીને જઈ રહ્યો હતો, ત્યારે એક પૂરપાટ ઝડપે આવતી બાઇકે તેને ટક્કર મારી હતી. બાદમાં તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું, એમ તેના માતાપિતા અને બહેન સહિતના દાવેદારોએ જણાવ્યું હતું. તેમણે નુકસાન માટે વળતર માગ્યું હતું.

ટ્રિબ્યૂનલે ઇન્શ્યોરન્સ કંપનીના અજાણ્યા વાહનના દાવાને ફગાવી દીધો હતો, કારણ કે પ્રત્યક્ષદર્શીઓની જુબાની અને પોલીસ રેકોર્ડ્સમાં બાઇકની સંડોવણીની પુષ્ટિ થઈ હતી.

એવું જાણવા મળ્યું હતું કે ટૂ-વ્હિલર ચલાવનાર અને માલિક પાસે માત્ર ફોર-વ્હિલરનું લાઇસન્સ હતું અને ટૂ-વ્હિલરનું નહીં, જે વીમા પોલિસીની શરતોનો ભંગ હતો.

જો કે, પીડિતના પરિવારના રક્ષણ કરવા માટે, ટ્રિબ્યૂનલે વાહન ઇન્શ્યોરન્સ કંપનીને પહેલા વળતર ચૂકવવા અને ત્યારબાદ તે રકમ માલિક પાસેથી વસૂલ કરવાનો આદેશ આપ્યો હતો.

ટ્રિબ્યૂનલે વિપુલની શૈક્ષણિક પૃષ્ઠભૂમિ અને ભાવિ કારકિર્દીની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તેની કાલ્પનિક આવક દર મહિને રૂ. ૨૦,૦૦૦ આંકી હતી, અને કુલ રૂ. ૩૩.૧૭ લાખનું વળતર મંજૂર કર્યું હતું. અદાલતે આદેશ આપ્યો હતો કે અરજી દાખલ કરવામાં આવી હતી તે તારીખથી વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે આ રકમ ચૂકવવામાં આવે.

મોટર એક્સિડન્ટ ક્લેમ્સ ટ્રિબ્યૂનલે મૃતકના માતા માટે રૂ. ૧૨.૬૭ લાખ, પિતા માટે રૂ. ૧૨.૫ લાખ અને તેની બહેન માટે રૂ. ૮ લાખ ફાળવ્યા છે. અદાલતે આદેશ આપ્યો હતો કે આ ભંડોળનો એક ભાગ બે વર્ષ માટે ફિક્સ્ડ ડિપોઝિટમાં રાખવામાં આવે, જેથી પરિવારની લાંબા ગાળાની નાણાકીય સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

૧૨ કરોડની લેમ્બોર્ગિની રિક્ષા અને કારને ઉડાવનાર નબીરાનું નામ ફરિયાદમાંથી ગુમ

કાનપુરઃ ઉત્તર પ્રદેશના કાનપુરમાં ઉદ્યોગપતિના બાપના નબીરાએ ૧૨ કરોડ રૂપિયાની લેમ્બોર્ગિની કાર વડે એક ઓટોરિક્ષા અને મોટરસાઇકલ ટક્કર મારી હતી, ત્યાર બાદ કાર ફૂટપાથ પર ચડાવી દીધી હતી. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થઇ નથી, જો કે છ લોકો ઘાયલ થયા. પોલીસે એફઆઈઆર નોંધ્યો છે, પરંતુ તેમાં આરોપીના નામનો ઉલ્લેખ ન કરાતા વિવાદ સર્જાયો છે. અહેવાલ મુજબ આ ઘટના ગઈ કાલે રવિવારે બપોરે ૩.૧૫ વાગ્યે બની હતી. કાનપુરના અબજોપતિ ઉદ્યોગપતિ કે.કે. મિશ્રાનો દીકરો શિવમ મિશ્રા કાર ચલાવી રહ્યો હતો. કારે પહેલા એક ઓટો-રિક્ષાને ટક્કર મારી અને ત્યાર બાદ પાર્ક કરેલી રોયલ એનીલ્ડ બાઇકને ટક્કર મારી. કાર બાઈકના આગળના વ્હીલ પર ચઢી ગઈ અને બાઈકને થોડે દૂર સુધી ખેંચી ગઈ, ત્યાર બાદ ફૂટપાથ પર વીજળીના થાંભલા સાથે અથડાઈ અને અટકી ગઈ. આ અકસ્માત થતા લોકોનું ટોળું ભેગું થયું હતું અને ગુસ્સે ભરાયેલા સ્થાનિકોએ કારચાલક નબીરા શિવમને પકડી પાડ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ ઉદ્યોગપતિના ખાનગી બાઉન્સરો ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતાં અને શિવમને ભગાડવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં પોલીસે પહોંચીને સ્થિતિ સાંભળી હતી, પોલીસે આરોપી ડ્રાઈવરને કસ્ટડીમાં લીધો છે. પોલીસે આ અકસ્માત અંગે એક એફઆઈઆર નોંધ્યો છે, પરંતુ પોલીસની કાર્યવાહી સામે સવાલો ઉઠ્યા છે. કેસના પેપર્સમાં કાર ચાલક શિવમનું નામ નથી, જ્યારે તેને કારમાંથી બહાર કાઢવામાં આવી રહ્યો હોવાનો વીડિયો સોશ્યયલ મીડિયા પર છે.

નવમા પાનાનું ચાલુ

પીએમ મોદીએ

એકનાથ શિંદેજીને જન્મદિવસની શુભેચ્છાઓ. તેઓ મહારાષ્ટ્રના વિકાસને આગળ વધારવા અને પૂજ્ય બાળાસાહેબ ઠાકરે અને ધર્મવીર આનંદ દિઘે ના સપનાઓને સાકાર કરવા માટે અથાક મહેનત કરી રહ્યા છે. તેમના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના,'' મોદીએ સોશ્યલ પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું હતું.

ઓઝર એરપોર્ટનું

પ્રવૃત્તિઓને વેગ મળશે. તેમણે વધુમાં ઉમેર્યું કે નવી વ્યવસ્થાઓ હેઠળ નાશિકની નિકાસમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે. મુખ્ય પ્રધાને એ વાત પણ નોંધી હતી કે નાશિક ઔદ્યોગિક રોકાણ માટેના હોટસ્પોટ તરીકે ફરી ઉભરી આવ્યું છે, જે મોટા પાયે રોકાણોને આકર્ષી રહ્યું છે.

અમે અગાઉ નાશિકમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ લાવ્યા હતા. તાજેતરમાં દાવોસમાં, અમે ઉત્તર મહારાષ્ટ્રના પાંચ જિલ્લાઓ માટે ૫૫,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ સુરક્ષિત કર્યું છે, જેનાથી અંદાજે ૭૫,૦૦૦ લોકો માટે રોજગારી ઊભી થશે, તેમણે કહ્યું હતું. ''અમે ૬૪૦ કરોડ રૂપિયા આપ્યા છે, અને તેનો ઉપયોગ આ એરપોર્ટના વિસ્તરણ માટે કરવામાં આવશે. છેલ્લા કેટલાક વર્ષોની શરૂઆતમાં નાશિકનું ઔદ્યોગિકીકરણ ઝડપથી થયું હતું, પરંતુ કેટલાક કારણોસર તે અટકી ગયું હતું, પરંતુ હવે ફરીથી નાશિક ઔદ્યોગિક રોકાણનું કેન્દ્ર બની ગયું છે,'' તેમણે ઉમેર્યું હતું.

ગુજરાતી દંપતીને

ભૂષણનો સગીર પુત્ર ચલાવતો હતો. પુત્ર સગીર વયનો હોવાની અને તેની પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ ન હોવાની જાણ છતાં પિતા વાલજી ભૂષણે પુત્રને કાર ચલાવવા દીધી હોવાથી તેની વિરુદ્ધ પણ ગુનો નોંધાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું. દરમિયાન આ ઘટનાને પગલે ઘાટકોપરના રહેવાસીઓમાં ઘણો રોષ ફેલાયો હતો. અનેક લોકોએ સોશ્યલ મીડિયા પર સગીર વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કર્યો હતો અને તેની વિરુદ્ધ કડક કાનૂની કાર્યવાહી કરી દંપતીને ન્યાય આપવાની માગણી કરી હતી. સગીર તેના મિત્રો સાથે કઈ રીતે કાર અને બાઈક પર સ્ટન્ટ કરતો હતો તેના વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા હતા. કહેવાય છે કે આ રીલ સગીરના મિત્રોએ બનાવી હતી, જેને ઈન્સ્ટાગ્રામ પર મૂકવામાં આવી હતી.

જોકે અકસ્માતની ઘટના પછી સગીરે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરના સ્ટન્ટને લગતા બધા વીડિયો ડિલીટ કરી નાખ્યા હતા. સોશ્યલ મીડિયા પર બે વીડિયો હાલમાં જોવા મળ્યા હતા, જેમાં એક વીડિયો દંપતીને અડફેટે લેનારી કાર પર સ્ટન્ટનો હોવાનું કહેવાય છે. વળી, આ વીડિયો એ જ સ્થળે બનાવવામાં આવ્યો હતો, જ્યાં દંપતીના સ્કૂટરને કારથી ટક્કર મારવામાં આવી હતી. આ માર્ગ પર અનેક વાર સગીરે મિત્રો સાથે વીડિયો બનાવ્યા હોવાનું કહેવાય છે.

એક વીડિયોમાં સગીરની ચાલતી કારના બોનેટ પર એક લવરમૂછિયો સૂતેલો છે તો બીજા મિત્રો કારની બારીમાંથી બહાર નીકળી સ્ટન્ટ કરતા નજરે પડે છે. એ જ રીતે સ્કૂટર પર સવાર ત્રણ કિશોરનો વીડિયો સામે આવ્યો છે, જેમાં જોખમી રીતે સ્કૂટર એક ટાયર પર ચલાવતો સગીર નજરે પડે છે. આ વીડિયોમાંના ત્રણ સગીરમાં એક આરોપીનો પણ સમાવેશ હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રોપર્ટી ટેક્સ

ડિફોલ્ટરોની પ્રોપર્ટીની જપ્તી અને પછી લિલામીની કાર્યવાહી કરવામાં આવે છે.

અનેક મોટા ડિફોલ્ટરોએ હજી સુધી ટેક્સ ભર્યો નથી. તેમને અનેક વખત સૂચના આપ્યા બાદ અને નોટિસ બાદ પણ પ્રતિસાદ નહીં આપતા તેમને જપ્તીની નોટિસ ફટકારવામાં આવી છે. દંડની રકમ સહિત બાકી રહેલી રકમનો સમાવેશ થાય છે. પાલિકાના નિયમ મુજબ લિલામીની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. તેથી નોટિસ મળ્યા બાદ પ્રોપર્ટી ટેક્સ ધારકોને આ કાર્યવાહી ટાળવા માટે તાત્કાલિક રકમ ભરવાનો નિર્દેશ પ્રશાસને આપ્યો છે. નવ ફેબ્રુઆરીના કર ભરવા માટે ટોપ-૨૦ પ્રોપર્ટીધારકોને પાલિકાએ ટેક્સ ચૂકવવા માટે નોટિસ મોકલી હતી.

વોર્ડના વિભાજનના

લગભગ આઠથી નવ કિલોમીટર દૂર સ્થિત હતી, તેને કારણે નાગરિકોને સંબંધિત કામ માટે ખાસ્સો લાંબો ચક્કર કાપવો પડતો હતો અને તેમનો સમય પણ વેડફાઈ જતો હતો. નાગરિકોને આવશ્યક સેવાઓ મેળવવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. લાંબા સમયથી કરવામાં આવી રહેલી માગણીને પગલે ૧૧ ઑક્ટોબર, ૨૦૨૪ના તત્કાલીન મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા નવી સ્થાપિત કે-ઉત્તર વોર્ડ ઑફિસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. પાલિકાની નવી વોર્ડ ઑફિસ જોગેશ્વરી પૂર્વનાં પૂનમ નગરમાં સિવિક માર્કેટ ખાતે આવેલી છે. ઑફિસના ઉદ્ઘાટન બાદ વહીવટી અધિકારીઓની ગેરહાજરીને કારણે ઑફિસ કાર્યરત થઈ શકી નહોતી. ગયા અઠવાડિયે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ મહેશ પાટિલને નવી કે-ઉત્તર વોર્ડ ઓફિસમાં આસિસ્ટન્ટ કમિશનર તરીકે નિયુક્ત કર્યા હતા. નવી રચાયેલી કે-ઉત્તર વોર્ડ ઑફિસમાં વોર્ડ નંબર ૭૨,૭૩,૭૪,૭૭,૭૮ અને ૭૯ નંબરના વોર્ડનો સમાવેશ થાય છે.

સ્થાનિક સ્વરાજ્યની

પુણે, સાતારા, સાંગલી, કોલ્હાપુર, સોલાપુર, છત્રપતિ સંભાજીનગર, પરભણી, ધારાશિવ અને લાતુરનો સમાવેશ થાય છે. કુલ ૭,૪૩૮ ઉમેદવાર સ્પર્ધામાં હતા. કોંકણમાં મહાયુતિ ૨૭ બેઠક પર તો સિંધુદુર્ગમાં આઠ બેઠક પર બિનહરીફ ચૂંટાઈ આવી હતી. પંચાયત સમિતિમાં મહાયુતિએ ૧૭ બેઠક પર બિનહરીફ ચૂંટાઈ આવી હતી. ૫૦ સભ્યની સિંધુદુર્ગ જિલ્લા પરિષદમાં ભાજપે સાત અને શિંદેસેના એક બેઠક પર બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા તો ૧૦૦ સભ્યની પંચાયત સમિતિમાં ભાજપના ૧૬ અને શિંદેસેનાનો એક સભ્ય બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. રત્નાગિરિમાં શિવસેનાના બે સભ્ય બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. મહાવિકાસ આઘાડી ફરી એકવાર નિષ્ફળ રહી હતી. ચૂંટણીમાં અનેક દિગ્ગજ નેતાના પુત્ર-પુત્રી કે સંબંધીને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. દરમિયાન આ વિજય બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રની પ્રજાનો આભાર માન્યો હતો અને આને સુચારુ વહીવટનો વિજય લેખાવ્યો હતો.

વિલેપાર્લેમાં

અંદરના ઈલેક્ટ્રિક વાયરિંગ ડેક્ટથી શરૂ થઈ હતી અને ઝડપથી ફ્લેટના અન્ય રૂમમાં ફેલાઈ ગઈ હતી. આગ બુઝાવવાની કામગીરી દરમ્યાન ફાયરબ્રિગેડે ઉપરના માળા પરથી બે મહિલાને બહાર કાઢી હતી, જેમાં ૬૩ વર્ષના ભાવના સત્રા અને ૩૪ વર્ષની અનેરીને નાણાવટી હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. જોકે સારવાર મળે તે પહેલા જ ભાવના સત્રાને ફરજ પર હાજર રહેલા ડૉક્ટરે મૃત જાહેર કરી હતી. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ આગ લાગી તે ફ્લેટ ઉપરના માળે આવેલો હતો, તેથી આગ બુઝાવવાના કામમાં અડચણ આવી હતી. આગને પગલે નીકળેલો ધુમાડો સમગ્ર કોરિડોર અને સીડીઓમાં ફેલાઈ ગયો હતો. તેથી ૧૩માળ સુધી પહોંચવામાં મુશ્કેલ થઈ હતી. ભારે જહેમત તેમને બહાર કાઢવામાં આવ્યા હતા પણ ધુમાડો તેમના શ્વાસમાં જતો રહ્યો હોવાને કારણે તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા પણ કમનસીબે એક મહિલાનું મૃત્યુ થયું હતું. બપોરના લગભગ ૧૨.૫૪ વાગ્યાની આસપાસ ત્રણેક કલાકની મહેનત બાદ આગ બુઝાવી દેવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું, પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

પારસી મરણ

કેકી બેહરામશા એન્જિનિયર તે પેરીનના ધની. તે મરહુમો ખોરશેદ બેરામશા એન્જિનિયરના દીકરા. તે દેઝીના પપા. તે ફીલીના ભાઇ. તે જેઝાદના કાકા. (ઉં. વ. ૮૬) રે. ઠે. ૨૨૧૬ ગેબીલય મીશન વીએજો, સી-એ,૯૨૬૯૨.

એરીક આદીલ મિસ્ત્રી તે અમિષાનાં ખાવીંદ. તે ઝીદાનના પપ્પા. તે રોશની તથા આદીલ નવલ મિસ્ત્રીના દીકરા. તે મરહુમો કમલ નવલશા મિસ્ત્રીના દિકરાનો દિકરો. તે મરહુમો બાનુબાઇ ફરામરોજ વરિયાવાના દીકરીનો દીકરો. તે જાલેજર, જમશેદ, માનેક, પરવીન, શીલ્લુ, બરજોર મ. ધનના ભાણેજ. તે નૂતન નટવરલાલ વનઝારીના જમાઇ. (ઉં. વ. ૩૬) રે. ઠે. જય પ્રકાશ અપાર્ટમેન્ટ રૂમ. નં. ૫, જેલ રોડ, પુરૂશોતમ સ્કૂલસ પાછળ, નાશીક રોડ, મહારાષ્ટ્ર: ૪૨૨૧૦૧.

સાઇરસ કાવસ કાલાપેસી તે સુન્નુના ધણી. તે મરહુમો ડોલી કાવસ કાલાપેસીના દીકરા. તે મરહુમો દોસીબઇ દોસાભાઇ દુમસીયાના જમાઇ. તે મરહુમ આસદીન ના પપા. તે રૂબી દિલીપ ઠકરા અને ઝરીન ઝાકીર ઝવેરીના ભાઇ. તે મરહુમ પીરોજાશા, મીનુ, પેરીન, કેટી, હોમાય, આલુ એમી તેમ જ ડાલી, જાઇબક્ષ, રોશનના બનેવી. (ઉં. વ. ૮૩) રે. ઠે. ૧૦૧ મીના મહલ કો. હા. સો. મેનીયુલ ગોનઝાલવીઝ રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૦-૨-૨૦૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે, બાંદ્રા તાતા અગિયારીમાં છેજી.

રતન નરીમાન મિસ્ત્રી તે મુ. કેટી રતન મિસ્ત્રીના ધણી. તે મરહુમો ખોરશેદ તથા નરીમાન જહાંગીરજી મિસ્ત્રીનાં દીકરા. તે મરહુમો મહેરામાય તથા નવરોજી પીરોઝશાદ કાવારાણાના જમાઇ. તે સરોશ તથા મુરહુમ આદીલના ભાઇ. તે ઝરીન સરોશ મિસ્ત્રી તથા મરહુમ દીલુ આદીલ મિસ્ત્રીના દેર. (ઉં. વ. ૮૨) રે. ઠે. ૨૦ બાલમદ બિલ્ડિંગ, ૪થે માળે, રૂમ. નં. ૧૫, મરાઠા મંદિર રોડ, મુંબઇ સેન્ટ્રલ, મુંબઇ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૦-૨-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે બાતલીવા અગિયારીમાં છેજી.

ફિરોઝ બરજોરજી ગદીયાલી તે ગોશસપના ધની. તે મરહુમો ગુલબઇ બરજોર ગદીયાલીના દીકરા. તે દેલનાઝના પપા. તે ફ્રેની દાદી લામાના ભાઇ. તે માહારૂખ પનદે ને ફરઝાન લામના મામા. (ઉં. વ. ૯૨) રે. ઠે. ૩૦૨-બી, એમ.એ. પટેલ કો. હા. સો. લીમીટેડ, પાલીરામ રોડ, કે-વોર્ડ, મ્યુનિસિપલ ઓફિસ અંધેરી (વે), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૦-૨-૨૦૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

મની જમશેદ કોટવાલ તે જમશેદ કોટવાલના ધણીયાની. તે મરહુમ ઓસ્તી નાજા તથા એરવદ રૂસ્તમ ધાબરના દીકરી. તે જેનીફર, એરીક ને ખુશનામના મમ્મી. તે શશાંક ધૂરી, સુરેખા કોટવાલ તથા એરવદ કૈઝાદ બાદશાહના સાસુ. તે આલુ સંજાણા તથા મરહુમ શહેરૂ ધાબરના બહેન. તે દીશા ધૂરીના મમયજી. (ઉં. વ.૭૫) રે. ઠે. ૧૮/૭૦૩, સંસ્કૃતી, ૯૦ ફીટ રોડ, ઠાકુર કોમ્પલેક્સ, કાંદિવલી (પૂર્વ), મુંબઇ-૪૦૦૧૦૧.

ઉદવાડા

એરવદ દારાયસ જાલેજર સીધવા (ઉં. વ. ૭૪) તે ઓસ્તી યાસ્મીનના ખાવીંદ. તે એરવદ સરોશ તેમ જ મરહુમ એરવદ ગયોમર્દના પપાજી. મરહુમ ઓસ્તી દોલત તથા એરવદ જાલેજર હોરમસજી સીધવાના દીકરા. મરહુમ તહેમીના તથા રૂસ્તમજી કેરસાસ્પજી વાડીયાના જમાઇ. ઝરીન પરવેઝ બિલિમોર્યા, ખુરશીદ ફિરોઝ મિસ્ત્રીના ભાઇ. પરવેઝ તથા ફિરોઝના સાલાજી ઉદવાડા મધે ગુજર પામ્યા તા. ૪ ફેબ્રુઆરી ૨૦૨૬.

આજથી રાજ્યમાં

પરીક્ષા સેન્ટર છે, તેમાંથી પંચાવન ટકા સેન્ટર સીસીટીવી કેમેરાથી સજ્જ છે. સરકાર દ્વારા શરૂ કરાયેલ 'એન્યુ કોપી-ફ્રી' પહેલના ભાગરૂપે સીસીટીવી કેમેરા નહીં ધરાવતાં ૧૭૨ સેન્ટરના કર્મચારીઓની બદલી કરવામાં આવી છે, વધુમાં ૨૪૮ સેન્ટરને સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યાં છે.

રાજ્યમાં કુલ ૨૭૧ ફ્લાઈંગ સ્કવોડની નિમણૂક કરવામાં આવી છે, જે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં દરેક જિલ્લામાં વિજિલન્સ ટીમની પણ રચના કરવામાં આવી છે, જ્યારે ડિવિઝનલ બોર્ડ દ્વારા ખાસ ફ્લાઈંગ સ્કવોડની રચના કરવામાં આવી છે, બોર્ડના સભ્યો અને જિલ્લા સ્તરના સરકારી અધિકારીઓને પરીક્ષાના સેન્ટરની ઓચિંતી મુલાકાત લેવાની સૂચના આપવામાં આવી છે.

કોઈ પણ સેન્ટરમાં ગેરરીતિ આચરનારા, ઉશ્કેરનારા, મદદ કરનારા અથવા પ્રોત્સાહન આપનારાઓને તેમ જ સીધી રીતે આવા કૃત્યમાં સંડોવાયેલા લોકો સામે મહારાષ્ટ્ર પ્રીવેન્શન ઓફ માલપ્રેક્ટીસ એક્ટ, ૧૯૮૨ હેઠળ કેસ નોંધવામાં આવશે. સ્ટેટ બૉર્ડે એવી પણ સ્પષ્ટતા કરી છે કે ઝેરોક્ષ સેન્ટર પણ સામાન્ય ૧૦૦ મીટરને બદલે એક્ઝામ સેન્ટરની ૫૦૦ મીટરની ત્રિજ્યામાં બંધ રહેશે.

વિદ્યાર્થીઓના મેન્ટલ હેલ્થ સપોર્ટ માટે સ્ટેટ બૉર્ડે ૧૦ કાઉન્સેલરોની નિમણૂક કરી છે. દરેક ડિવિઝનલ બોર્ડ સ્તરે બે કાઉન્સેલર રહેશે. તેના ફોન નંબર વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ રહેશે.

હેલ્પલાઈન નંબર : ૯૯૬૦૬૪૪૪૧૧, ૭૯૭૨૫૭૩૭૪૨, ૯૮૩૪૯૮૪૫૮૩, ૯૩૫૯૯૭૮૩૧૫, ૮૧૬૯૦૨૨૧૪, ૯૩૭૧૬૬૧૨૫૫, ૭૨૦૮૪૨૧૩૮૧, ૭૭૦૧૯૫૬૦૬૮, ૮૪૨૧૧૫૯૫૨૮, ૯૪૦૪૭,૮૩૯૯૬.

જૈન મરણ

પાટણ નિવાસી બ્રાહ્મણ વાડો હાલ મુંબઈ, નયનાબેન દિનેશભાઈ શાહ (ઉં.વ. ૮૧), સોમવારના ૯/૨/૨૬ ના રોજ અરિહંત શરણ પામેલ છે. દિનેશભાઈ શાહના ધર્મપત્ની, તે સ્વ. નિર્મલાબેન શાંતિભાઈના પુત્રવધુ, સંજય અને ચિરાગના માતોશ્રી, હેમાલી અને માલવના સાસુ, યશ-ચાર્મી, મોનિકા, સરીનાના દાદી. સ્વ. કામાબેન નવીનભાઈ શાહની પુત્રી. પ્રાર્થનાસભાઃ ૧૧-૦૨-૨૬ સાંજેઃ ૪.૦૦ થી ૬.૦૦ કે.સી.કોલેજ, ચર્ચગેટ વેલેટ પાર્કિંગ છે.

કચ્છી વિશા ઓશવાળ જૈન

નાંગલપુર ના હરિલાલ કાનજી સામત ગંગર (ઉ. વ. ૮૫) તા. ૬-૨-૨૬ ના અવસાન પામેલ છે. સ્વ. મેઘબાઈ કાનજીના સુપુત્ર. ભાનુમતીબેનના પતિ. અશ્વિન, સ્વ. પદમીની, ગિરીશ, હિના, રેખાના પિતાશ્રી. સ્વ. દેવકાબાઈ, સ્વ. લક્ષ્મીબાઈ, સ્વ. શાંતિલાલ, સ્વ.ગુલાબચંદ, સ્વ.પાનાચંદ, ગુણવન્તી, લીલાવતીના ભાઈ. ડોણના સ્વ. પાનબાઈ કેશવજી મેઘજી છેડાના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા.સં.સં.કરસન લધુ નિસર હોલ, દાદર (વે) ટા. ૪ થી ૫.૩૦.

બેરાજાના પ્રકાશ નાગજી દેઢિયા (ઉં. વ.૬૨) તા. ૬-૨-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. મણીબેન નાગજીના સુપુત્ર. પ્રિયાબેનના પતિ. કુનાલ, વિધિના પિતાશ્રી. ગીતાબેનના ભાઈ. કોટડી (મ.) ના ખેતબાઈ મણશી શવરાજ દેઢિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : પ્રકાશ નાગજી દેઢિયા : બિલ્ડીંગ નં. ૩૫૦, ફ્લેટ નં. ૧૦૦૩, કલ્પતરૂ કોમ્પલેક્ષ, શ્રૃષ્ટિ, સેક્ટર-૩, મીરારોડ (ઈ).

સુવઈના અજીત સત્રા (ઉં.વ.૫૨) શુક્રવાર તા.: ૬.૨.૨૬ ના અવસાન પામેલ છે. સ્વ. કંકુબેન અને શ્રી પ્રેમજીભાઈના સુપુત્ર. ગં.સ્વ. મીઠીબેન મણીલાલના જમાઈ. પ્રાર્થના મંગળવાર, તા. ૧૦/૨/૨૬, સમય : સવારે ૧૦.૩૦ થી ૧૨. જાપ : ૧૨ થી ૧૨.૩૦. પ્રાર્થના સ્થળ : ટીપ ટોપ પ્લાઝા, થાણા (વે). ઠે.: અજીત સત્રા, બી-૮૦૩, ગુરૂદત્ત, જોશીવાડા, થાણા (વે).

કોટડી મહા. સાકરચંદ દેઢિયા (ઉ. ૭૬) તા. ૮-૨-૨૬ અવસાન પામેલ છે. ખેતબાઈ મણશીના પુત્ર. વિમળાબેનના પતિ. ઉપેન, મિતલના પિતાશ્રી. કલ્યાણજી, માવજી, રતનબેન, લીલાવંતીબેન, પ્રભાબેન, પુષ્પાબેન, પ્રિયાબેનના ભાઇ. મોટા લાયજા ભાણબાઇ નાનજી રામજી વોરાના જમાઇ. ચક્ષુદાન કરેલ છે. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇ), ૪ થી ૫.૩૦.

પાટણ જૈન

પાટણ નિવાસી, કેશુ શેઠનો પાડો, હાલ મુંબઈ, ઉષાબેન (ઉં.વ.૭૦) શનિવાર તા. ૭/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે પંકજભાઈ શાહના ધર્મપત્ની, સ્વ. નિર્મલાબેન ફતેહચંદભાઈના પુત્રવધુ, જીમિત અને ચૈતાલીના માતોશ્રી, રિદ્ધિ અને નિમિતભાઈના સાસુ. હિત, જીઆરા, આશીના દાદી-નાની, સ્વ કુંજબાળા કાંતિલાલની પુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

ઝાલાવાડી વીશા શ્રીમાળી જૈન

સુરેન્દ્રનગર નિવાસી હાલ મુંબઇ (વરલી) સ્વ. ત્રંબકલાલ ધરમશી વોરા અને સંસાર પક્ષ હીરાબેન (મ.સ. હર્ષલતા શ્રીજી)ના પુત્ર દિનેશભાઇ વોરા (ઉં. વ. ૮૭) તા. ૭-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સંસાર પક્ષ પદમાબેન (બા. બ્ર. મ. સ. પુણ્યદર્શનાશ્રીજી) અને સુમનભાઇના ભાઇ. સ્વ. કોકીલાબેનના પતિ. રીંકુબેન સ્મિતેશ વળંજુ તથા રીનાબેન, જીનેશ માટલીયાના પિતા. પ્રણય, સિદ્ધાંત તથા ફીઓનાના નાના. તથા છોટાલાલ મોહનલાલ વોરાના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

ઘોઘા નિવાસી હાલ ગોરેગામ સ્વ. નટવરલાલ બાબુલાલ શાહના ધર્મપત્ની સુભદ્રાબેન (ઉં.વ. ૮૪) રવિવાર, તા. ૮-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે દિપકભાઇ, જતીનભાઇ, રશ્મિતાબેનના માતુશ્રી. કલ્પનાબેન, હીનાબેન, મલકેશભાઇના સાસુ. ધ્રુમીલ, હેતવી, ઝીલના દાદી. સંકેત, રૂચિ, સલોની હર્ષીલકુમારના નાની. પિયર પક્ષે સિહોરવાળા બાબુલાલ લલ્લુભાઇ શાહના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન

ખીલોશ નિવાસી (હાલ બોરીવલી) સ્વ. પદમશી પુરુષોતમ ઠક્કરના પૌત્ર દર્શન પ્રવીણચંદ્ર ઠક્કર, તે સ્વ. મંજુલાબેન અને પ્રવિણચંદ્ર ઠક્કરના સુપુત્ર (ઉં. વ. ૫૭) શનિવાર, તા. ૭-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે દિના જગદીશ મહેતા, હિના રાજન મહેતાના ભાઇ. અનેરી અને ઓજસના મામા. મોસાળ પક્ષે રમેશભાઇ મોણશીભાઇ શેઠના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ છે.

કચ્છી ગુર્જર જૈન

ગામ કચ્છ ગોધરા હાલ ભાંડુપ નવીનચંદ્ર લાલચંદ સંઘવી (ઉં.વ.૮૮) રવિવાર તા. ૮-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. નિર્મળાબેન (નયનાબેન)ના પતિ. દિલીપ, દક્ષાના પિતાશ્રી. રોશની, પ્રમોદકુમારના સસરા. લિકેશના દાદા. ખ્યાતિના દાદા સસરા. સ્વ. દિવાળીબેન, સ્વ. માનવંતીબહેનના ભાઇ. તુબડીના સ્વ. વલભજી ટોકરશીના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

રાધનપુર તીર્થ જૈન

સ્વ. મુક્તિલાલ રામલાલ શાહના સુપુત્ર રમેશભાઇ (ચૈન્નઇવાળા) (ઉં.વ.૮૧) સ્વ. પ્રવિણાબેનના પતિ હાલ કાંદિવલી તા. ૭-૨-૨૬ શનિવારના કાંદિવલી અરિહંતશરણ પામેલ છે. તે જિજ્ઞા, વિશ્વા સંજયકુમાર પરીખ, અનુપા શીતલકુમાર સવાણી અને ઝંખના અંક્તિકુમાર વોરાના પિતાશ્રી. સ્વ. મુક્તાબેન ચંદ્રકાંન્તભાઇ લહેરીના જમાઇ. સાહીલ આર્યન, પુરવ આવ્યાનના નાના. સ્વ. લલિતભાઇના ભાઇ. અશ્રમતીબેનના દિયર. લૌકિક વ્યવહાર બંધ છે.

હિન્દુ મરણ

સિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ

કમળેજ હાલ નાગાવ હટાળે, વિનોદભાઈ કનાડા (ઉં.વ.૬૩) તા. ૫-૨-૨૬ ગુરુવારના કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. દલપતરામ ભાઈશંકર કનાડા અને સ્વ.કમળાગૌરી કનાડાના નાના પુત્ર, અ. સૌ. લતાબેનના પતિ. વિરલના પિતા, દેવેન્દ્રભાઈ, હિતેન્દ્રભાઇ, પ્રતિભાબેન કિશોરકુમાર ભટ્ટ, ઉર્મિલાબેન નિરંજન કુમાર રાવળના ભાઈ, સ્વ. જ્યોત્સનાબેન, અ.સૌ. રસીલાબેનના દિયર, ભાવિન, જતીન, આદિત્યના કાકા. લૌકિક પ્રથા બંધ છે.

ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ

મૂળ સિદ્ધપુર હાલે મુલુન્ડ, સ્વ. માલા ઉપાધ્યાય (ઉં.વ.૬૨) તે કનૈયાલાલ વાસુદેવ ઉપાધ્યાયનાં પત્ની, ગુણવંતીબેન-સ્વ.દિલીપકુમાર, આશાબેન-ગુણવંતકુમાર, અલકાબેન-બ્લેઝકુમાર, બાલમુકુંદ-જયશ્રી, બીપીન-મનીષા, પંકજ-કૃપાલી, હિતેન્દ્ર-જલ્પાના ભાભી, સિદ્ધપુરવાળા સ્વ. જયપ્રકાશભાઈ-માલતીબેન ઠાકર, જયેશભાઇ-આશાબેન ઠાકર, સુનિલભાઈ-ભાવનાબેન ઠાકર, નિખિલભાઈ, નલીનીબેન કનૂપ્રસાદ દવે, મીનાક્ષીબેનનાં બેન, કિન્નરી દુબે, કૃતિ પંડયા, ઉદિતના માતા, સુશીલકુમાર દુબે, તેજસકુમાર પંડ્યાના સાસુ. તા. ૨૧/૧/૨૬, બુધવારના શિવચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા/બેસણુ તા. ૨૨.૧.૨૬,ગુરુવારના સાંજે ૫.થી ૭, સ્થાનઃ બ્રહ્માંડેશ્વર મહાદેવ મંદિર, ગાલાનગરની બાજુમાં, નાહુર રોડ, મુલુન્ડ પશ્ચિમ.

હાલાઈ ભાટીયા

હમીર આશર (ઉં.વ.૬૨), તે સ્વ. રમાબેન તથા સ્વ. રમેશકુમાર આશરના પુત્ર, જયશ્રીબેનના પતિ, ભાવિની જીતેન્દ્ર શાહ, જતીનના ભાઈ, સ્વ. પુષ્પાબેન ભગવાનદાસ વેદના જમાઈ, રિદ્ધી અને દીપના પિતાશ્રી, હિરલ અતુલભાઇ સંપટના સસરા. તા. ૭/૨/ ૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૧૦/૨/૨૬ના સાંજના ૪ થી ૫.૩૦. જૂની હાલાઈ ભાટીયા મહાજનવાડી કાલબાદેવી રોડ, મુંબઈ. લૌકિક વ્યવહાર બંધ છે

વિશા સોરઠીયા વણિક

ઉંબરીવાળા હાલ બોરીવલી, સ્વ. નર્મદાબેન મગનલાલ પૂ શાહના પુત્ર જનકભાઈ (ઉં.વ.૭૧) તાઃ ૪/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે માલાબેનના પતિ, ભૂષણ, નિકિતા તથા નિધિના પિતા, પૂર્વી, પુનિતા તથા વિનયના સસરા, વેરાવળવાળા સ્વ. હસુમતીબેન હરિલાલ ભાણજીના જમાઈ.

કપોળ

શેડુભાર નિવાસી હાલ કાંદિવલી, શીલા તથા વિજયકુમાર હિંમતલાલ મોદીના પુત્ર ભાવીશ (ઉં.વ.૩૭) ૮/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે શારદાબેન તથા હિંમતલાલ છગનલાલ મોદીના પૌત્ર, મોસાળપક્ષે પ્રકાશભાઈ, રાજુ ભાઈ, હેમલતાબેન, કપિલાબેનના ભાણેજ. તેમની સ્મરણાંજલિ સભા ૧૨/૨/૨૬ના રોજ ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકરમંદિર પાસે એસ વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

હલાઈ લોહાણા

મૂળ ગામ હડિયાણા હાલ થાણા, ભૂપેન્દ્રભાઈ (ઉં.વ.૭૭) શનિવાર તા. ૭/૨/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.મંજુલાબેનના પતિ, મિહિર, પૂર્વી પૈઠણકર, દિપા મયંક શર્માના પિતાશ્રી, મયંકભાઈ શર્માના સસરા, સ્વ. નર્બદાબેન તથા સ્વ. વલ્લભદાસ ખેતશી માણેકના પુત્ર, સ્વ. રમેશભાઈ, સ્વ.જ્યોત્સનાબેન નારાયણદાસ, મીનાબેન સુભાષ, સ્વ. મધુબેન પ્રભુદાસ, જયશ્રી સતીષના ભાઈ, સ્વ. રંભાબેન તેમજ સ્વ.વલ્લભદાસ મોનજી બારાઈના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી તેમજ લૌકિક પ્રથા બંધ છે.

કપડવંજ દશા શ્રીમાળી વણિક

વાલકેશ્વર નિવાસી, અ.સૌ. પૂર્ણિમાબેન તે મયુરભાઈ રમણીકલાલ વકીલના ધર્મપત્ની, સુમનબેન રમણલાલ પરીખના સુપુત્રી, રૂપલ સોનલ, તેજલ, અમરના માતૃશ્રી, હિતેશ, નિખિલ, વીરેન્દ્ર, ભક્તિના સાસુજી, સરોજબેન સુરેન્દ્રભાઇ શાહ અને સ્વ. અરૂણાબેન જયેન્દ્ર શાહના ભાભી. તા. ૭/૨/૨૦૨૬ને શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦/૨/૨૦૨૬, મંગળવારે, સાંજે ૫ થી ૭. કે સી કોલેજ સઓડિટોરિયમ, ચર્ચગેટ, મું.૨૦.

ઘોઘારી લોહાણા

ગામ ભાવનગર હાલ બોરીવલી સ્વ. કિશોરચંદ્ર ઠક્કર અને પ્રવીણાબેન ઠક્કરના પુત્ર. દીપકભાઇ ઠક્કર (ઉં. વ. ૬૨) તા. ૩૦-૧-૨૬ના રામશરણ પામ્યા છે. તે દીપિકાબેનના પતિ. મયૂરભાઇ ઠક્કર તથા રોનકભાઇ ઠક્કરના પિતા. ફોરમબહેનના સસરા. આન્યાના દાદા. રાજેન્દ્રભાઇ અને અર્ચનાબેનના ભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

અનાવિલ

પનાર (દેલવાડા) નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. દોલતરાય મણીભાઇ દેસાઇના સુપુત્ર વિરલ દેસાઇ (ઉં. વ. ૬૪) તે ઇન્દિરાબેન દોલતરાય દેસાઇના પુત્ર. અમીત તથા વિપુલ દેસાઇના ભાઇ. નીમીષા તથા શિલ્પા દેસાઇના જેઠ. પરેશ ઠાકોરભાઇ દેસાઇના ભાઇ. રીના પરેશ દેસાઇના જેઠ. તથા સૃષ્ટી વિપુલ દેસાઇના કાકા. તા. ૮-૨-૨૬ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક રિવાજ બંધ છે.

પાટણ સાળવી જ્ઞાતી

ગં. સ્વ. નીનાબેન મુકેશચંદ્ર સાલવી (ઉં. વ. ૭૩) પાટણવાળા હાલ મુંબઇ તા. ૮-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે કાજલ, કોમલ, માનવનાં માતુશ્રી. ઉત્કર્ષ, ચીરાગ, હરીતાના સાસુ. જાસ્મીન, ધ્રુવ, પ્રુથ્વીર, હૃદયનાં દાદી-નાની. જનકબેન-રસીકલાલ, નીલાબેન-નિતીનભાઇ, અંજનાબેન, ડૉ. શ્રેયશકુમાર, મુકુંદભાઇના ભાભી. અંજનાબેન, સ્વ. શોભનાબેન, ભારતીબેનના બેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રાહ્મણ

ઉના નિવાસી હાલ મલાડ સ્વ. પ્રવીણચંદ્ર ગિરધરલાલ જોષી (ઉં. વ.૭૭) તે ઊષાબેનના પતિ. મેહુલભાઇ, રક્ષાબેન ગૌરાંગભાઇ ઉપાધ્યાય, પૂજાબેન પ્રતિકભાઇ દેસાઇના પિતાશ્રી. ભક્તિબેન મેહુલભાઇ જોશીના સસરા. કુ. તનિષા, ચિ. વિવાનના દાદા. ઋચા, વિરાજ અને સુજયના નાના. ચંપકભાઇ ભાણજી જોશીના જમાઇ તા. ૮-૨-૨૬ના રવિવારના કૈલાસવાસી થયા છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૩-૨-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. આઇએમએ હોલ, ગુરુનાનક રોડ, નેક્સ્ટ ટુ પી.વી.આર. (જુહુ), સાઇનાથ નગર, વિલેપાર્લે (વેસ્ટ).

મરણ ખબર માટેની સૂચના	મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે	(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

તન-મન-ધનથી રહો
તરોતાજા

સંપત્તિની કદર થશે તો જ એ વૃદ્ધિ પામશે

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

શરાબ બનાવતી એક કંપનીના માલિકે થોડાં વર્ષ પહેલાં પોતાનો જન્મદિન નહીં, પણ જન્મ સપ્તાહ ઊજવ્યું હતું. આખી દુનિયામાંથી મહેમાનોને પ્રાઈવેટ જેટમાં તેડાવવામાં આવ્યા હતા. લાગલગાટ સાત દિવસ અને સાત રાત સુધી ખાણી-પીણી, મોજમજા અને થીમ પાર્ટીઓનો દોર ચાલતો રહ્યો. જાતજાતના દારૂઓની રીતસર નદીઓ વહી. ચિક્કાર ખર્ચ કરવામાં આવ્યો. દેખીતું છે કે આ બધામાં ખાવા-પીવાની ચીજવસ્તુઓનો ખૂબ બગાડ થયો હતો અને કેટલાંય કુદરતી સંસાધનોને પણ ખુડદો બોલી ગયો. નોંધવા જેવી વાત એ હતી કે આવી ભવ્યાતિભવ્ય પાર્ટી આપનારા પેલા બિઝનેસમૅને પોતાની એક કંપનીના કર્મચારીઓને મહિનાઓથી પગાર નહોતો ચૂકવ્યો. કેટલાય કર્મચારીઓએ હોમ-લૉનના હપ્તા ચૂકવવાના હતા, તો કોઈકે પોતાના પરિવાર બીમાર સભ્યની સારવાર કરાવવાની હતી. એવી જ રીતે કેટલાય કર્મચારીઓએ રોજિંદું ગાડું ગબડાવવા પૈસા ઉધાર લેવા પડેલા. તમને લાગે છે કે આ બિઝનેસમૅનની સંપત્તિ ટકી શકશે? કયા પ્રકારની લાગણીઓથી પ્રેરાઈ એ માણસે આવી જીવનશૈલી અપનાવી હશે - અહંકાર, લોભ, અદેખાઈ, ઘમંડ?

યાદ કરો એ વ્યક્તિઓ, કૉર્પોરેટ ગૃહો અને જ્ઞાતિઓને જેમની પાસે થોડાક દાયકા જ નહીં, પણ કેટલીય પેઢી સુધી સંપત્તિ ટકી રહી છે. સંપત્તિ માટે તેમને કેટલો આદરભાવ છે તે યાદ કરો. સમૃદ્ધિનો વરસાદ કંઈ બધા પર વરસતો નથી. જેમના પર ઐશ્વર્યની કૃપા ઊતરે છે એમણે જરૂર ભૂતકાળમાં અથવા પૂર્વજન્મમાં સત્કર્મો કર્યાં હશે. કદાચ તેમને એમના વડીલોનાં પુણ્યોનો બદલો મળી હોય. આથી સમૃદ્ધિ પ્રાપ્ત કરનારની ફરજ બની જાય છે કે એ પણ સારાં કર્મો કરવાનું ચાલુ રાખે. સંપત્તિની ખરી કદર આ રીતે થાય.

અલબત્ત, ધનદોલતનો ઉપયોગ આપણી જરૂરિયાતોને પૂરી કરવા માટે માલસામાન ખરીદવામાં તેમ જ જુદી જુદી સેવાઓ મેળવવામાં કરવાનો જ હોય. આપણી આસપાસનો માહોલ તેમ જ સમાજના ભલા માટે પણ પૈસા વપરાય તે જરૂરી છે. સમસ્યા ત્યારે થાય છે જ્યારે સગવડ કે જીવનશૈલીના નામે નાણાંનો વેડફાટ થવા લાગે છે. આ રીતે આપણે સંપત્તિની કદર કરવાનું ચૂકી જઈએ છીએ.

પેઢી બદલાય ત્યારે સામાન્યપણે જીવનશૈલી પણ બદલાતી હોય છે. દરેક નવી પેઢી બહેતર જીવનશૈલીવાળા માહોલમાં જન્મે છે. તેમના જીવનકાળ દરમિયાન જીવનધોરણ ઓર વધારે ઉપર ચડે છે. અલબત્ત, ક્યાંક કોઈક રીતે સંપત્તિનો વેડફાટ અને સંપત્તિની કદર ન કરવાની ભાવના જન્મે છે ત્યારે તકલીફો શરૂ થઈ જાય છે. હું જન્મ્યો ત્યારે અમારે ત્યાં મોટર નહોતી. હું બીજા ધોરણમાં આવ્યો ત્યારે અમારી પહેલી કાર આવી. અમારો ફૅમિલી બિઝનેસ હતો અને મારા કાકાઓ અને પિતાજી સાથે કામ કરતા હતા. અમારી ખુદની કાર નહોતી ત્યારે અમે કાકાઓની ગાડીમાં આવતા-જતા. મારી દીકરી જન્મી ત્યારે મારા ઘરે ઑલરેડી બે કાર હતી. અગાઉ કાર ઘરમાં હાજર છે કે નહીં તેના આધારે બહાર જવાનો કાર્યક્રમ બનતો. આજે હવે અમે એ વાતે સતર્ક રહીએ છીએ કે એક કાર હંમેશાં સેવામાં હાજર હોય છે માત્ર તેના કારણે બિનજરૂરી વેડફાટ ન થાય.

એક જ ઓરડાના ઘરમાં રહેતા હોઈએ ત્યારે બહાર જતા પહેલાં લાઈટ-પંખા બંધ કરવાનું હંમેશાં યાદ રહે છે. વીજળીનો વેડફાટ ન થાય તે સુનિશ્ચિત કરવાની જરૂર ત્યારે પડે છે જ્યારે આપણે ચાર બેડરૂમના ઘરમાં રહેતા હોઈએ. આવા ઘણાં ઉદાહરણ આપી શકાય.

સંપત્તિની કદર કરવી એટલે પૈસાનો વેડફાટ ન થાય તેની તકેદારી લેવી. માણસની ખર્ચ કરવાની એક મર્યાદા હોવી જોઈએ. સમૃદ્ધિ વધે ત્યારે આપણે વધારે સતર્ક બનવું જોઈએ. નાણું ન હોય ત્યારે સાદગીથી જીવવું સહેલું છે. કસોટી ત્યારે થાય છે જ્યારે આપણી પાસે પૈસાની છૂટ હોય. અઢળક ધનદોલત આવી ગયાં હોય ત્યારે જ આપણા સિદ્ધાંતોની પરીક્ષા થતી હોય છે.

સંસ્કૃતમાં એક ઉક્તિ છેઃ અશક્તિમાન ભવેત સાધુ અર્થાત્ જે કશુંક કરી શકે એમ ન હોય એ કહી દે કે, 'હું સાધુ છું.' આવી વ્યક્તિ આડંબરવિહીન તો નહીં પણ સાધારણ જીવન જીવે છે. આડંબરવિહીન જીવન અને સાદા જીવન વચ્ચે ભેદ છે. વૈભવી જીવન જીવી શકવાની ક્ષમતા હોવા છતાં માણસ સાદગીપૂર્ણ જીવનશૈલી અપનાવે તો એના જીવનને આડંબરવિહીન જીવન કહી શકાય. વૈભવી જીવન જીવવાના ધખારા તો બહુ હોય, પણ આર્થિક ત્રેવડ ન હોવાના કારણે ધરાર સાદગી રાખવી પડતી હોય તો તેને સાધારણ જીવન કહેવાય. આવી વ્યક્તિના મનમાં જાતજાતની ઈચ્છાઓ ઉપરાંત લાલચ અને અદેખાઈ પણ ખૂબ હોય છે.

પૈસાની કદર કરવાનો મુદ્દો ત્યારે ઊભો થાય છે જ્યારે માણસ પાસે પૈસાની છૂટ હોય. પૈસાની રેલમછેલ હોય ત્યારે જ મનને સંતુલિત અને સ્થિર રાખવાની તેમજ પૈસાની કદર કરવાની આવશ્યતા ઊભી થાય છે. આપણે મોંઘીદાટ બ્રાન્ડ્સ વિશે જાણતા હોઈએ, તે ખરીદવાની આપણી ત્રેવડ પણ હોય છતાંય સ્વસ્થપણે તે ચીજવસ્તુઓથી દૂર રહીએ ત્યારે અસલી કસોટીમાંથી પાસ થયા કહેવાઈએ.

મારા એક ક્લાયન્ટ એવા માણસોનો હંમેશાં વિરોધ કરતા જે શિસ્તમાં ન રહેતા હોય, નિયમોનું ઉલ્લંઘન કરતા હોય અથવા પોતાના લાભ માટે નિયમોને તોડવા-મરોડતા હોય. આવા લોકોને તેઓ નીચી નજરે જોતા. તાજેતરમાં એમને એના દાદા તરફથી વારસામાં તગડી રકમ મળી.

હવે એને શહેરની એક ક્લબના મેમ્બર બનવાની તાલાવેલી ઊપડી. ક્લબનો નિયમ એવો હતો કે જો તમે ક્લબથી પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં રહેતા હો તો જ સભ્યપદ મળી શકે. ક્લબની જૉઈનિંગ ફી હતી ત્રણ લાખ રૂપિયા. સભ્યપદ મેળવવા માટેનો કુલ ખર્ચ પચ્ચીસ લાખ રૂપિયા સુધી પહોંચી જતો હતો. એમણે મને ફોન કરીને પૂછ્યુંઃ 'તમે એવા કોઈને જાણો છો જે ક્લબથી પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં રહેતું હોય?'

એમનો ઈરાદો એવો હતો કે બીજા કોઈના સરનામાંનો ઉપયોગ કરીને મેમ્બરશિપ લઈ લેવી ને થોડાં વર્ષ પછી ચેન્જ-ઑફ-રેસિડન્સ માટેની અરજી કરી નાખવી. સામાન્ય સંજોગોમાં મારા આ ક્લાયન્ટને ક્લબની મેમ્બરશિપ પરવડી જ ન હોત. વળી, હું એમને જેટલા ઓળખું છું તેના આધારે કહી શકું કે જો બીજા કોઈએ આવા ગતકડાં કર્યાં હોત તો એમણે ટીકાનો વરસાદ વરસાવી દીધો હોત. હવે ઓચિંતા પૈસા દેખાયા એટલે તેઓ ખુદ આ બધું કરવા તૈયાર થઈ ગયા હતા. ધનદોલતની રેલમછેલ હોય ત્યારે નીતિમૂલ્યોને વળગી રહેવું હંમેશાં અઘરું હોય છે.

જેમ કોઈ પણ પ્રકારનો વેડફાટ સંપત્તિની કદર ન કરવાની ચેષ્ટા છે, તેવી જ રીતે બીજા કોઈનો અધિકાર છીનવી લેવો કે અન્યને એના અધિકારથી વંચિત રાખવા તે પણ સંપત્તિની કદર ન કરવાનો જ એક પ્રકાર કહેવાય. નિયમોમાં ગોબાચારી માટે પણ આમ કહી શકાય. ■

યોગિક વેલ્થ *બીજા કોઈને તાબે થઈને સંપત્તિ ભેગી ન કરો*

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

વિધડ્રૉઅલ રૂલઃ
તમારું ફાઈનાન્શિયલ ફ્રીડમ ફંડ ખરેખર કેટલાં વર્ષ ટકી શકશે?

આ અગાઉ આપણે સમજ્યા કે સમય સાથે પૈસા કેવી રીતે વધે છે, પરંતુ સંપત્તિનું સર્જન એ સફરની માત્ર અડધી કડી છે.

બીજી કડી જે ઘણીવાર અવગણી નાખીએ છીએ, જે એટલી જ મહત્ત્વની છે, જ્યારે નિયમિત આવક બંધ થાય, ત્યારે તમારાં ભેગા કરેલા પૈસા કેટલા વર્ષ સુધી તમારો સાથ આપશે?

આ પ્રશ્નનો જવાબ આપે છે 'વિધડ્રૉઅલ રૂલ' જે ખાસ કરીને નિવૃત્તિ કે નાણાકીય સ્વતંત્રતાનું આયોજન કરતા લોકો માટે હોકાયંત્ર સમાન છે.

વિધડ્રૉઅલ રૂલ શું છે?

આ એક સરળ ગણતરી છે, જે આપણને અંદાજ આપે છે કે આપણી કુલ બચતમાંથી દર વર્ષે ચોક્કસ રકમ ઉપાડીએ, તો એ ભંડોળ કેટલા વર્ષ સુધી ટકી શકશે.

તેનું સૂત્ર એકદમ સરળ છેઃ

ભંડોળનું આયુષ્ય (વર્ષમાં) = ૧૦૦ ÷ વાર્ષિક વિથડ્રૉઅલ દર (%)

એક ઉદાહરણ જોઈએઃ જો તમારી પાસે ₹ ૧ કરોડનું ભંડોળ છે અને તમે દર વર્ષે તેના ૮% ઉપાડો છો, તોઃ

* વાર્ષિક ઉપાડ = ₹૮ લાખ
* કોર્પસ ચાલવાનો અંદાજ = ૧૦૦ ÷ ૮ = ૧૨.૫ વર્ષ

કોઈ જટિલ ગણતરી નહીં માત્ર એક સ્પષ્ટ અને અત્યંત જરૂરી વાસ્તવિકતા.

આ નિયમ આજે કેમ અનિવાર્ય છે?

મોટાભાગના લોકો નિવૃત્તિ માટે મોટું ભંડોળ એકત્રિત કરવા પાછળ પૂરતું ધ્યાન આપે છે, પરંતુ તે કેટલી ઝડપથી ખર્ચાશે તે પાયાના પાસા તરફ તેમનું ધ્યાન જતું જ નથી. હકીકતમાં, કોર્પસના કદ કરતાં વધુ મહત્ત્વ 'વિધડ્રૉઅલ રેટ' (ઉપાડના દર)નું છે.

આજના સમયમાં વધતું આયુષ્ય, આરોગ્યના આસમાની ખર્ચ અને મોંઘવારીને કારણે, મોટું લાગતું ભંડોળ પણ અપેક્ષા કરતાં વહેલું ખાલી થઈ શકે છે. ₹૧ કરોડની રકમ સાંભળવામાં મોટી લાગે છે, પણ ૮% ના ઉપાડ પર તે માત્ર સવા દાયકા સુધી જ સાથ આપે છે. જો તમારી નિવૃત્તિ પછીની જિંદગી ૨૫ કે ૩૦ વર્ષ લાંબી હોય, તો આ ગણિત થોડું અસ્વસ્થ કરી શકે તેવું છે.

સુરક્ષાનો ભ્રમ

વિધડ્રૉઅલ રૂલ આપણને એક કઠોર સત્ય સામે લાવીને ઊભા કરે છેઃ ઉપાડનો ઊંચો દર નાણાકીય સુરક્ષાનો એક ખોટો આભાસ ઊભો કરે છે.

વિધડ્રૉઅલના વિવિધ સ્તરો પર નજર કરીએ તોઃ

* ૫% ઉપાડ → કોર્પસ ૨૦ વર્ષ
* ૪% ઉપાડ → કોર્પસ ૨૫ વર્ષ
* ૩.૩% ઉપાડ → કોર્પસ ૩૦ વર્ષ

આમ વિધડ્રૉઅલ રેટ જેટલો મર્યાદિત, તમારા ભંડોળનું આયુષ્ય એટલું જ લાંબું. જોકે, આ સુરક્ષા મેળવવા માટે જીવનશૈલીમાં સંયમ અને અપેક્ષાઓમાં વાસ્તવિકતા હોવી અનિવાર્ય છે.

આ નિયમ શું કરે છે અને શું નથી કરતો?

આને ચોક્કસ કેલ્ક્યુલેટર તરીકે નહીં, પણ એક 'વિચાર સાધન' તરીકે જોવું જોઈએ.

આ નિયમઃ

* તમારા ભંડોળના ટકી રહેવાનો ઝડપી અંદાજ આપે છે.
* તમારી જીવનશૈલી અને ખર્ચને વાસ્તવિકતા સાથે જોડે છે.
* શિસ્તબદ્ધ આયોજન માટે પ્રેરણા આપે છે.

પરંતુ, આ નિયમઃ

* નિવૃત્તિ દરમિયાન રોકાણ પર મળતા રિટર્નને ગણતરીમાં લેતો નથી.
* દર વર્ષે વધતી મોંઘવારીને ધ્યાનમાં લેતો નથી.
* સંપૂર્ણ નિવૃત્તિ આયોજનનો વિકલ્પ નથી.

દૃષ્ટિકોણમાં બદલાવ

જેમ સંપત્તિ બનાવતી વખતે 'વૃદ્ધિના નિયમો' આપણને ધીરજ શીખવે છે, તેમ 'વિધડ્રૉઅલ રૂલ', સંપત્તિ વાપરતી વખતે સંયમ શીખવે છે.

નાણાકીય સ્વતંત્રતા એટલે માત્ર અઢળક સંપત્તિ હોવી તે નથી, પણ એ સંપત્તિ તમારા અંતિમ શ્વાસ સુધી તમારો સાથ નિભાવે તે રીતે તેને માણવી અને વાપરવી એ છે.

આ નિયમ તમારા પ્રશ્નને નવો વળાંક આપે છેઃ 'મારે કેટલા પૈસા ભેગા કરવા જોઈએ?' એ વિચારવાને બદલે હવે એ વિચારો કે 'આ પૈસા મને જીવનભર સાથ આપે એ રીતે હું કેવી રીતે જીવી શકું?'

અંતિમ વિચાર

નાણાકીય સ્વતંત્રતા એ કોઈ ફિનિશિંગ લાઇન નથી તે એક સંતુલન જાળવવાની કળા છે.

સંપત્તિ બનાવવા માટે આશાવાદ જોઈએ, પરંતુ તેને ટકાવી રાખવા માટે વિનમ્રતા અને શિસ્ત જોઈએ.

ઝડપી વળતર પાછળ દોડતી આ દુનિયામાં, આ નિયમ આપણું ધ્યાન નાણાકીય સંચાલનના ત્રણ અત્યંત મહત્ત્વપૂર્ણ પાયા તરફ દોરે છેઃ આયુષ્ય, શિસ્ત અને ટકાઉપણું.

કારણ કે અંતે, સાચી નાણાકીય સ્વતંત્રતા એ વાત પર નિર્ભર નથી કે નિવૃત્તિના પહેલા દિવસે તમારી પાસે કેટલા પૈસા છે, પરંતુ એ વાત પર છે કે તમે કેટલા આત્મવિશ્વાસ સાથે કહી શકો છો કે આ પૈસા આવનારા દરેક વર્ષે તમારો સાથ નિભાવશે... ■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

ડેક્ટિલાઈટિસ
રોગનાં લક્ષણ રૂપે દેખા દેતી તકલીફ

ઘણીવાર આપણને કોઈ રોગ થયો હોવાની જાણ થાય તેની પહેલા તેનાં કેટલાંક લક્ષણો દેખાતા હોય છે. અનેક રોગોમાં શરૂઆતનાં લક્ષણો એવા હોય છે, જે કોઈ સામાન્ય, કામચલાઉ પરિસ્થિતિ જેવા જ લાગતા હોય તેવું શક્ય છે. તેને કારણે આપણે ઘણીવાર તેને સામાન્ય ઉપચારો વડે નિવારવાનો પ્રયત્ન કરીએ. આવું જ એક લક્ષણ છે જે અન્ય ગંભીર બીમારીનો સંકેત હોઈ શકે.

ડેક્ટિલાઇટિસ (Dactylitis) એ એક લક્ષણ છે જે મોટાભાગે એવા દર્દીઓમાં જોવા મળે છે જેમને સોજાવાળા સોરિયાટિક અથવા રુમેટોઇડ સંધિવા હોય છે, જે સ્વયં-રોગપ્રતિકારક રોગો છે. તેને 'સોસેજ ફિંગર' અથવા 'સોસેજ ટો' તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે આ સ્થિતિમાં સ્થાનિક પીડાદાયક સોજો આવે છે, જેના કારણે આંગળીઓ સોસેજ જેવી દેખાય છે.

ઘણીવાર, ડેક્ટિલાઇટિસ એ સોરિયાટિક સંધિવા ધરાવતા લોકોમાં પ્રથમ લક્ષણ હોય છે. એક સંશોધન સમીક્ષા અનુસાર, સોરિયાટિક સંધિવા ધરાવતા ૧૬ થી ૪૯ ટકા લોકો ક્યારેક ને ક્યારેક ડેક્ટિલાઇટિસનો અનુભવ કરે છે.

ઈજા અથવા અન્ય મોટાભાગના કારણોસર થતા સોજાથી વિપરીત, ડેક્ટિલાઇટિસમાં આપણી આખી આંગળી અથવા પગના અંગૂઠામાં સોજો આવી જાય છે. અમેરિકાની જાણીતી તબીબી સંશોધન અને ઉપચાર સંસ્થા 'ક્લેવલેન્ડ ક્લિનિક' નોંધે છે કે આંગળી અથવા પગનો રંગ પણ વિકૃત થઈ શકે છે, અને દુખાવો, ગરમીની સંવેદના અથવા આંગળી અથવા પગના અંગૂઠાને હલાવવામાં અથવા વાળવામાં મુશ્કેલીનો અનુભવ થઈ શકે છે.

ડેક્ટિલાઇટિસ એક અથવા વધુ આંગળીઓ અથવા અંગૂઠાને અસર કરી શકે છે, અને તેમાં આંગળી અથવા અંગૂઠાની સમગ્ર લંબાઈનો સોજો સામેલ છે. સોરિયાટિક સંધિવા ધરાવતા લોકોમાં, આંગળીઓ કરતાં અંગૂઠા વધુ વખત પ્રભાવિત થાય છે, અને એક હાથ અથવા પગ અન્ય હાથ અથવા પગ કરતાં વધુ પ્રભાવિત થાય છે, એવું સંશોધકોએ નોંધ્યું છે.

'જર્નલ ઑફ ક્લિનિકલ મેડિસિન'નાં સંશોધન જણાવે છે કે, ડેક્ટિલાઇટિસ કાં તો અસ્થાયી અથવા દીર્ઘકાલીન હોઈ શકે છે.

ડેક્ટિલાઇટિસનાં કારણ...

સોરિયાટિક સંધિવા સિવાયની કેટલીક સ્થિતિઓ જે ડેક્ટિલાઇટિસનું કારણ બની શકે છે તેમાં, રુમેટોઇડ સંધિવા, કરોડરજ્જુના સાંધાઓની ગતિ અવરોધક બળતરા, ગાઉટ, સિકલ સેલ રોગ અથવા સારકોઇડોસિસ નામક એક રોગ સામેલ છે.

ડેક્ટિલાઇટિસનું કારણ બને તેવા ચેપ

ડેક્ટિલાઇટિસનું કારણ બનતા ચેપ સૌથી દુર્લભ કારણ છે, પરંતુ તે થઈ શકે છે. કેટલાક ચેપ જે સામેલ છે, લાઈમ રોગ, સિફિલિસ, ક્ષય રોગ, ફ્લેક્સર ટેનોસિનોવાઈટીસ, ફોલ્લાવાળું ડિસ્ટલ ડેક્ટિલાઇટિસ.

જો તમને તમારી આંગળીઓ અથવા અંગૂઠામાં સોજો આવે છે, તો તબીબ પાસે તેની તપાસ કરાવવી મહત્ત્વપૂર્ણ છે; ભલે તમને પહેલાથી જ ખબર હોય કે તમને સોરિયાટિક સંધિવા અથવા ડેક્ટિલાઇટિસનું કારણ બની શકે તેવી બીજી સ્થિતિ છે. જે લોકોને સોરિયાટિક સંધિવાની શરૂઆતમાં ડેક્ટિલાઇટિસ હોય છે તેમને સામાન્ય રીતે ગંભીર સોરિયાટિક સંધિવા હોવાની વધુ શક્યતા હોય છે.

તમારા લક્ષણો અને રોગની ગંભીરતા અનુસાર તબીબો સૂચવે તે દવા તો લેવી જ જોઈએ. તે સિવાય, ઘરગથ્થુ ઉપચારો તમને થોડી રાહત આપી શકે છે. તમે ઠંડા પાણીમાં તમારી આંગળીઓ અથવા અંગૂઠા પલાળી રાખવા જેવી કોલ્ડ થેરાપી અજમાવી શકો છો. તેનાથી ડેક્ટિલાઇટિસ સાથે સંકળાયેલ પીડા અને જડતાને ઓછી કરવામાં તમને મદદ મળશે. તમે પાતળા કપડામાં બરફ લપેટીને બરફનો શેક કરી શકો છો. તેને અસરગ્રસ્ત વિસ્તારોમાં ૧૫ મિનિટ માટે દિવસમાં ઘણી વખત લગાવી શકો છો.

સોજો ધરાવતા સંધિવાને કારણે થતા ડેક્ટિલાઇટિસથી પીડાતા દર્દીઓને પણ સોજા વિરોધી આહાર ખાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, જેમ કે ભૂમધ્ય પ્રદેશનો આહાર, જે ખાંડ, ગ્લુટેન અને આલ્કોહોલનું સેવન મર્યાદિત કરે છે. તે ઉપરાંત ઓર્ગેનિક ઉત્પાદનો, સીફૂડ અને ઓલિવનું તેલ ખાવાની સલાહ અપાય છે. જે લોકો સંધિવાથી પીડાય છે તેમના માટે વજન ઘટાડવું પણ ખૂબ જ મદદરૂપ થાય છે.

ડેક્ટિલાઇટિસની સારવાર તરીકે કસરતની સલાહ પણ આપવામાં આવે છે. યોગ, તાઈ ચી, વોટર એરોબિક્સ, સ્વિમિંગ, ચાલવું કે સાઇકલ ચલાવવી એ બધી જ સારી, ઓછી મહેનતની કસરતો છે જે સાંધાઓને ગતિશીલ રાખવામાં મદદ કરશે અને દુખાવો ઘટાડવામાં મદદ કરશે. કસરત દ્વારા મુક્ત થતા એન્ડોર્ફિન પીડા અને હતાશામાં પણ મદદ કરે છે.

ડેક્ટિલાઇટિસ પર નિયંત્રણ મેળવવા એ જરૂરી છે કે તે થવા પાછળના મૂળ કારણ શોધીને તેનો ઉપચાર શરૂ કરવામાં આવે. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી

દરરોજ
કંઈક નવું-
દરરોજ કશું
અનોખું!

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

બહુ ઉપયોગી ગુંદર...

વનરાઈ એ પ્રકૃતિનું અણમોલ ઘરેણું છે. વનરાઈ માત્ર પર્યાવરણ માટે નહિ પણ માનવજાત અને પશુપંખીઓના અસ્તિત્વ માટે પણ જરૂરી છે. તે જીવન જરૂરિયાત માટે લાકડું, ફળ, ઔષધિઓ અને છાંયડો પૂરો પાડે છે. વનરાઈનું જતન આજના યુગમાં બહુ મહત્ત્વનું બની ગયું છે. વનરાઈ જો નષ્ટ થાય તો દુકાળ કે અનાવૃષ્ટિની સમસ્યાઓ આવીને ઊભી રહેશે. વનરાઈ માત્ર વૃક્ષો નથી તે જીવન છે જે માનવના જીવન મુખ્ય અંગ છે. વૃક્ષોથી ઔષધિઓ મળે છે. આ ઔષધિઓ શરીરને ટકાવી રાખવા તેમજ બીમારીઓ કે રોગોથી લડવા માટે જરૂરી છે. આની ચર્ચા બહુ થતી નથી પણ છતાંય તે અતિ ઉપયોગી હોય છે.

વૃક્ષોમાંથી મળતો એક ચીકણો પદાર્થ જેને 'ગુંદર' કહેવાય છે. આ શરીરને મજબૂત બનાવવા માટે અતિ ઉપયોગી છે. આ એક કુદરતી ડિટોક્સિ ફાયર છે. આના ઘણાય પ્રકાર છે. મુખ્ય રીતે બાવળના ગુંદર અને કતીરા કે કળિયો ગુંદરનું ચલણ વધારે છે. અન્ય ગુંદરોનું મહત્ત્વ પણ ખૂબ જ છે. આની જાણકારી ખૂબ જરૂરી છે. સરગવો કે મોરિંગામાંથી મળતો ગુંદર, આંબાના વૃક્ષનો આમ ગુંદર, કડવા લીમડાનો નીમ ગુંદર, વડના ઝાડમાંથી મળતો વડીયો ગુંદર કે બરગદ ગુંદર, બેલ ગુંદર, ગુગ્ગુલ ગુંદર, સાલ વૃક્ષમાંથી સાલ ગુંદર, શત્તકીય ગુંદર, જુપ્ગુલ ગુંદર, અર્જુનના વૃક્ષમાંથ અર્જુન ગુંદર, અશોકના વૃક્ષમાંથી મળતો અશોક ગુંદર, ખેરના ઝાડમાંથી મળતો ખેર ગુંદર, આમલીના વૃક્ષમાંથી મળતો આમલી કે ઈમલી ગુંદર, રાળના વૃક્ષમાંથી મળતો રાળ ગુંદર તેમજ હિંગ પણ એક ગુંદરનો જ પ્રકાર છે. લોબાન પણ ગુંદરનો જ પ્રકાર છે. પલાશના ઝાડમાંથી પણ પલાશ ગુંદર મળે છે.

બાવળના વૃક્ષમાંથી મળતું ગુંદર ખાસ કરીને કેલ્શિયમ તત્ત્વથી ભરપૂર છે. આનો ઉપયોગ ખૂબ જ વધારે છે. હાડકા સંબંધિત, સાંધાનો દુખાવો તેમજ સુવાવડી સ્ત્રીને પણ ખૂબ ઉપયોગી છે. બાવળમાં ખાસ તત્ત્વો છે જે કિડનીની સમસ્યામાં કે તેની કાર્યક્ષમતા વધારવા માટે મદદગાર છે. જે જીએફઆર લેવલ વધારે છે. ઘૂંટણના દુખાવા માટે તે ઉપયોગી છે. જે ઘૂંટણના સાંધાને લુબ્રિકેશન કરે છે. બાવળની દાંડીથી દાતણ કરવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય તેમજ ગુંદરથી પણ લોહી નીકળતું અટકે છે.

ખેરનો ગુંદરઃ આ ગુંદર લગભગ ભારતના દસથી બાર રાજ્યમાંથી મળી આવે છે. હલકો કાળાશ રંગનો છે જે બાવળના ગુંદરની અવેજીમાં વપરાય છે. તેમજ હલકા પીળાશ ગાંગડાવાળો પણ હોય છે. સ્વાદે મીઠો હોય છે. બાર ટકા જેટલું પ્રોટીન ધરાવે છે. આ સ્વાદ મીઠો તુરાશવાળો છે તેથી રક્ત સ્તંભક, રક્તસ્ત્રાવને અટકાવનારો અને રક્તવિકારના રોગોમાં હિતકાર છે. તેથી સુવાવડી બાઈને રક્તસ્ત્રાવની સમસ્યામાં ખૂબ ઝડપી ફાયદો કરે છે. ગર્ભાશયનો સોજા કે વારંવાર કવસૂવાવડની સમસ્યામાં ઔષધિ ફળ છે. કુષ્ટ રોગ, ખસ, ખરજવુંમાં પણ ખૂબ ઉપયોગી છે.

પલાશનો ગુંદરઃ હાડકાંની મજબૂતી માટે ઉપયોગી છે. આમળાના રસ સાથે લેવાથી શરીર પૃષ્ટ બને. અતિ નબળાઈવાળા વ્યક્તિઓ માટે જરૂરી છે. વીર્ય વૃદ્ધિ માટે પણ પ્રયોગ કરી શકાય. માંસપેશી મજબૂત બનાવે છે. તેથી હૃદયરોગનો ખતરો ઘટી જાય છે. કરોડરજ્જુને મજબૂત બનાવે છે.

કલીશ ગુંદર કે કળિયો ગુંદર સ્ટ્રોબિલેન્થેસ નામના વૃક્ષમાંથી મળે છે. સફેદ અથવા હલકા બદામી રંગનો છે. આ પાણી કે દૂધમાં નાખી લેવાય છે. ગરમીમાં પિત્તની સમસ્યા દૂર કરે છે. શરીરને શક્તિ આપે છે. પાચન સંબંધી તકલીફો દૂર કરે છે. ત્વચાના રંગ નિખારે છે અને જુવાન બનાવે છે. લીંબુ શરબત સાથે લેવાથી હીટ સ્ટ્રોક કે ડીહાઈડ્રેશનથી બચી શકાય છે. ત્વચાની બળતરા શાંત કરે છે. બરોળની વ્યાધિમાં ખૂબ જ ઉપયોગી છે. બરોળના સોજાને દૂર કરે છે. એલર્જીથી થતી સમસ્યામાં આ ગુંદર લઈ શકાય.

કડવા લીમડાનો ગુંદર કે નીમ ગુંદરઃ આ બહુમુખી પ્રાકૃતિક ગુંદર છે જે મુખ્યરૂપથી ત્વચાના રોગો, ઘાવ ભરવા, પેટની સમસ્યા અને રક્ત શુદ્ધિ કરનાર છે. શરીરની આંતરિક ઊર્જા અને મજબૂતી બનાવી રાખે છે.

મોરિંગ ગુંદર કે સરગવાનો ગુંદર પોષણથી ભરપૂર છે. સાંધાના દુખાવા, સોજા, બ્લડ શુગરને નિયંત્રણ કરનાર છે. વાળનું સૌંદર્ય વધારે છે. આર્થરાઈટીસની વ્યાધિમાં ગુણકારી છે. હાઈ પ્રેશરને કંટ્રોલ કરે છે જેથી હૃદયને નુકસાન થતું અટકાવે છે. પાણી કે દૂધમાં નાખી લઈ શકાય છે. આ સૌથી તાકાતવાન ગુંદર કહેવાય છે. આંખની સમસ્યાઓ માટે સારું પરિણામ આપે છે.

આમલીનો ગુંદરઃ દવાઓને ગાઢી બનાવવા માટે ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. હલકા પીળા રંગનો છે. કોલેસ્ટ્રોલના સુધાર માટે સારું કામ કરે છે.

અર્જુન વૃક્ષનો ગુંદરઃ આની કિંમત ખૂબ જ ઊંચી છે જે આયુર્વેદિક દવાઓ બનાવવા માટે વપરાય છે. હૃદયના સ્વાસ્થ્ય માટે રામબાણ છે. ફ્રેકચર અને હાડકાના દુખાવા માટે આને વાપરવો જોઈએ. આનો લેપ પણ કરી શકાય છે. લોહી પાતળું રાખવા માટે ઉપયોગી છે. પાણીમાં ઉકાળી કાઢા તરીકે લઈ શકાય. બકરીના દૂધમાં આને પીસીને પીવાથી હાડકા જોડાઈ જાય.

રાળ ગુંદરઃ આ ગુંદર સુગંધિત અને ચીકણું હોય છે. સોજા કે ઘાવ ભરવા માટે વપરાય છે. શ્વાસ સંબંધી બીમારી માટે વપરાય છે. આમાંથી અગરબતી અને વાર્નિશમાં પણ ઉપયોગ થાય છે.

વડના વૃક્ષનો ગુંદરઃ આનો ઉપયોગ લોહી શુદ્ધ કરવા, ખીલની સમસ્યા, વાળની ગ્રોથ માટે ઉપયોગ થાય છે. વાળની બધી જ સમસ્યા દૂર કરે છે. વડની વડવાઈને ઘસીને ચામડી પર લગાડવાથી ત્વચા સાફ રહે છે. માથામાં આનો લેપ કરવાથી ટાલમાં પણ વાળ ઊગે છે. આનો ગુંદર એરટાઈટ ડબ્બામાં પેક કરવો.

બેલના વૃક્ષનો ગુંદરઃ રાતભર ભીંજવીને ઉપયોગ કરવો. અતિસાર, સંગ્રહણી જેવી વ્યાધિઓ માટે ઉપયોગી છે.

ગુંદરનો ઉપયોગ સૌથી વધુ ગુજરાત અને રાજસ્થાનમાં થાય છે. અન્ય રાજ્યમાં વધુ નથી થતો. ગુંદર એ કારગર ઔષધિ તરીકે પ્રખ્યાત છે. લાડવા કે ગુંદરપાક તેમ જ રાબ બનાવીને વાપવામાં આવે છે.

ડિસ્કવરી ચેનલ પર એક પ્રોગ્રામ જે પ્રાણીઓ પર આધારિત હતો તે એક પ્રોગ્રામમાં વાંદરા પર એક ડોક્યુમેન્ટરીમાં જોયું કે જ્યારે વાંદરી બચ્ચાને જન્મ આપે છે અને તરત વાંદરું ઝાડ પરથી ગુંદર કાઢી તેના મોઢામાં નાખી ભીનું કરી ગોળો બનાવીને વાંદરીને ખવડાવે છે. આ દૃશ્ય મને અદ્ભુત લાગ્યું કે વાચા નથી પણ સમજ પ્રાણીઓમાં ખૂબ ઊંડી છે. આના પરથી જણાયું કે ગુંદર એ મૂલ્યવાન ઔષધિ છે. ■

feedback@bombaysamachar.com
વિશેષ
ખુશ્બુ મુલાણી ઠક્કર

આમળાઃ ઈમ્યુનિટી બૂસ્ટર

શિયાળામાં જે ખાવા પીવાની મજા આવે તે કોઈ પણ ઋતુમાં આવતી નથી. શિયાળામાં જેટલી વસ્તુઓ ખાઓ તેટલું તમને આખા વર્ષ માટે તાકાત મળી રહે છે. આમળા એ એનું પરફેક્ટ ઉદાહરણ છે. આમળા ખાઓ કે પછી તેનો જ્યુસ બનાવીને પીવો, બન્ને તેટલા જ ગુણકારી છે. શિયાળામાં રોજ એક કે બે આમળા ખાવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત થાય છે, કારણ કે તેમાં નારંગી કરતાં ૨૦ ગણું વધુ વિટામિન ઈ હોય છે. શરદી-ઉધરસ, ખાંસી જેવી સામાન્ય બીમારીઓથી બચાવે છે અને શરીરને ગરમ રાખવામાં પણ મદદ કરે છે. પાચનતંત્ર સુધારે છે અને કબજિયાત દૂર કરે છે. ત્વચા ચમકદાર બનાવે છે અને વાળને પ્રીમેચ્યોર ગ્રે થતા અટકાવે છે. હૃદય માટે ફાયદાકારક છે, ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે છે. વજન નિયંત્રણમાં મદદ કરે છે. આમળાને તમે કાચું ખાઈ શકો છો, રસ બનાવીને પી શકો છો, મુરબ્બો, અથાણું કે કેન્ડી તરીકે લઈ શકો છો. શિયાળો એટલે આમળાનો સમય દરરોજ થોડુંક લો અને સ્વસ્થ રહો. ચાલો જાણીએ આમળાનું કઈ કઈ રીતે સેવન કરી શકાય.

આમળા જ્યુસની પાંચ અલગ-અલગ સ્વાદિષ્ટ અને હેલ્ધી રેસિપી આપેલ છે. આ બધી રેસિપી ઈમ્યુનિટી બુસ્ટ કરે છે, શરદી-ઉધરસથી બચાવે છે અને વિટામિન ઈથી ભરપૂર છે. મુંબઈના ઠંડા દિવસોમાં સવારે ખાલી પેટ પીવા માટે પરફેક્ટ છે. દરેક રેસિપી ૨ ગ્લાસ માટે છે.

ક્લાસિક આમળા-આદું જ્યુસ (સિમ્પલ ઈમ્યુનિટી બુસ્ટર)

સામગ્રીઃ ૮-૧૦ તાજા આમળા (બી કાઢીને ટુકડા કરેલા) ,
૧ ઇંચ આદુંનો ટુકડો,
૧ ચમચી લીંબુનો રસ,
ચપટી સિંધવ મીઠું અથવા કાળું મીઠું,
એક-દોઢ કપ પાણી

રીતઃ આમળા, આદું અને પાણીને મિક્સરમાં બરાબર ગ્રાઇન્ડ કરો. ગાળી લો, લીંબુનો રસ અને મીઠું ઉમેરીને હલાવો. ઠંડું પીરસો. (આદું શરીરને ગરમ રાખે છે અને પાચન સુધારે છે.)

આમળા-લીલી હળદર-આદું ડિટોક્સ જ્યુસ (એન્ટી-ઈન્ફ્લેમેટરી)

સામગ્રી : ૬-૮ આમળા
૧ ઇંચ લીલી હળદર (અથવા અડધી ચમચી પાઉડર)
અડધો ઇંચ આદું
૪-૫ કાળી મરીના દાણા
ચપટી મીઠું
૧ કપ પાણી
૧ ચમચી મધ અથવા ગોળ (વૈકલ્પિક)

રીતઃ બધું મિક્સરમાં પીસીને ગાળો. મધ ઉમેરીને પીઓ.
(શિયાળામાં સોજા અને ઠંડીથી થતી તકલીફમાં ખૂબ ફાયદો.)

મસાલેદાર આમળા-ફુદીનો જ્યુસ (ચટપટો ટેસ્ટ)

સામગ્રીઃ ૮ આમળા
૧૦-૧૨ ફુદીનાના પાન
અડધી ચમચી જીરું પાવડર
ચપટી સંચળ અને મરી પાવડર
૧ ચમચી લીંબુનો રસ
દોઢ કપ પાણી

રીતઃ આમળા, ફુદીના અને પાણીને બ્લેન્ડ કરો. ગાળીને મસાલા અને લીંબુ ઉમેરો. બરફ સાથે પીઓ.
(ઠંડા દિવસોમાં તાજગી આપે છે અને પાચન માટે સારું.)

આમળા-લીંબુ-મધ જ્યુસ (સ્વીટ એન્ડ સૉર)

- **સામગ્રીઃ** ૬-૮ આમળા
૨ ચમચી મધ અથવા ગોળ
૧-૨ લીંબુનો રસ
ચપટી કાળું મીઠું
૧ કપ પાણી

- **રીતઃ** આમળાને પીસીને ગાળો, પછી બધું મિક્સ કરીને હલાવો. ઠંડું પીવો.
(વજન ઘટાડવા અને સ્કિન ગ્લો માટે બેસ્ટ, મધ ગળાને આરામ આપે છે.)

સુપર ઈમ્યુનિટી આમળા શોટ (કોન્સન્ટ્રેટેડ રોજ ૧ નાનો ગ્લાસ)

સામગ્રીઃ ૬ આમળા
અડધો ઇંચ આદું
૧ ઇંચ લીલી હળદર
૪-૫ કાળી મરી દાણા
૬-૮ કઢીપત્તાના પાન
ચપટી મીઠું
અડધો કપ પાણી

રીતઃ બધું બ્લેન્ડ કરીને ગાળી લો. ખાલી પેટ ૩૦-૫૦ એમએલ. પીઓ.

feedback@bombaysamachar.com
ટૂંકું ને ટચ
અનંત મામતોરા

બ્રોકોલી શિયાળામાં સુપરફૂડ કેમ બની રહી છે?

રોગપ્રતિકારક શક્તિથી લઈને ત્વચા સુધી તેના ફાયદાઓ વિશે જાણો

બ્રોકોલી વિટામિન સી અને એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. નિયમિત સેવન શરીરને શરદી, ખાંસી, ફ્લૂ અને અન્ય ચેપથી બચાવવામાં મદદ કરે છે.

વિટામિન, ખનિજો અને એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર, બ્રોકોલી શિયાળાની ઋતુમાં શરીર માટે સુપરફૂડ છે. તે માત્ર રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે જ નહીં પરંતુ પાચનથી લઈને ત્વચાના સ્વાસ્થ્ય સુધીની દરેક બાબતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કાચી, બાફેલી, શેકેલી કે સૂપ સ્વરૂપમાં ખાવામાં આવે, બ્રોકોલીને તમારા આહારમાં સામેલ કરવી સરળ છે. શિયાળા દરમિયાન તેને ખાવાથી શરીર અંદરથી ગરમ રહે છે અને મોસમી બીમારીઓથી બચવામાં મદદ મળે છે. હવે, ચાલો સમજાવીએ કે બ્રોકોલી શિયાળામાં સુપરફૂડ કેમ બની રહી છે અને રોગપ્રતિકારક શક્તિથી લઈને ત્વચા સુધી તેના ઘણા ફાયદા છે.

બ્રોકોલી વિટામિન સી અને એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. નિયમિત સેવન શરીરને શરદી, ઉધરસ, ફ્લૂ અને અન્ય ચેપથી બચાવવામાં મદદ કરે છે.

બ્રોકોલીમાં ઉચ્ચ ફાઇબર સામગ્રી પાચનમાં સુધારો કરે છે અને કબજિયાતમાં રાહત આપે છે. શિયાળા દરમિયાન, જ્યારે ચયાપચય ધીમો પડી જાય છે, ત્યારે બ્રોકોલી આંતરડાને સક્રિય રાખીને એકંદર સ્વાસ્થ્યને ટેકો આપે છે.

વધુમાં, કેલ્શિયમ, વિટામિન અને મેગ્નેશિયમથી ભરપૂર બ્રોકોલી હાડકાં માટે ફાયદાકારક છે. શિયાળા દરમિયાન તેને ખાવાથી હાડકાની નબળાઈ, સાંધાનો દુખાવો અને જડતા અટકાવવામાં મદદ મળે છે.

બ્રોકોલીમાં રહેલા વિટામિન એ અને સી, એન્ટીઑકિસડન્ટો સાથે, ત્વચાને મુક્ત રેડિકલથી રક્ષણ આપે છે. આ ત્વચાને સુધારવામાં અને ભેજ જાળવી રાખવામાં મદદ કરે છે, શિયાળામાં પણ તેને સ્વસ્થ અને ચમકદાર રાખે છે.

બ્રોકોલીમાં સલ્ફોરાફેન જેવા સંયોજનો હોય છે, જે શરીરમાં બળતરા ઘટાડવામાં મદદ કરે છે. આ સાંધાના દુખાવા, સ્નાયુઓની જડતા અને શિયાળામાં થતી અન્ય બળતરા સંબંધિત સમસ્યાઓથી રાહત આપે છે.

બ્રોકોલી શરીરની કુદરતી ડિટોક્સિફિકેશન પ્રક્રિયાને ટેકો આપે છે, પ્રોસેસ્ડ ખોરાક અને પ્રદૂષણમાંથી સંચિત ઝેરને દૂર કરવામાં મદદ કરે છે, જે શિયાળા દરમિયાન ભારે ખાવાને કારણે ખાસ કરીને મહત્વપૂર્ણ છે.

બ્રોકોલીમાં રહેલા ફાઇબર, પોટેશિયમ અને એન્ટીઑકિસડન્ટો કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવામાં અને રક્ત પરિભ્રમણને સુધારવામાં મદદ કરે છે. શિયાળામાં તેનું સેવન હૃદયના સ્વાસ્થ્યને પણ ટેકો આપી શકે છે.

લ્યુટીન અને ઝેક્સાન્થિન જેવા એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર બ્રોકોલી આંખોને નુકસાનથી પણ બચાવે છે. તે શિયાળા દરમિયાન શુષ્કતા અને ઉંમર સંબંધિત આંખોની સમસ્યાઓને રોકવામાં મદદ કરે છે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

આ પત્ર એ જ મારું બીલીપત્ર



પ્રિય મહાદેવ,

કેમ છો? મજામાં? આજે તો શિવરાત્રી, તારો પૂજાવાનો દિવસ એટલે જલસા જ હોય ને? આમેય તું ક્યાં માણસ છે કે તને અમારી જેમ ધન-સાધન, પદ-પ્રતિષ્ઠા, કીર્તિ- નામના આ બધુ કમાવાની ચિંતા હોય, અમારે આ બધુ મેળવવા પર્વતમાંથી ઝરણુ નદી બનવા દોડે એમ તારા પાછળ દોડવુ પડે છે. તું મળીશ એ આ ા શ ા એ બાબુલનાથથી માંડી અમરનાથ સુધીના મંદિરોમાં તને શોધવા તારા ભક્તો 'ચંદાકો ઢુંઢને સભી તારે નીકલ પડે' ગાતા ગાતા નીકળી પડે છે. આમ છતાં તું ક્યાં મળે છે? એકવાર મેં પણ તને મોબાઈલ લગાવ્યો પણ તારો અવાજ સાંભળી હું ચમક્યો.

'પ્રભુ , આપના અવાજને શું થયું? હિમાલયની ઠંડીથી શરદી થઇ છે? આમ સ્ત્રી જેવો અવાજ? પછી ખબર પડી કે મોબાઈલ અમરનાથના બદલે વૈષ્ણવદેવી લાગી ગયેલો.

મારે તો રૂબરૂ મળવું હતુ પણ ગૂગલમાં સર્ચ કર્યું તો ખબર પડી કે એ માટે અમારે ફરજીયાત કૈલાસવાસી થવું પડે, પણ કઈ લાશ કૈલાસવાસી થશે એ કેમ ખબર પડે. અને તને મળવા મરવા જેવું ગાંડપણ પણ ન કરાય.

પ્રભુ, એક ખાનગી સવાલ કરું? આ અમારામાં જેમ માણસો સ્વર્ગવાસી થાય તો પ્રાર્થનાસભા યોજાય છે એમ તમારામાં ફલાણા કે ઢીકણાભાઈ પૃથ્વીવાસી થયા છે એવું અખબારમાં છપાવી શ્રદ્ધાંજલિસભા રાખો છો?

પ્રભુ, તું ક્યાંય ન મળ્યો એટલે અંતે ખૂબ મનોમંથન પછી આ પત્ર લખવા પ્રેરાયો ને આ પત્ર એ જ મારું બીલીપત્ર...નાઉ ટેલ મી. તું ઉપરથી નીચે મોકલે છે તો પાછો ઉપર બોલાવે છે શું કામ? ને બોલાવે છે તો મોકલે છે શું કામ? તારું આ ગણિત સમજાતું નથી ને મોકલીને તું વળી કઈ ગલીમાં છુપાઈ જાય છે? અરે, તારે મળવું જ ન હોય તો આ જનમ- મરણનો ખેલ માંડ્યો શું કામ? કોના માટે માંડ્યો છે? મને પણ ચંબુએ કીધુ 'અંકલ, શિવરાત્રી છે ચાલો બાબુલનાથ દર્શન કરવા.'

'કેમ ભૈ, દિવાળીમાં કે હોળીમાં પ્રભુ હિમાલય જતો રહેશે? જો ચંબુ, તું મને ઈશ્વર કરતાં પણ વધારે વ્હાલો લાગે છે એટલે તને કંપની આપવા આવીશ. બાકી મેં તો નક્કી જ કર્યું હતું કે આખી ચાલીમાંથી બટકુ રોટલો માગીને ચલાવી લઉં, અરે તેના જ મંદિર આગળ બેસી ભીખ માગુ પણ અંદર તો નઈ જ આવુ. રોજના કેટલા ભિખારીઓ ભક્તના રૂપમાં જાય છે. શું મળ્યું? ચંબુ, જેના કાનમાં આપણી ફરિયાદ પહોંચતી જ ન હોય, ને આટલો જ્ઞાની હોવા છતાં આપણા ચહેરાની મજબૂરી વાંચી ન શકતો હોય એની પાસે વળી શું જવાનું? એના કરતા સરકાર સારી કે 'અચ્છે દિન આયેંગે' બોલી આશામાં જીવાડે તો છે'.

'અરે અંકલ, થોડી ધીરજ રાખવાની. આપણે અનેક છીએ તે એક જ છે. તેની પાસે ફરિયાદોની ફાઈલોનો ઢગલો પડ્યો છે. અને તેણે આપણામાં શ્વાસ મુક્યો તો આપણે થોડો વિશ્વાસ નઈ મુકવાનો?'

'થોડો નઈ એ વિશ્વનાથ પર પૂરો વિશ્વાસ. વિશ્વાસ પર તો વિશ્વ ટક્યુ છે. પણ મોંઘવારીમાં ગરીબોની આંખમાં વિહાર ને વૈતરણા છલકાય છે એ લુછવા નઈ આવવાનું? એની ચિંતા એને નઈ કરવાની?'

'અંકલ, તમે તો આદું ખાઈને ઈશ્વર પાછળ પડી ગયા છો.'

'આદું પણ ક્યાં સસ્તુ છે કે એ ખાઈને ઈશ્વર પાછળ પડાય? ચાલ, આપણે નીકળીએ મંદિર જવા. ને હું અહી આવી ગયો...

'ભગવંત , તારું મંદિર જોઈ હું દંગ થઇ ગયો. મને થયું અલ્યા પ્રભુ, આ મુંબઈમાં હવે જગ્યાના ભાવ સ્કવેરફૂટના બદલે સેન્ટીમીટરમાં બોલાવા લાગ્યા છે તેથી અમે તો ૧૦ બાય ૧૦ની ખોલીમાં આખો પરિવાર ટૂંટિયુ વાળીને પડ્યો રહે છે ને તું આવા અબજોના આલીશાન મંદિરમાં જલસા કરે છે તો તને અમારી દશા પર દયા નથી આવતી?'

'યુ નો? તારા મંદિર બહાર હું ને ચંબુ લાઈનમાં ઊભા હતા ત્યાં પેટાપૂજારીએ આવી પૂછ્યું 'દર્શન કરવા આવ્યા છો?'

'તો શું અમે અહીં ટેલિફોનનું બીલ ભરવા ઊભા છીએ?' મેં સામે પૂછ્યું

'૨૦૦ રૂપિયા આપો તો હમણાં તત્કાલ દર્શન કરાવું ભીડમાંથી મુક્તિ.'

'તું ૧૦૦ આપ તો અમે દર્શન કર્યા વગર જ જતા રહીશુ, હવે બોલ' ચંબુની પણ છટકી

'શું બોલું સાહેબ, ઘર દર્શનથી નઈ પૈસાથી ચાલે છે એટલે તો આ ધંધો ચાલુ કર્યો. તમે ૨૦૦ આપશો એમાંથી મારા ભાગે તો ૨૫ જ આવશે બાકીના અંદર આપવામાં...' એટલું બોલી નીકળી ગયો.

દર્શનની લાઈનમાં હજી બે કલાક લાગશે. એટલે મને થયું જગતના માલિકના દર્શન નઈ થાય તો ચાલશે પણ ઓફિસનો માલિક નોકરીમાંથી કાઢી મુકશે તો ક્યાં જઈશ?

છેલ્લે એક બોલ્ડ વાત પૂછું? અમે તારા મંદિરમાં આવવા તારા આમંત્રણની ક્યારેય રાહ જોઈ નથી તો તું અમારા ઘરે આવવા કઈ આમંત્રણ પત્રિકાની રાહ જોઈ બેઠો છે?

આપણે તો લાગણીઓથી એવા બંધાયા છીએ કે અમને તારા વગર ન ફાવે તો તને અમારા વગર કેમ ફાવે? બોલ

ખોટુ કીધુ? અમે ભલે તને મળવા લાઈનમાં ઊભા રહીએ પણ મને મળવા તારે લાઈનમાં નઈ ઊભા રહેવુ પડે.

પ્રોમિસ બસ. બોલ ક્યારે આવે છે? પ્રભુ છેલ્લો પ્રશ્ન. સાચુ બોલજે આ અમને ક્યારેક ભગવાન બનવાની ખુજલી ઉપડે છે એમ તને ક્યારેય ભક્ત થવાનું તૂત ઉપડે છે?'

-ને બોસ અચાનક પહેલીવાર મૂર્તિ બોલી :

'તારું પત્યું? તો હું બોલુ, કોઈને કહેતો નઈ પણ તારે મંદિર આવવાનું જ નથી.

જેમ બોરમાં ઠળિયો છુપાયો હોય એમ જનમથી હું તારામાં છુપાયો છું. તારા અંદર જીવ નથી પણ શિવ છે. તો તારું શરીર એક મંદિર બન્યું કે નઈ? હવે તું જ ભક્ત ને તું જ ભગવાન. સમજ્યો?'

સાલુ, આ મૂર્તિ બોલી ને મારી બોલતી બંધ કરી દીધી.

શું કહો છો? ■

feedback@bombaysamachar.com

પૌષ્ટિકતાનો ખજાનો ધરાવતાં વિવિધ કડધાન્ય (દાળ-કઠોળ)...

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

કુદરતની કરામત ગજબની છે. પ્રત્યેક જીવનને ટકાવી રાખવાની વ્યવસ્થા અદ્ભુત રીતે કરવામાં આવેલી છે. તેથી જ તો કહેવત બની કે 'કીડીને કણ હાથીને મણ'. જીવનને સુચારૂ રીતે ધબકતું રાખવા વિવિધ ફળ-શાકભાજી-કડધાન્ય-વનસ્પતિની ભેટ આપી છે. માનવી સદાકાળ જમીનથી જોડાયેલો રહે તે માટે જમીનને ફળદ્રુપ બનાવીને અનાજમાં મીઠાશ ભરી. કોઈ પ્રત્યે ભેદભાવ નહીં. બધા જ જીવનું આરોગ્ય જળવાઈ રહે તેવી અનન્ય વ્યવસ્થા છે.

પશુ-પંખી કાચું ખાઈને તંદુરસ્ત રહે છે. એક સમયે માનવી કાચું ખાઈને જ ગુજરાન ચલાવતો. ધીમે ધીમે સમય બદલાતા ભોજનને પકાવીને તેને વધુ સ્વાદિષ્ટ બનાવીને ઉપયોગમાં લેવામાં આવવા લાગ્યું. આજે તો સમય એવો આવી ગયો છે કે નિષ્ણાત શૅફ વિવિધ વાનગીઓની રીત યુ-ટ્યૂબ ઉપર સરળ રીતે શીખવવા લાગ્યા છે. જેમાં પરિવારના એકેએક સભ્યની ભાવતી વસ્તુને ધ્યાનમાં રાખવામાં આવે છે. જેને કારણે આધુનિક માતા ભોજનને સ્વાદિષ્ટ-પૌષ્ટિક બનાવવા ઉત્સાહિત જોવા મળે છે. ઘરની રસોઈ ભેળસેળ વગરની હોય છે. અત્યંત કાળજી લઈને બનાવવામાં આવે છે. તેની તુલનામાં બજારુ વાનગીમાં ભેળસેળની શક્યતા વધી જાય છે. તેથી જ ઘરના ભોજનની સરખામણીમાં બહારનું ભોજન ઓછું આરોગ્યવર્ધક ગણાય છે.

તા.૧૦મી ફેબ્રુઆરી ૨૦૨૬ને મંગળવાર એટલે કે આજનો દિવસ ભારતીય સંસ્કૃતિ તેમજ ભારતીય ભોજનની વિવિધતા માટે મહત્ત્વનો ગણાય છે. તેનું મુખ્ય કારણ છે ૧૦ ફેબ્રુઆરીનો દિવસ 'વિશ્વ કડધાન્ય દિવસ' (આંતરરાષ્ટ્રીય પલ્સીસ ડે) તરીકે વિશ્વભરમાં ઊજવવામાં આવે છે. વર્ષ ૨૦૧૮ના ડિસેમ્બર માસમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા 'વિશ્વ પલ્સીસ દિવસ' ઘોષિત કરવામાં આવ્યો હતો. ૨૦૧૯થી પ્રતિવર્ષ ૧૦ ફેબ્રુઆરીના દિવસને 'દાલ-કડધાન્ય દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસે વિવિધ પ્રકારનાં દાળ-કઠોળનું માનવીના સ્વાસ્થ્ય માટે કેટલું મહત્ત્વ છે તે વિશે જાગરૂકતા ફેલાવવામાં આવે છે. કઠોળની વિવિધ વાનગીની સ્પર્ધા- શાળામાં બાળકોને કઠોળનું ભોજન જેવી વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવે છે.

૨૦૨૬માં વિશ્વ પલ્સીસ ડેનો મુખ્ય વિષય છે 'વિવિધ દાળની : સાદગીથી ઉત્કૃષ્ટતા તરફની સફર'. વિવિધ દાળોની પારંપારિક પાકકલાની જાણકારી સાથે તેનામાં રહેલાં પોષણ, સ્થિરતા તથા ખાદ્ય સુરક્ષાને પ્રોત્સાહન આપવામાં આવશે. જેમાં વિવિધ પ્રકારની દાળ જેવી કે તુવેર દાળ, મગની દાળ, અડદની દાળ, આખા અડદ, મસૂર, ચણા, ચોળા, રાજમા, વટાણા, મગ-મટકીનો સમાવેશ થાય છે. તેમાં ભરપૂર માત્રામાં પોષક તત્ત્વો સમાયેલાં છે. હાલમાં કડધાન્ય તરફ લોકોની પસંદ ઘટતી જોવા મળે છે. જેને કારણે સ્વાસ્થ્ય સબંધિત પ્રશ્નો વધવા લાગ્યા છે. આહાર પોષણથી ભરપૂર મળે તે માટે સતત પ્રયત્નો થવા લાગ્યા છે. કડધાન્ય તથા વિવિધ દાળનો આહારમાં ઉપયોગ આધુનિક યુગમાં પૌષ્ટિક ભોજનના આવશ્યક ઘટક ગણાવા લાગ્યા છે. કડધાન્ય તરીકે જાણીતી વિવિધ દાળનો ઉપયોગ આહાર માટે કેટલો આરોગ્યપ્રદ છે તેનું મહત્ત્વ સમજાવવામાં આવે છે.

દાળ ભારતીય ભોજનમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. બપોરના ભોજનને સંપૂર્ણ બનાવવા માટે દાળની હાજરી આવશ્યક છે. રાત્રિના ભોજનમાં વિવિધ પ્રકારની દાળનો ઉપયોગ કરીને સુપાચ્ય તેવી ખીચડી બનાવવામાં આવતી હોય છે. દક્ષિણ ભારતમાં તો અડદની દાળનો ઉપયોગ કરીને ઈડલી-ઢોંસા, ઉત્તપા વગેરે સવારના નાસ્તામાં ખાસ તૈયાર કરવામાં આવતાં હોય છે.

આજે ભોજનમાં શું બનાવ્યું છે? આવા નાના-મોટા પ્રત્યેકના પ્રશ્નના જવાબમાં ગૃહિણી દ્વારા દાળ-ભાત-રોટલી-શાક તેમ સહજ બોલી જવાય છે. આપને ખ્યાલ હશે જ કે તાજેતરમાં 'વર્લ્ડ ઈકોનૉમીક ફૉરમ -૨૦૨૬'નું આયોજન દાવૉસમાં થયું હતું. પાંચ દિવસ વિશ્વના વિવિધ દેશો તેમાં ભાગ લેવાના હતા. આ ભવ્ય આયોજનમાં ભારતના સુપરફૂડ તરીકે લોકપ્રિય 'ખીચડી'નો સ્ટૉલ અક્ષય પાત્ર દ્વારા લગાવવામાં આવ્યો હતો. વિવિધ દેશોની વાનગીઓમાં આપણી સુપાચ્ય ખીચડી 'સ્ટાર ફૂડ' તરીકે ઓળખાઈ હતી. કેમ કે ઠંડીના દિવસોમાં ગરમાગરમ ખીચડીએ બધાનું દિલ જીતી લીધું હતું.

ખીચડીને આયુર્વેદિક ગ્રંથોમાં 'કૃશાર' કહેવામાં આવે છે. નાગર જ્ઞાતિમાં ખીચડીને 'સુખમંજરી' કહેવામાં આવે છે. કેમ કે તેના સેવનથી તન-મન પ્રસન્નતા અનુભવે છે. જેના સેવનથી વ્યક્તિના શરીરમાં રહેલાં ત્રણ દોષ (વાત,પિત્ત કફ) શાંત પડે છે. વળી તે પ્રત્યેક વયની વ્યક્તિ માટે ગુણકારી ગણાય છે. ખીચડીને વધુ સ્વાદિષ્ટ તથા સુપાચ્ય બનાવવા માટે તેમાં ઘી ઉમેરવામાં આવે છે. એવું કહેવાય છે કે ઘી ઉમેરવાથી ખીચડી ખાનાર વ્યક્તિનું સ્વાસ્થ્ય સુધરે છે. લાંબું આયુષ્ય મેળવે છે.

આંતરરાષ્ટ્રીય પલ્સીસ દિવસની ઊજવણી દ્વારા વિવિધ દાળ-કઠોળનું ઉત્પાદન વધારીને ભૂખમરાને સંપૂર્ણપણે નાબૂદ કરવાનો આશય છે. તેમાં સમાયેલાં પોષક મૂલ્યો દ્વારા નાગરિકોના આરોગ્યને તંદુરસ્ત બનાવવાનો આશય છે. વળી દાળ -કઠોળ વગેરે બધા જ વાતાવરણમાં સરળતાથી ઊગી શકે છે. તે જમીનની અંદર સમાયેલાં પોષક તત્ત્વોને જાળવી રાખવામાં મદદ કરે છે. વિશ્વમાં વિવિધ રંગ તથા કદ ધરાવતાં કડધાન્ય જોવા મળે છે.

કડધાન્ય ખાવાના લાભ

પૌષ્ટિક્તાનો ખજાનો : મગ, ચણા, વટાણા, તુવેરની દાળ, ચણાની દાળ, મગની દાળ, મસૂરની દાળ, ફોતરાવાળી દાળ, ફોતરા વગરની દાળો, અડદની દાળ, આખા અડદ વગેરેમાં પ્રોટીનનું પ્રમાણ ભરપૂર હોય છે. જેઓ માંસાહાર કરતાં નથી તેમને માટે ઉત્તમ આહાર ગણાવી શકાય. એવું કહેવાય છે કે કઠોળ વનસ્પતિ આધારિત પ્રોટીન તથા પોષક તત્ત્વોનો ઉત્તમ ખજાનો છે. જે શાકાહારી ભોજન અપનાવતાં લોકો માટે સ્નાયુઓના નિર્માણ તથા શરીરના યોગ્ય કાર્ય માટે આવશ્યક છે. તેમાં વિટામિન્સ આયર્ન, સેલેનિયમ તથા લાયસિન જેવાં આવશ્યક એમિનો એસિડનું પ્રમાણ ભરપૂર હોય છે. વળી ચરબીની માત્રા ઓછી હોય છે. સૉલ્યુબલ ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે. જેને કારણે કૉલેસ્ટ્રોલ તથા લોહીમાં શર્કરાની માત્રા નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. મોટાપાથી બચવામાં મદદ મળે છે. દાળ-કઠોળનો પ્રમાણભાન રાખીને નિયમિત ઉપયોગ કરવાથી હૃદય રોગ તથા ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

વજન ઘટાડવા : અનેક લોકો આજે મોટાપાથી દૂર રહેવા માગે છે. ઝડપથી વજનને નિયંત્રણમાં રાખવામાં દાળ-કઠોળ ઉપયોગી આહાર ગણાય છે. સવારે નાસ્તામાં દાળ-કઠોળનો ઉપયોગ વિવિધ રીતે કરતાં હોય છે. રાત્રે પલાળીને -સવારે બાફીને તેનો ચાટ તરીકે ઉપયોગ આહારમાં કરે છે. ફણગાવ્યા બાદ આહારમાં તેનો ઉપયોગ કરવાથી લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. ફણગાવેલાં કઠોળનો ઉપયોગ કરવાથી શરીરને આવશ્યક તેવાં પોષક તત્ત્વો મળી રહે છે. ફૉલેટ, મેગ્નેશ્યિમ, વિટામિન બી-૩, પોટેશ્યિમ, આયર્ન, કૉપર જેવાં પોષક તત્ત્વો કડધાન્યમાં સમાયેલાં હોય છે.

ડાયેટરી ફાઈબરથી સમૃદ્ધ : કઠોળ-દાળ જેવા કે મગ, ચણા, મસૂર, મઠ, રાજમા, છોલે ચણા, વટાણા વગેરેમાં ડાયેટરી ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે. જે પાચનક્રિયાને સુધારવામાં મદદ કરે છે. લોહીમાં રહેલાં ખરાબ કૉલેસ્ટ્રોલની માત્રાને ઘટાડવામાં મદદ કરે છે. કબજિયાતની તકલીફમાં રાહત આપે છે.

ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો : દાળ તથા કઠોળનું સેવન કર્યા બાદ તે ધીમે ધીમે પચે છે. જેને કારણે લોહીમાં ગ્લુકૉઝની માત્રાને જાળવી રાખવામાં મદદ મળે છે. ઈન્સ્યુલિનની માત્રામાં સુધારો થાય છે. કઠોળ-દાળનું સેવન કરવાથી ડાયાબિટીસના દર્દીઓને લાભ થાય છે. વારંવાર શરીરમાં નબળાઈ આવી જવી, ચક્કર આવવાં જેવી સમસ્યાથી કઠોળના સેવન બાદ ફાયદો થાય છે.

તુવેરની દાળ : તુવેરની દાળમાં પોટેશ્યિમની માત્રા ભરપૂર હોય છે. બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવા માટે તુવેરની દાળનો ઉપયોગ આહારમાં નિયમિત કરવો જોઈએ. ગર્ભાવસ્થામાં તુવેરની દાળનો ઉપયોગ આવશ્યક છે. કેમ કે તુવેરની દાળમાં રહેલું ફૉલિક એસિડ ગર્ભના વિકાસમાં ગુણકારી ગણાય છે.

મગની દાળ : મગની દાળ પચવામાં હલકી-ફૂલકી ગણાય છે. બીમારીમાં તેનો ઉપયોગ ખાસ કરવામાં આવે છે. તેનો ઉપયોગ ડાયાબિટીસના દર્દીઓ માટે ઉત્તમ છે. રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ગેસ-એસિડીટીની સમસ્યાથી બચાવે છે. માનસિક તાણથી બચાવે છે. તેમાં કાર્બોહાઈડ્રેટ, ફાઈબર, પ્રોટીન, કેલ્શિયમ, આયર્ન, પોટેશ્યિમ સમાયેલાં હોય છે. તેથી તે હાડકાં, પાચનતંત્ર, આંખો, વાળ, ત્વચા વગેરે માટે ગુણકારી છે.

ચણાની દાળ : ચણાની દાળમાં ટ્રિપ્ટોફૅન નામક સત્ત્વ સમાયેલું હોય છે. જે વ્યક્તિનો મૂડ સુધારવામાં મદદ કરે છે. ચણાની દાળમાં કેલ્શિયમ, ફાઈબરની સાથે અન્ય પોષક તત્ત્વો ભરપૂર માત્રામાં સમાયેલાં હોય છે. તેથી ચણાની દાળમાંથી બનાવેલ વાનગી જેવા કે ખમણ-ખાંડવી-ભજિયા- મગજ-મોહનથાળ-બુંદીના લાડુ વગેરેનું સેવન કરવાથી વ્યક્તિ આનંદિત બની જાય છે.

અડદની દાળ : અડદની દાળ સ્વાદિષ્ટ હોવાની સાથે સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. તેમાં કેલ્શિયમ, આર્યન, મેંગેનીઝ, પોટેશ્યિમની સાથે અન્ય પોષક તત્ત્વો સમાયેલાં છે. અડદની દાળના સેવનથી સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યા દૂર કરી શકાય છે. રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવવાની સાથે અનેક બીમારીથી બચાવે છે.

આખા મગ : આયુર્વેદમાં મગને ગુણકારી ગણવામાં આવે છે. તેથી જ તો કહેવાય છે કે 'મગ ચલાવે પગ'. મગને સાત્ત્વિક આહાર ગણવામાં આવે છે. તેમાં આયર્ન, પોટેશ્યિમ, એમિનો એસિડ તથા ઍન્ટિ-ઓક્સિડન્ટની માત્રા વધુ પ્રમાણમાં સમાયેલી છે. તેથી તેના સેવન બાદ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધે છે. કૉલેસ્ટ્રોલ ઘટે છે. ■

મઠ-મગ-ચણાની ચાટ



સામગ્રી : ૧ વાટકી ફણગાવેલાં મઠ, ૧ વાટકી ફણગાવેલાં મગ, ૧ વાટકી બાફેલાં ચણા ૧ નંગ કાકડી, ૧ નંગ મોટું બાફેલું બટાટું, ૨ નંગ ટમેટાં, ૧ નંગ ઝીણી સમારેલી ડુંગળી, ૧ નાની વાટકી દાડમ, ૧ નાની વાટકી સેવ, ૨ નાની મસાલા સિંગ, ૧ મોટી ચમચી લીંબુનો રસ, ૧ નાની ચમચી હળદર, ૧ નાની ચમચી ચાટ મસાલો, ૧ નાની ચમચી દળેલી ખાંડ. સજાવટ માટે કોથમીર, સેવ, મસાલા સિંગદાણા.

બનાવવાની રીત : સૌ પ્રથમ મગ-મઠને ૪-૫ કલાક પાણીમાં પલાળી રાખવા. ત્યારબાદ તેને એક સ્વચ્છ કપડામાં અથવા મગ ફણગાવવા માટેના કન્ટેનરમાં ગોઠવી દેવાં. મઠ તથા મગને સારા ફણગાં આવી જશે. ત્યારબાદ ચણાને અલગથી કુકરમાં બાફી લેવાં. એક મોટી તપેલીમાં ૨ ગ્લાસ પાણી લેવું. તેમાં સ્વાદાનુસાર મીઠું તથા હળદર રંગ માટે ભેળવવી. પાણી ઉકળવા લાગે એટલે તેમાં ફણગાવેલાં મગ-મઠ ઓરવાં. ત્રણ-ચાર મિનિટ ઉકળવા દેવું. ત્યારબાદ એક બાઉલમાં નીતારીને કાઢી લેવાં. થોડાં ઠંડા થાય એટલે મગ-મઠ-ચણાને એક મોટા બાઉલમાં લેવાં. તેમાં આમલીની ચટણી, સંચળ પાઉડર, ચાટ મસાલો, બાફેલાં ઝીણા સમારેલાં બટાકા, દાડમ, ઝીણી સમારેલી કાકડી, ઝીણાં સમારેલાં ટામેટાં, ઝીણી સમારેલી ડુંગળી ભેળવવી. કોથમીર તથા લીંબુનો રસ ભેળવવો. ચાટને બરાબર હલાવીને પીરસવી. ઉપરથી સેવ, મસાલા સિંગ કોથમીર-ફુદીનાથી સજાવીને રંગ-બેરંગી કાચના બાઉલમાં પીરસવું.

દાળ-કઠોળ વિશે અવનવું

- લાલ, લીલો, સફેદ, કાળો, બ્રાઉન, જેવાં વિવિધ રંગોમાં કડધાન્ય સરળતાથી મળી રહે છે. દુનિયાના પ્રત્યેક દેશમાં વપરાતાં કઠોળની આગવી વિશેષતા છે.
- દક્ષિણ આફ્રિકાના તરવી બીન્સ ઠંડા પ્રદેશમાં તેનો પાક સરળતાથી મેળવી શકાય છે. ૨૦૦૦ વર્ષ પૂર્વથી તે સ્પૅનીસ 'ચો-ચો'ના નામથી ઓળખાય છે.
- બામ્બરા બીન્સ પશ્ચિમ આફ્રિકામાં પાકે છે જેનો દેખાવ સિંગદાણા જેવો હોય છે. તેની ખાસિયત એટલે કે તે સૂકા પ્રદેશમાં પણ સરળતાથી ઊગી શકે છે.
- બ્રૉડ બીન્સ-ફાવા બીન્સ મધ્ય એશિયામાં જોવા મળે છે. રોમન કાળમાં ભગવાનને ભોગ ધરાવવા માટે તેનો ઉપયોગ ખાસ કરવામાં આવતો. હાલમાં પણ લૅબનોન, સિરિયા તથા ઈજિપ્તમાં સવારના નાસ્તામાં મુદામાસ નામક ખાસ વાનગી ફાવા બીન્સમાંથી બનાવવામાં આવે છે.
- વિવિધ કઠોળ વર્ગની વનસ્પતિઓ હવામાંના નાઈટ્રોજનને જમીનમાં સ્થિર કરવાની અદ્ભુત ક્ષમતા ધરાવે છે. જેને 'નાઈટ્રોજન-સ્થાપન' કહેવાય છે. વનસ્પતિના મૂળિયામાં રહેલાં બૅક્ટેરિયા નાઈટ્રોજનનું એમોનિયામાં રૂપાંતર કરે છે. જે વનસ્પતિને પ્રોટીન બનાવવા માટે ઉપયોગી ગણાય છે.

feedback@bombaysamachar.com

આ શારીરિક તકલીફોને પણ જાણી લો...

આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

આ કોલમમાં અત્યાર સુધી પ્રગટ થયેલાં અનેકવિધ લેખો દ્વારા આપણે આજના યુગના પ્રચલિત રોગ પર વધુ જાણકારી મેળવવાનો યથાર્થ પ્રયાસ કર્યો છે. તેમ છતાં પણ અમુક બાબત વિશે પણ જાણકારી આપવી આવશ્યક લાગી. આમ તો તેને રોગ ન ગણાય, પરંતુ તે શારીરિક તકલીફ તો જરૂર કહેવાય.

જેમ કે, શરીરનું વજન ઘટાડવા-વધારવા માટે લોકો અનેક લોભામણી જાહેરાતોના માધ્યમે કાંઇ પણ વિચાર્યા વિના અનેક બિનજરૂરી દવાઓ અને ઉટપટાંગ પદ્ધતિઓનો આશરો લઇ સમય, પૈસા અને શરીરનો વ્યર્થ બગાડ કરતા હોય છે. આ વાતને ધ્યાનમાં રાખીને અહીં આવી તકલીફો દૂર કરવા ઘરગથ્થુ ઉપચારો દર્શાવ્યા છે.

વજન ઘટાડવા-વધારવા શું કરવું... :

આજકાલ લોકો વજન ઘટાડવા કે વધારવાના અનેક ઉપાયો કરતા હોય છે, પરંતુ તે ઉપાયો કરતાં પહેલાં પોતાનું વજન કેટલું હોવું જોઇએ, તે જાણવું આવશ્યક છે. આધુનિક વિજ્ઞાને પોતાની ઊંચાઇના આધારે શરીરનું માપસરનું વજન કેટલું હોવું જોઇએ, તેની ફોર્મ્યૂલા નક્કી કરેલ છે. જેને BMI (Body Mass Index) કહેવાય છે.

$$BMI = \frac{\text{વજન (કિલો)} /}{\left\{\frac{\text{ઊંચાઇ (સે.મી.)}}{૧૦૦}\right\}^{૨}}$$



ખરેખર કેટલું વજન હોવું જોઇએ ?

વ્યક્તિ	વજન (કિલો)	ઊંચાઇ (ઇંચ)	BMI	લઘુતમ વજન	મહત્તમ વજન
૧	૭૧	૬૪	૨૬.૯	૫૦	૬૬
૨	૪૭	૬૮	૧૫.૭	૫૬	૭૫

ઉપરના ટેબલ પ્રમાણે ૧ નંબરની વ્યક્તિનો B.M. I. મુજબ તેમનું વજન વધુ છે. માટે તેમનું વધુમાં આ ફોર્મ્યૂલા મુજબ

$$\text{વજન} = ૨૪.૯ \times \left\{\frac{\text{ઊંચાઇ (સે.મી.)}}{૧૦૦}\right\}^{૨}$$

૬૬ કિલો હોવું જોઇએ. અને ઓછામાં ઓછું વજન આ ફોર્મ્યૂલા મુજબ

$$\text{વજન} = ૧૮.૫ \times \left\{\frac{\text{ઊંચાઇ (સે.મી.)}}{૧૦૦}\right\}^{૨}$$

૫૦ કિલો હોવું જોઇએ. આ રીતે જ ૨ નંબરની વ્યક્તિના વજનની ગણતરી ઉપરોકત ટેબલમાં કરેલ છે. આમ દરેક વ્યક્તિ ઉપર જણાવેલ ફોર્મ્યૂલા મુજબ પોતાનું માપસર વજન કેટલું હોવું જોઇએ, તેની ગણતરી કરી શકે છે. આ રીતે પોતાનું વજન વધુ છે કે ઓછું, તે જાણ્યા બાદ તેના ઉપચારો જાણવા પણ આવશ્યક છે. જે નીચે દર્શાવેલ છે.

BMI શું સૂચવે છે?

ઓછું વજન	માપસરનું વજન	વધુ વજન	સ્થૂળપણું
૧૮.૫થી ઓછું	૧૮.૫થી ૨૪.૯	૨૫થી ૨૯.૯	૩૦થી ૩૪.૯

ઉપરોક્ત ફોર્મ્યૂલા મુજબ પોતાનો B.M. I. અને તે B.M. I. શું સૂચવે છે, તે જાણ્યા પછી સહજ એવો પ્રશ્ન થાય કે પોતાનું માપસરનું વજન કેટલું હોવું જોઇએ? તેના બે દૃષ્ટાંતો નીચે આપેલ છે.

વજન ઘટાડવા માટે...

૧. સાદા કે માટલાના પાણીમાં મધ મેળવી સવારે નિયમિત પીવાથી સરેરાશ ૩ માસમાં વજનમાં ઘણો ઘટાડો થાય છે.

૨. પાકા લીંબુનો રસ ૨૦ ગ્રામ તથા ૨૫ ગ્રામ મધ લઇ સહેજ ગરમ પાણીમાં મેળવી, જમ્યા બાદ તરત પીવાથી ૧-૨ મહિનામાં જાડાપણું મટે છે.

૩. તુલસીનાં પાન એકલા કે છાશમાં ખાવાથી વજન ઘટે છે અને શરીરમાંથી ચરબી ઓછી થાય છે.

૪. ચાર ગ્રામ તજનો પાઉડર ૨ ચમચી મધમાં સવાર - સાંજ ચાટવો.

૫. મેથી, કાળીજીરી, સૂંઠ અને વાવડિંગ સમભાગે લઇ તેનું ચૂર્ણ ૧-૧ ચમચી ગરમ પાણીમાં સવાર-સાંજ લેવું.

વજન વધારવા માટે ...

૧.) રોજ સવાર-સાંજ ૧ કપ દૂધમાં ૧ ચમચી અશ્વગંધા, ૧ ચમચી ખાંડ અને ૧ ચમચી ઘી ભેગું કરીને લેવું.

૨.) રોજ સવારે મહિના સુધી ૧ મુઠ્ઠી કાળા તલ ખૂબ જ ચાવીને જમવા.

૩ .) ખજૂર સાથે દૂધ પીવાથી લોહી શુદ્ધ થાય છે અને વજન વધે છે.

૪.) આમળાના તાજા રસમાં સાકર ભેળવી રોજ સવારે પીવાથી લોહી શુદ્ધ બને છે ને વજન વધે છે.

૫.) રાત્રે ભેંસના દૂધમાં આખા ચણા પલાળી રાખી સવારે ચાવીને ખાવાથી શક્તિ અને વજન વધે છે.

૬.) ૧૦૦ ગ્રામ ખજૂર અને ૫૦ ગ્રામ સુકી દ્રાક્ષ દરરોજ ખાવાથી સુકલકડી શરીરમાં નવું લોહી પેદા થાય છે અને ખૂબ ફાયદો થાય છે.

૭.) બે પાકાં કેળામાં ઘી, સાકર અને એલચી નાંખીને રોટલી સાથે રોજ ખાવા.

૮.) વધુ તેલમાં અજમાનો વઘાર કરી બનાવેલ ચોળાનું શાક રોટલી કે ભાખરી સાથે રોજ ખાવું.

૯.) અડદની દાળને ભાખરી કે રોટલી સાથે ખાવાથી વજન વધે છે.

૧૦.) રોજ સવાર-સાંજ ગરમ દૂધમાં ખારેક, અશ્વગંધા, બદામ અને શતાવરીનું ચૂર્ણ, આ દરેક ૫-૫ ગ્રામ નાખીને લેવું.

સ્વપ્નદોષ ઘટાડવાના ઉપચાર...

૧.) ૧-૧ ચમચી સૂકા ધાણાનું ચૂર્ણ તથા દળેલી ખાંડ ભેગા કરીને પાણી સાથે સવારે અને રાત્રે લેવા ત્યારબાદ ૧ ગ્લાસ ગળ્યું દૂધ પીવું,

૨) બીલીપત્રના ૧૦થી ૫૦ મિ.લી. રસમાં ૨થી ૧૦ ગ્રામ મધ નાખીને પીવું.

૩.) ૫ ગ્રામ જાંબુના ઠળિયાનું ચૂર્ણ સવાર-સાંજ પાણી સાથે લેવું.

૪.) પાકાં બે કેળાને મસળીને તેમાં લીલા આંબળાનો રસ અને મધ ૧૦-૧૦ ગ્રામ મેળવીને સવાર-સાંજ ખાવા.

૫.) આંબળાનું ચૂર્ણ અને દળેલી સાકર સરખા પ્રમાણમાં મેળવીને રાત્રે ભોજન બાદ પાણી સાથે લેવું.

૬.) ૧ ગ્રામ ગળોસત્વ, ૨ ચપટી ફૂલાવેલી ફટકડી, ૧ ચમચી સાકર, ઘી કે પાણી સાથે લેવું.

૭.) રોજ રાત્રે સૂતા પહેલા ૨ ગ્રામ હરડે ને ૨ ગ્રામ સાકર સાથે ખાવા.

૮.) રાત્રે મોડેથી દૂધ કે પાણી ન પીવાથી સ્વપ્નદોષમાં ફાયદો થાય છે.

વીર્ય વૃદ્ધિ માટે...

* ચમચી અશ્વગંધાનું ચૂર્ણ, ઘી સાકર સાથે ખાઇને ઉપર દૂધ પીવું.
* રસાયણચૂર્ણ, અશ્વગંધા અને શતાવરીચૂર્ણ, દૂધ કે ઘી સાથે ૧-૧ ચમચી લેવું.
* અડદનાં લોટનો ઘી-સાકરમાં શીરો લેવો.
* રોજ ૪થી ૬ મોટી બદામ ચાવીને ખાવી. ઉપર સાકરવાળું દૂધ પીવું,
* દરરોજ ૧-૨ આમળાનું સેવન કરવું. અથવા પાકાં કેળામાં ૬ ગ્રામ ઘી નાખીને રોજ સવાર-સાંજ લેવા.
* રોજ ૨૫૦ ગ્રામ દૂધ, ઘી-સાકર નાખીને લેવું.
* ૨થી ૫ ગ્રામ ગોળ સાથે શ્યામતુલસીના એકાદ ગ્રામ બીજ ખાવા. ■

બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ જાહેરઃ ગ્રેડ-એમાં ત્રણ જ ક્રિકેટર-ગિલ, બુમરાહ, જાડેજા

વિરાટ-રોહિતનું ડિમોશન, ગ્રેડ-બીમાં

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ સોમવારે ૨૦૨૫-૨૬ સત્ર માટે ટીમ ઈન્ડિયાના સિનિયર પુરુષ અને સિનિયર મહિલા ખેલાડીઓ માટે વાર્ષિક સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરી છે. આ કરાર ૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી માન્ય રહેશે. પુરુષ ટીમના ફક્ત ત્રણ ખેલાડીઓને ગ્રેડ-એમાં રાખવામાં આવ્યા છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીને ડિમોટ કરીને ગ્રેડ-બીમાં મુકવામાં આવ્યા છે. બીસીસીઆઇએ એ પ્લસ કૅટેગરી પણ આ વખતે નાબૂદ કરી છે.

નોંધનીય છે કે બીસીસીઆઈએ તેની ગ્રેડિંગ સિસ્ટમમાં પણ ફેરફાર કર્યા છે. પુરુષ ટીમમાં શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ અને રવિન્દ્ર જાડેજાને ગ્રેડ-એમાં રાખવામાં આવ્યા છે. ગિલને પહેલીવાર ટોચના ગ્રેડમાં સામેલ કરવામાં આવ્યો છે. તે બે ફોર્મેટમાં ટીમનો કેપ્ટન પણ છે. જોકે, આ યાદીમાં ઇશાન કિશનને ફરી એકવાર સ્થાન આપવામાં આવ્યું નથી.

મહિલા ટીમની વાત કરીએ તો કેપ્ટન હરમનપ્રીત કૌર, વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાના અને જેમિમા રોડ્રિગ્સને ગ્રેડ-એમાં મુકવામાં આવ્યા છે. ગ્રેડ-બીમાં દીપ્તિ શર્મા, રેણુકા ઠાકુર, શેફાલી વર્મા અને રિચા ઘોષ જેવી ખેલાડીઓનો સમાવેશ થાય છે. ■

ક્રિકેટરોનાં ગ્રેડ્સઃ

	મેન્સ	વિમેન
ગ્રેડ એ	★ શુભમન ગિલ ★ જસપ્રીત બુમરાહ ★ રવિન્દ્ર જાડેજા	★ હરમનપ્રીત કૌર ★ સ્મૃતિ મંધાના ★ જેમિમા રોડ્રિગ્સ ★ દીપ્તિ શર્મા
ગ્રેડ બી	★ રોહિત શર્મા ★ વિરાટ કોહલી ★ કેએલ રાહુલ ★ વોશિંગ્ટન સુંદર ★ મોહમ્મદ સિરાજ ★ હાર્દિક પંડ્યા ★ વોશિંગ્ટન સુંદર ★ રિષભ પંત ★ કુલદીપ યાદવ ★ સૂર્યકુમાર યાદવ ★ યશસ્વી જયસ્વાલ ★ શ્રેયસ ઐયર	★ રેણુકા ઠાકુર ★ શેફાલી વર્મા ★ રિચા ઘોષ ★ સ્નેહ રાણા
ગ્રેડ સી	★ અક્ષર પટેલ ★ તિલક વર્મા ★ રિંકુ સિંહ ★ શિવમ દુબે ★ સંજૂ સેમસન ★ અર્શદીપ સિંહ ★ પ્રસિદ્ધ કૃષ્ણા ★ આકાશ દીપ ★ ધ્રુવ ઝુરેલ ★ હર્ષિત રાણા ★ વરુણ ચક્રવર્તી ★ નિતિશ કુમાર રેડ્ડી ★ અભિષેક શર્મા ★ સાંઈ સુદર્શન ★ રવિ બિશ્નોઈ ★ ઋતુરાજ ગાયકવાડ	★ રાધા યાદવ ★ અમનજોત કૌર ★ પ્રતિકા રાવલ ★ ક્રાંતિ ગૌડ ★ ઉમા છેત્રી ★ અરુંધતિ રેડ્ડી ★ શ્રીચરણી ★ યાસ્તિકા ભાટિયા ★ હરલીન દેઓલ ★ કાશ્વી ગૌતમ ★ જી.કમલિની ★ વૈષ્ણવી શર્મા ★ તેજલ હસાબનીસ

ટી-૨૦ વર્લ્ડ કપમાં સ્કોટલેન્ડે ઈટલીને હરાવ્યું, મુન્સે બાદ લીસ્કનો ચાલ્યો જાદુ

કોલકાતાઃ ઓપનર જ્યોર્જ મુન્સેની આક્રમક અડધી સદી અને માઈકલ લીસ્કના ઓલરાઉન્ડર પ્રદર્શનના કારણે સ્કોટલેન્ડે સોમવારે અહીં આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપમાં ગ્રૂપ-સીની મેચમાં ઇટલીને ૭૩ રનથી હરાવીને પોતાની પ્રથમ જીત નોંધાવી હતી.

સ્કોટલેન્ડના ૨૦૮ રનના મોટા લક્ષ્યનો પીછો કરતા ઇટલીની ટીમ ઓફ સ્પિનર લીસ્ક (૧૭ રનમાં ચાર વિકેટ)ના કરિયરની સૌથી શ્રેષ્ઠ બોલિંગ અને બેન માનેતી (૫૨) ની અડધી સદી અને હેરી માનેતી (૩૭) સાથે ચોથી વિકેટ માટે ૭૩ રનની ભાગીદારી છતાં ૧૬.૪ ઓવરમાં ૧૩૪ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. માર્ક વાટે પણ ૨૪ રનમાં બે વિકેટ લીધી હતી.

અગાઉ સ્કોટલેન્ડે ચાર વિકેટે ૨૦૭ રન કર્યા હતા. જેમાં ડાબોડી બેટ્સમેન મુન્સેના ૫૪ બોલમાં ૮૪ રનનો સમાવેશ થાય છે. મુન્સેએ આ ઈનિંગમાં બે છગ્ગા અને ૧૪ ચોગ્ગા ફટકાર્યા હતા. તે સિવાય માઈકલ જોન્સ (૩૭) સાથે તેની ૧૨૬ રનની ઓપનિંગ ભાગીદારીની મદદથી વર્તમાન ટી-૨૦ વર્લ્ડ કપમાં ૨૦૦ રનનો આંકડો પાર કરનારી પ્રથમ ટીમ બની હતી.

બ્રેન્ડન મેકમુલેન (૧૮ બોલમાં અણનમ ૪૧ રન) અને લીસ્ક (અણનમ ૨૨રન) એ અંતે આક્રમક બેટિંગ કરી હતી. લીસ્કે થોમસ ડ્રેકાની અંતિમ ઓવરમાં ૨૨ રન ફટકાર્યા હતા. ઇટાલીને મેચની શરૂઆતમાં જ ઝટકો લાગ્યો હતો. કેપ્ટન વેન મેડસેનને ચોથી ઓવરમાં ડાબા ખભામાં ઈજા થઈ હતી અને તેને મેદાન છોડીને જવું પડ્યું હતું. ગયા વર્ષે જુલાઈમાં યુરોપિયન ક્વોલિફાયર્સમાં ચાર મેચમાં ઇટાલી સામે એકમાત્ર હાર બાદ સ્કોટલેન્ડની ટીમ સીધી વર્લ્ડ કપમાં સ્થાન મેળવવાથી ચૂકી ગઈ હતી. સુરક્ષા કારણોસર બાંગ્લાદેશે ભારતમાં રમવાનો ઇનકાર કર્યા બાદ સ્કોટલેન્ડ ટૂર્નામેન્ટ માટે ક્વોલિફાય થયું હતું. લક્ષ્યનો પીછો કરતી વખતે ઇટલીએ પહેલા જ બોલે જસ્ટિન મોસ્કાની વિકેટ ગુમાવી હતી.■

ઈટલીના કેપ્ટનને ક્રિકેટ વર્લ્ડ કપમાં તેના પહેલા જ દિવસે ખભામાં ગંભીર ઈજા

કોલકાતાઃ ફૂટબોલ-ક્રેઝી યુરોપના ઈટલી દેશે અહીં ઐતિહાસિક ઈડન ગાર્ડન્સમાં ક્રિકેટના વર્લ્ડ કપમાં ગઈ કાલે ડેબ્યૂ કર્યું એને માંડ ૧૫ મિનિટ થઈ ત્યાં એને મોટો ઝટકો લાગ્યો. ઇટલીના ૪૨ વર્ષીય કેપ્ટન વેન મેડસનને સ્કોટલેન્ડ સામેની મેચમાં ખભામાં ગંભીર ઈજા થઈ હતી. તે પછીથી એ મેચમાં નહોતો રમ્યો.

પેસ બોલર થોમસ ડ્રેકાના બોલમાં સ્કોટિશ ઓપનિંગ બેટ્સમેન જ્યોર્જ મન્સેના શોટમાં મેડસને મિડ-ઑન પરથી દોડી આવીને બોલને બાઉન્ડરી લાઈનની બહાર જતાં રોકવા ડાઇવ મારી ત્યારે તેને ડાબા ખભામાં ઈજા થઈ હતી.

ફિઝિયોથેરપિસ્ટ તરત દોડી આવીને મેડસનને ગ્રાઉન્ડની બહાર લઈ ગયા હતા. મેડસનનો ખભો ડિસલોકેટ થઈ ગયો હોવાનું પ્રાથમિક અહેવાલમાં જણાવાયું હતું.

ટી-૨૦ વર્લ્ડ કપમાં આજ કયા મુકાબલા?

નામીબિયા - નેધરલેન્ડ્સ	(નવી દિલ્હી, સવારે ૧૧ વાગ્યે)
ન્યૂ ઝીલેન્ડ - યુએઈ	(ચેન્નઈ, બપોરે ત્રણ વાગ્યે)
પાકિસ્તાન - અમેરિકા	(કોલંબો, સાંજે સાત વાગ્યે)

કેનેડાને કચડ્યું આફ્રિકાએ

અમદાવાદઃ વર્લ્ડકપમાં સાઉથ આફ્રિકાએ ગઈ કાલે અમદાવાદમાં કેનેડાને ૫૭ રને હરાવીને વિજયી શરૂઆત કરી હતી. સાઉથ આફ્રિકાના ચાર વિકેટે ૨૧૩ રનના લક્ષ્યનો પીછો કરી રહેલી કેનેડાની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૬ રન જ બનાવી શકી હતી. અગાઉ, કેપ્ટન એઇડન માર્કરમે સોમવારે અહીં ગ્રુપ ડીની ટી૨૦ વર્લ્ડ કપ મેચમાં કેનેડા સામે દક્ષિણ આફ્રિકાને ચાર વિકેટે ૨૧૩ રનના પ્રભાવશાળી સ્કોર સુધી પહોંચાડ્યો હતો. તેણે ધમાકેદાર અડધી સદી ફટકારી હતી. બેટિંગ માટે મોકલાયા બાદ, માર્કરમ (૩૨ બોલમાં ૫૯ રન) એ ફટકાર્યા હતા. ક્વિન્ટન ડી કોક (૨૨ બોલમાં ૨૫)એ માર્કરમને સારો સાથ આપ્યો હતો.

બંનેએ આક્રમક ફટકાબાજી કરીને માત્ર ૬.૫ ઓવરમાં શરૂઆતની ભાગીદારી માટે ૭૦ રન ઉમેર્યા.

દક્ષિણ આફ્રિકાને ડી કોકના રૂપમાં પ્રથમ ફટકો લાગ્યો કારણ કે તેને કેપ્ટન અને જમણા હાથના પેસર દિલપ્રીત બાજવાએ બોલ્ડ કર્યો. માર્કરમ ભયંકર ફોર્મમાં હતો કારણ કે તેણે ૧૦મા ઓવરમાં બાજવા સામે માત્ર ૨૮ બોલમાં ચોકકા સાથે પોતાની અર્ધસદી પૂર્ણ કરી.

રાયન રિકલટન પણ શાનદાર ફોર્મમાં દેખાયો કારણ કે તેણે તેની ૨૧ બોલની ૩૧ રનની ઇનિંગ દરમિયાન ત્રણ ચોકકા અને એક સિક્સ ફટકાર્યા. ■

ઝિમ્બાબ્વેનો દબદબોઃ ઓમાનને હરાવ્યું

કોલંબો : આઈસીસી ટી-૨૦ વર્લ્ડકપમાં ઝિમ્બાબ્વેએ ઓમાનને આઠ વિકેટથી હરાવીને પોતાના અભિયાનની શાનદાર શરૂઆત કરી હતી. સોમવારે બપોરે કોલંબોના સિંહાલી સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાયેલી ગ્રૂપ-બીની મેચમાં ઝિમ્બાબ્વેએ ઓમાન પર આઠ વિકેટથી શાનદાર વિજય મેળવ્યો હતો. ઝિમ્બાબ્વે ૨૦૨૪માં છેલ્લા ટી-૨૦ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય પણ થઈ શક્યું નહીં. કડવી યાદને ભૂલીને ઝિમ્બાબ્વેએ વર્તમાન સીઝનની શરૂઆત મજબૂત કરી હતી. બ્લેસિંગ મુઝરબાનીની શાનદાર બોલિંગ બાદ બ્રાયન બેનેટના ૩૬ બોલમાં અણનમ ૪૮ રનની મદદથી ઝિમ્બાબ્વેએ ઓમાનને ૪૫ બોલ બાકી રહેતા આઠ વિકેટથી હરાવ્યું હતું. અગાઉ ઓમાનને ૧૦૩ રનમાં ઓલઆઉટ કર્યા બાદ ઝિમ્બાબ્વેએ ૧૩.૩ ઓવરમાં બે વિકેટે ૧૦૬ રન કરીને સરળતાથી વિજય મેળવ્યો હતો. મુઝરબાનીએ ચાર ઓવરમાં ૧૬ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. તે સિવાય રિચાર્ડ નગારવાએ પણ ૧૭ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. અન્ય ઝડપી બોલર બ્રાન્ડ ઇવાન્સે ૧૮ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. લક્ષ્યનો પીછો કરતા ઝિમ્બાબ્વેએ ઝડપી શરૂઆત કરી હતી. બેનેટ અને અનુભવી વિકેટકીપર બ્રેન્ડન ટેલર (૩૦ બોલમાં ૩૧ રન રિટાયર્ડ હર્ટ) એ પછી ત્રીજી વિકેટ માટે ૬૮ રનની ભાગીદારી કરી હતી અને ઝિમ્બાબ્વેને માત્ર ૧૩.૩ ઓવરમાં વિજય અપાવ્યો હતો. ■

મુંબઈને હરાવીને કર્ણાટક સેમિફાઈનલમાંઃ રાહુલની શાનદાર સદી

રણજી ટ્રોફી

મુંબઈઃ કર્ણાટકે અહીં ૪૨ વખતના ચેમ્પિયન મુંબઈને ચાર વિકેટથી હરાવીને રણજી ટ્રોફી સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ભારતીય બેટ્સમેન લોકેશ રાહુલે પોતાની ૨૪મી ફર્સ્ટ ક્લાસ સદી ફટકારી હતી. રાહુલે ૧૮૨ બોલમાં ૧૩૦ રન ફટકાર્યા હતા જેમાં ૧૪ ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. કર્ણાટકે છ વિકેટે ૩૨૫ રન કરીને મેચ જીતી લીધી હતી. કર્ણાટક હવે આવતા અઠવાડિયે બેંગલુરુમાં સેમિફાઇનલમાં ઉત્તરાખંડનો સામનો કરશે. ભારતની ટેસ્ટ અને વનડે ટીમોના મુખ્ય સભ્ય કેએલ રાહુલને રવિચંદ્રન સ્મરણ (અણનમ ૮૩ રન)ના રૂપમાં સારો સાથીદાર મળ્યો હતો. મેચના ચોથા દિવસે ચોથી વિકેટ માટે ૧૪૭ રનની ભાગીદારી કરીને બંનેએ કર્ણાટકની જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. રાહુલની ઇનિંગને કારણે આઠ વખતના ચેમ્પિયન કર્ણાટક લંચ સુધી ત્રણ વિકેટે ૨૬૫ રન પર મજબૂત સ્થિતિમાં હતું. જોકે, લંચ પછી તરત જ રાહુલ તુષાર દેશપાંડેનો શિકાર બન્યો હતો. ત્યારબાદ દેશપાંડે અને તનુષ કોટિયને કર્ણાટકનો સ્કોર છ વિકેટે ૨૮૫ રન કરી દીધો હતો. ત્યારબાદ વિદ્યાધર પાટીલે ૩૦ બોલમાં અણનમ ૩૧ રન કરીને કર્ણાટકને જીત અપાવી હતી.

નબીનું તોફાન, જમ્મુ-કાશ્મીર પ્રથમ વખત સેમિફાઈનલમાં

ઇન્દોરઃ ફાસ્ટ બોલર આકિબ નબીના કરિયરની સર્વશ્રેષ્ઠ ૧૨ વિકેટની મદદથી જમ્મુ અને કાશ્મીરે સોમવારે રણજી ટ્રોફી ક્વાર્ટર-ફાઇનલ મેચના ચોથા દિવસે મધ્યપ્રદેશને ૫૬ રનથી હરાવીને પ્રથમ વખત સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. પ્રથમ ઇનિંગમાં સાત વિકેટ લેનારા ૨૯ વર્ષીય નબીએ બીજી ઇનિંગમાં પાંચ વિકેટ ઝડપી હતી. જેના કારણે ૨૯૧ રનના ટાર્ગેટનો પીછો કરી રહેલી ૨૦૨૧-૨૨ ચેમ્પિયન મધ્ય પ્રદેશની ટીમ ૨૩૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જમ્મુ અને કાશ્મીર સેમિફાઇનલમાં બંગાળ અને આંધ્ર વચ્ચે રમાઈ રહેલી ક્વાર્ટર-ફાઇનલમાં જીતનારી ટીમ સામે ટકરાશે. ઉત્તરાખંડ બીજી સેમિફાઇનલમાં કર્ણાટકનો સામનો કરશે. આકિબે ગઈકાલે ૨૩ રનમાં ત્રણ વિકેટ લીધી હતી, જેના કારણે મધ્ય પ્રદેશ બીજી ઇનિંગમાં પાંચ વિકેટે ૮૪ રન કરી શક્યું હતું. મેચના ચોથા દિવસે આકિબે રામવીર ગુર્જર (૧૧) અને ત્યારબાદ મધ્ય પ્રદેશની છેલ્લી આશા સારંશ જૈન (૮૧ બોલમાં ૬૪ રન) ને આઉટ કરીને મેચમાં પોતાની બીજી પાંચ વિકેટ પૂર્ણ કરી હતી. આર્યન પાંડે (૨૨) આઉટ થનાર છેલ્લો બેટ્સમેન હતો. ■

ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

A	B
ખીજ	SWEET DISH
ખીણ	NAIL
ખીર	ANGER
ખીલ	VALLEY
ખીલો	PIMPLE

માતૃભાષાની મહેક

મનુષ્ય સ્વભાવનું મહત્ત્વ સમજાવતું સુભાષિત છેઃ ઔષધ કર્યા અનેક, વિધિએ વિવિધ રોગના, ઓસડ સ્વભાવનું નહીં એક, સાચું સોરઠિયો ભણે. માથું દુખતું હોય એની દવા અલગ. પેટની તકલીફ કે શરદી - ઉધરસની દવા નોખી નોખી, પણ મનુષ્ય સ્વભાવનું કોઈ ઓસડ યાને કે ઔષધ નથી બન્યું. ટૂંકમાં સ્વભાવ પડી ગયો હોય એ દૂર નથી થતો.

ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ PYROPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) અગ્નિ
બ) ગણિત
ક) પારેવા
ડ) અભ્યાસ

ઈર્શાદ

મારવાને જ્યાં મને કાતિલ ધસ્યો,
લાગણી વળગી પડી તલવારને.
-- ગની દહીંવાલા

શબ્દલાલિત્ય — કાન્તા વોરા

૧		૨			૩		૪		૫
૬				૭			૮		
		૯							
૧૦	૧૧			૧૨		૧૩		૧૪	
			૧૫					૧૬	
૧૭					૧૮				
	૧૯	૨૦					૨૧		૨૨
૨૩				૨૪		૨૫			
૨૬				૨૭			૨૮		
		૨૯				૩૦			

આડી ચાવી

૨ ચાર વર્ણોમાંનો ત્રીજો-વેપાર કરનારો, વર્ણ (૨)
૩ પાણીથી ઢંકાયેલો ખડક (૩)
૬ રાશ (૩)
૭ રતાશ (૨)
૮ લાભ, નફો (૩)
૯ સરિતા (૨)
૧૦ છૂપો ભેદ, મર્મ (૩)
૧૩ ચતુર, હોશિયાર (૩)
૧૫ સેના (૨)
૧૬ વટેમાર્ગુ (૨)
૧૭ દેવસ્થાન, તીર્થ (૨)
૧૮ સાલસ, કપટમાં ન સમજે તેવું (૨)
૧૯ સર્વ, બધું (૩)
૨૧ કાપાકાપી, ખૂનરેજી (૩)
૨૫ વિષ્ણુ (૨)
૨૬ ---- કોડીનો ને બક્ષિસ લાખની (૩)
૨૭ જિદ્દી, હઠીલું (૨)
૨૮ ---- કરીને પડો, ફતેહ છે આગે (૩)
૨૯ ઘોડેસવાર પલટન (૩)
૩૦ સારો-નરસો પ્રસંગ, અવસર (૨)

ઊભી ચાવી

૧ ધનવાન, તવંગર (૪)
૨ વેર, દ્વેષ (૪)
૩ ---- અગત્યના કે સરકારી કાગળનું સીલબંધ પરબીડિયું (૩)
૪ ---- હોવી=ચલણ કે ચડતી કળા હોવી (૪)
૫ ઓછપ, કમી (૩)
૧૧ સત્તા, અધિકાર (૪)
૧૨ ઝંડો, વાવટો (૨)
૧૩ ચિબાવલું, ચાંપલું (૩)
૧૪ યુક્તિ (૪)
૧૫ સુગંધ, સુવાસ (૩)
૧૮ મૂઢ, બેવકૂફ (૨)
૨૦ સધ્ધર, સમૃદ્ધ (૪)
૨૧ ગાંધીને ત્યાં મળતું મસાલા, ઓસડ વગેરે (૪)
૨૨ શરમજનક (૪)
૨૩ લખવાનું કામ કરનાર (૩)
૨૪ માળ, મેડો (૩)

ગયા વખતનો ઉકેલ

૧ દુ	લૅ	૨ ભ		૩ પ	ડ	૪ ધો		૫ સા	ચ
હિ		૬ ટ	ક્ક	ર		ડી		વ	
૭ તા	પ્ર			૮ તં	ગી		૯ અ	ધ	મ
		૧૦ પ	૧૧ વિ	ત્ર			ધ		
૧૨ સં	પ		રો		૧૩ ગ	૧૪ મા	ર		૧૫ સી
ધિ		૧૬ બં	ધ	વો		હિ		૧૭ સુ	તા
		દ			૧૮ અં	તી	મ		
૧૯ માં	દ	ગી		૧૯અ પ	શુ			૨૦ શુ	૨૧ ભ્ર
	ગ		૨૨ ભા		૨૩ મા	ન	૨૪ તા		મ
૨૫ ભા	ડું		૨૬ વિ	મા	ન		૨૭ ગ	દા	ર

ઓળખાણ પડી?

અનેક હિન્દી ફિલ્મસંગીતની ધૂનમાં વિશેષ હાજરી ધરાવતા અને મધુર ધ્વનિ ઉત્પન્ન કરવા માટે જાણીતા મ્યુઝિક ઈન્સ્ટ્રુમેન્ટની ઓળખાણ પડી?

અ) વાયોલા બ) એકોર્ડિયન ક) ટાયસોકોટો ડ) સ્વરતરંગ

ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'ભૂંડા માણસથી ભૂત પણ નાસે' પંક્તિમાં 'નાસે' શબ્દનો અર્થ જણાવો.

અ) થથરે બ) ભાગે ક) ડરે ડ) નાચે

માઈન્ડ ગેમ

વિવિધ દેશમાં વિવિધ ભાષા બોલાય છે. ૨૦૨૫ના સર્વે અનુસાર કયા દેશમાં સૌથી વધુ ભાષાનું ચલણ છે એ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) ચીન બ) નાઈજીરિયા ક) પપુઆ ન્યુ ગીની ડ) મેક્સિકો

સુડોકુ-૯૨૧૭

			૩		૬			
૫		૩				૮		૯
		૭	૧		૮	૪		
૮	૪		૭		૧		૯	૫
૧	૩		૯		૨		૮	૭
		૬	૨		૫	૯		
૯		૧				૫		૩
			૮		૯			

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

સુડોકુ-૯૨૧૬

૯	૭	૩	૧	૫	૨	૬	૮	૪
૮	૨	૫	૪	૩	૬	૧	૭	૯
૪	૬	૧	૭	૯	૮	૩	૫	૨
૭	૩	૨	૫	૪	૧	૯	૬	૮
૫	૯	૮	૨	૬	૩	૪	૧	૭
૧	૪	૬	૯	૮	૭	૫	૨	૩
૨	૫	૭	૩	૧	૯	૮	૪	૬
૩	૮	૪	૬	૨	૫	૭	૯	૧
૬	૧	૯	૮	૭	૪	૨	૩	૫

ગયા મંગળવારના જવાબ

A	B
ખાંચો	LANE
ખાંટ	SHREWD
ખાંધ	SHOULDER
ખાંપણ	DEFECT
ખાંખાંખોળા	SEARCH

ગુજરાત મોરી મોરી રેઃ
આકાશ

ઓળખાણ પડી?
XYLOPHONE

માઈન્ડ ગેમ :
રશિયા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
છિદ્ર

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) નીતા દેસાઈ (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરુ કાપડિયા (૧૩) લજીતા ખોના (૧૪) મીનળ કાપડિયા (૧૫) જ્યોતી ખાંડવાલા (૧૬) નિખીલ બંગાળી (૧૭) અમીષી બંગાળી (૧૮) મહેશ એન. સંઘવી (૧૯) તાહેર ઔરંગાબાદવાળા (૨૦) શીરીન ઔરંગાબાદવાળા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) કિરીટ છેડા (૨૩) ભરત કજરીયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) ચેતના છેડા (૨૭) વીણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) કમલ માટલીયા (૩૦) મહેન્દ્ર લોઢવિયા (૩૧) ભાવના કર્વે (૩૨) અંજુ ટોલીયા (૩૩) અલકા વાણી (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) વર્ષા સૂર્યકાન્ત શ્રોફ (૩૬) જયવંત પદમશી ચિખલ (૩૭) દિપીકા દોશી (૩૮) ડાયના સંતોક (૩૯) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૪૦) પુષ્પા ખોના (૪૧) નિતીન જયંતીલાલ બજરીયા (૪૨) ડગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) પ્રવીણ વોરા (૪૪) અરવિંદ કામદાર (૪૫) ડો. પ્રકાશ કટકીયા (૪૬) મહેશ દોશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) હીના દલાલ (૫૦) રમેશ દલાલ (૫૧) ઈનાક્ષી દલાલ (૫૨) નયના ગિરીશ મિસ્ત્રી

વિલેપાર્લેમાં બહુમાળી એપાર્ટમેન્ટમાં લાગેલી આગમાં ગુજરાતી મહિલાનું મોત, એક જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ ઉપનગરના વિલેપાર્લેમાં ૧૩ માળની રેસિડેન્શિયલ બિલ્ડિંગમાં સોમવારે સવારના લાગેલી આગમાં ૬૩ વર્ષના ગુજરાતી મહિલાનું મૃત્યુ થયું હોવાની દુર્ઘટના બની હતી. તો ૩૪ વર્ષની અન્ય મહિલા ગંભીર રીતે જખમી થતા તેના પર ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આગ એટલી ભીષણ હતી કે દૂર દૂર સુધી તેના ધુમાડા દેખાતા હતા. ભારે જહેમત બાદ ફાયરબ્રિગેડને લગભગ ત્રણ કલાકે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી.

વિલેપાર્લે (પૂર્વ)માં ફિરોઝ શાહ મહેતા રોડ પર કંકુવાડીમાં ગ્રાઉન્ડ પ્લસ ૧૩ માળની સુવિધા પર્લ નામની બિલ્ડિંગ આવેલી છે. સોમવારે સવારના લગભગ ૯.૫૧ વાગ્યાની આસપાસ બિલ્ડિંગના ૧૩ માળા પર આવેલા ફ્લેટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા જ ઘટનાસ્થળે ફાયરબ્રિગેડના પાંચ ફાયર એન્જિન, બે જંબો ટેન્કર, બે એરિયલ વોટર ટાવર ટેન્કર, એક હાઈડ્રોલિક પ્લેટફોર્મ, એક ટર્નટેબલ લેડર બચાવ કામગીરી માટે પહોંચી ગયા હતા.

સવારના લાગેલી આગે ઝડપભેર ફેલાઈને ભીષણ સ્વરૂપ ધારણ કર્યું હતું અને તેને કારણે દૂર દૂર સુધી ધુમાડા દેખાતા હતા. બિલ્ડિંગમાં ઉપરના માળે આગ લાગ્યા બાદ રહેવાસીઓ તરત બહાર નીકળી ગયા હતા પણ ઉપરના માળ પર આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યાં મુજબ આગ એક રૂમના

(જુઓ પાનું ૪) ▶▶

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહાયુતિનો મહા વિજય

જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિમાં મહાયુતિની બોલબાલા

મહારાષ્ટ્ર: અજિત પવારના અવસાન બાદ રાજ્યમાં ૧૨ જિલ્લા પરિષદ અને ૧૨૫ પંચાયત સમિતિની યોજાયેલી ચૂંટણીમાં મહાયુતિએ ભવ્ય વિજય મેળવી વિજયની હેટ-ટ્રિક કરી છે.

જિલ્લા પરિષદની ૭૩૧ બેઠકમાંથી મહાયુતિએ ૫૫૨ પર વિજય મેળવ્યો હતો. પંચાયત સમિતિની ૧૪૬૨ બેઠકમાંથી ૧૦૦૦ કરતા પણ વધુ બેઠક પર મહાયુતિનો વિજય થયો હતો.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિમાં ભગવો લહેરાયો છે. જિલ્લા પરિષદની ૮૦ ટકા કરતા વધુ બેઠકો પર મહાયુતિને વિજય મળ્યો છે અને પંચાયત સમિતિમાં પણ મહાયુતિ બહુમતી મેળવશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિમાં પણ મહાયુતિની જ બોલબાલા છે. ૧૨ જિલ્લા પરિષદની ૭૩૧ અને પંચાયત સમિતિની ૧,૪૬૨ જગ્યા માટે શનિવારે મતદાન થયું હતું.

૧૨ જિલ્લામાં રાયગઢ, રત્નાગિરિ, સિંધુદુર્ગ,

(જુઓ પાનું ૪) ▶▶

હોળી-ધૂળેટીનો પર્વ નિકટ આવી રહ્યો હોવાને કારણે બજારમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. વિવિધ રંગો અને આકારની આકર્ષક પિચકારીઓ વેચાણાર્થે દુકાનોમાં મૂકવામાં આવી છે, જે બાળકોનું ધ્યાન ખેંચી રહી છે અને ખરીદી કરવા તેમને લલચાવી રહી છે. (અમય ખરાડે).

વિદ્યાવિહારમાં અકસ્માત

ગુજરાતી દંપતીને ઉડાવનાર સગીરના કાર સ્ટન્ટના વીડિયો વાયરલ: લોકોમાં આક્રોશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિદ્યાવિહાર નજીક પુરપાટ વેગે બેદરકારીથી કાર ચલાવી સ્કૂટરસવાર ગુજરાતી દંપતીને અડફેટે લેનારા સગીરના કાર અને બાઈક પરના સ્ટન્ટના વીડિયો વાયરલ થયા હતા, જેને પગલે સોશ્યલ મીડિયા પર દંપતીને ન્યાયની માગણી સાથે લોકોએ આક્રોશ ઠાલવ્યો હતો.

પરેલની દુકાનમાંથી સ્કૂટર પર પાછાં ફરી રહેલાં ઘાટકોપરના દંપતી ધ્રુમીલ પટેલ (૩૩) અને તેની પત્ની મીનલ (૩૨)ને ગુરુવારની મધરાતે કિયા કારે અડફેટે લીધાં હતાં. આ ઘટનામાં દંપતી ગંભીર રીતે ઘવાયું હતું. સારવાર માટે તેમને પહેલાં રાજાવાડી હૉસ્પિટલ અને પછી ઘાટકોપરની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કલવામાં આવ્યાં હતાં. ધ્રુમીલ પટેલને આઈસીયુમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો છે, જ્યારે મીનલનું સ્વાસ્થ્ય પર નબળું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ પ્રકરણે તિલક નગર પોલીસે કારમાલિક વાલજી રાજા ભૂષણ અને તેના ૧૭ વર્ષના પુત્ર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ઘટના સમયે કાર વાલજી

(જુઓ પાનું ૪) ▶▶

ઓઝર એરપોર્ટનું અપગ્રેડેશન સિંહસ્થ કુંભ પહેલા નાશિકના વિકાસને વેગ આપશે: ફડણવીસ

નાશિક: નાશિકમાં ૨૦૨૭ના સિંહસ્થ કુંભ મેળા પહેલા ઓઝર એરપોર્ટનું વિસ્તરણ પ્રાદેશિક વિકાસ અને પરિવહન સુવિધામાં નોંધપાત્ર વધારો કરશે, એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકારે એરપોર્ટના વિસ્તરણ માટે રૂ. ૬૪૦ કરોડ ફાળવ્યા છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે કુંભ મેળા દરમિયાન નાશિકમાં શ્રદ્ધાળુઓની સંખ્યામાં આઠથી દસ ગણો વધારો થવાની ધારણા છે, જેના કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓમાં વધારો કરવાની જરૂર છે.

હવાઈ મુસાફરી હવે વૈભવી નથી રહી પણ એક આવશ્યક જરૂરિયાત છે. નાશિક એરપોર્ટના વિસ્તરણથી એકંદર વિકાસને વેગ મળશે. એરપોર્ટ વિસ્તરણથી મુસાફરોની હેન્ડલિંગ ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે અને ઔદ્યોગિક પ્રવૃત્તિ માટે કનેક્ટિવિટીમાં પણ સુધારો થશે, પ્રોજેક્ટના ભૂમિપૂજન સમારોહ બાદ ફડણવીસે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, બાગાયત અને શાકભાજીના ઉત્પાદનમાં અગ્રેસર જિલ્લો હોવાથી નાશિકને કાર્ગો કનેક્ટિવિટીનો લાભ મળશે, જેનાથી નાશવંત વસ્તુઓ અને ફળો માટે આંતરરાષ્ટ્રીય બજારો ખુલશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતને યુરોપિયન યુનિયન અને અમેરિકાના બજારો સુધી પહોંચ મળી છે. યુરોપિયન યુનિયન અને અમેરિકા સાથે કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, અને નિયંત્રણો હળવા થવાથી નિકાસલક્ષી

(જુઓ પાનું ૪) ▶▶

૧,૨૦૦ કરોડ રૂપિયાના રોકાણ કૌભાંડના પીડિતોનું થાણેમાં વિરોધ પ્રદર્શન

થાણે: ૧,૨૦૦ કરોડ રૂપિયાના રોકાણ કૌભાંડના સેંકડો પીડિતોએ મહારાષ્ટ્રના થાણેમાં પોલીસ કમિશનરની ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આ કેસની ઝડપી તપાસ અને તેમની સાથે છેતરપિંડી કરાયેલા નાણાં પરત કરવાની માગ કરી હતી. આર્થિક ગુના શાખાએ ગયા મહિને મહારાષ્ટ્રભરમાંથી ૧,૫૦૦ પોલીસ કર્મચારીઓ સહિત ૧૧,૦૦૦ થી વધુ રોકાણકારો સાથે થયેલા કૌભાંડના સંબંધમાં ગુજરાતમાંથી ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી હતી.

પુણે, કોલ્હાપુર, જલગાંવ અને રત્નાગિરિથી આવેલા પ્રદર્શનકારીઓએ પોલીસ કમિશનરની ઓફિસના ગેટને અવરોધિત કર્યો હતો, અને દાવો કર્યો હતો કે પોલીસની તપાસ ગોકળગાયની ગતિએ આગળ વધી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર આ કૌભાંડમાં આશરે ૧૧,૦૦૦ રોકાણકારો અને ૧,૨૦૦ કરોડ રૂપિયા સામેલ હતા.

આરોપી સમીર નાર્વેકર, તેની પત્ની નેહા અને તેમના સહયોગી અમિત બાલમે ૨૦૧૯માં પુણેમાં હેડક્વોટર ધરાવતી રોકાણ કંપની ટ્રેડ વિથ જાઝની સ્થાપના કરી હતી. આ ત્રણેય લોકોએ પીડિતોને શૅરબજાર અને સંલગ્ન સાહસો પર માસિક ચાર ટકા વળતર આપવાના વચન આપીને લલચાવ્યા હતા, પોલીસે જણાવ્યું હતું.

કંપનીએ અચાનક તેની ઓફિસો બંધ કરી દીધી અને રોકાણકારોને જવાબ આપવાનું બંધ કરી દીધું હતું. આરોપીઓ સામે મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ એક્ટ, ૧૯૯૯ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

છેતરપિંડીનો ભોગ બનેલા એક રોકાણકારે જણાવ્યું કે, આપણામાંથી મોટાભાગના લોકોએ આમાં પૈસા રોકવા માટે લોન લીધી હતી અથવા માલિકીની બધી વસ્તુઓ વેચી દીધી. હવે, અમારાં બાળકોનો અભ્યાસ અને લગ્ન અટકી ગયાં છે. ■

પીએમ મોદીએ શિંદેને જન્મદિવસની શુભેચ્છા પાઠવી

મહારાષ્ટ્રના વિકાસ માટેના તેમના પ્રયાસોની પ્રશંસા કરી

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી અને રાજ્યના વિકાસ માટેના તેમના કાર્યની પ્રશંસા કરી હતી.

મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારના ભાગ એવા શિવસેનાના પ્રમુખ એકનાથ શિંદે સોમવારે ૬૨ વર્ષના થયા. પીએમ મોદીએ કહ્યું કે શિંદે મહારાષ્ટ્રના વિકાસને આગળ વધારવા અને શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેના વિઝનને પૂર્ણ કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે. "શ્રી

(જુઓ પાનું ૪) ▶▶

આજથી રાજ્યમાં એચએસસી બોર્ડ પરીક્ષા શરૂ, ૨૪૮ સેન્ટર સંવેદનશીલ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજથી મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડની હાયર સેકેન્ડરી સર્ટિફિકેટ (એચએસસી)ની એટલે કે

બારમા ધોરણની પરીક્ષા શરૂ થઈ રહી છે, જેમાં રાજ્યભરમાં ૧૫,૩૨,૪૮૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. છેલ્લાં પાંચ વર્ષમાં પરીક્ષામાં કોપી કરવાથી લઈને અન્ય સમસ્યાઓને ધ્યાનમાં રાખીને બોર્ડે ૨૪૮ પરીક્ષા સેન્ટરને સંવેદનશીલ જાહેર કર્યા છે.

આજથી શરૂ થઈ રહેલી પરીક્ષા માટે કુલ ૧૫,૩૨,૪૮૭ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યા છે, જેમાં ૮,૨૦,૨૨૯ વિદ્યાર્થી અને ૭,૧૨,૨૪૦ વિદ્યાર્થિનીનો સમાવેશ થાય છે. તો ૧૮ ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓ છે. કુલ વિદ્યાર્થીમાંથી ૭,૯૯,૭૭૩ સાયન્સ સ્ટ્રીમ, ૩,૮૦,૬૯૨ આર્ટસ અને ૨૭,૩૭૮ કોમર્સના વિદ્યાર્થીઓ છે. તો વોકેશન કોર્સના ૪,૪૯૨ વિદ્યાર્થીઓ છે.

બોર્ડની પરીક્ષા માટે ૩,૩૮૭

(જુઓ પાનું ૪) ▶▶

શરદ પવારને પુણેની હૉસ્પિટલમાં દાખલ કરાયા

ડૉક્ટરે છાતીમાં ઈન્ફેક્શન હોવાની પુષ્ટિ કરી

પુણે: એનસીપી (એસપી) ના પ્રમુખ શરદ પવારને ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ બાદ સોમવારે બારામતીમાં તેમના નિવાસસ્થાનેથી પુણેની એક ખાનગી હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. રૂબી હોલ ક્લિનિકના ચીફ કાર્ડિયોલોજિસ્ટ અને મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. પરવેઝ ગ્રાન્ટે જણાવ્યું હતું કે, તેમનું સિટી સ્કેન કરવામાં આવ્યું હતું અને તેમને છાતીમાં ઈન્ફેક્શન છે. ડૉક્ટરોની એક ટીમ તેમની તપાસ કરી રહી છે અને તે મુજબ આગળની સારવાર કરવામાં આવશે.

૮૫ વર્ષીય નેતાને સોમવારે બપોરે હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. તેમની સાથે પુત્રી અને લોકસભા સભ્ય સુપ્રિયા સુળે અને તેમના પતિ સદાનંદ સુળે પણ હતા.

પુણેથી લગભગ ૧૦૦ કિમી દૂર આવેલા બારામતીથી આવ્યા પછી તરત જ, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાનને વ્હીલચેર પર હૉસ્પિટલની અંદર લઈ જવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, ઓરલ કેન્સરને મ્હાત આપી ચુકેલા પવાર ગળામાં ઈન્ફેક્શન, સતત ખાંસી અને છાતીમાં જકડામણથી પીડાતા હતા. ■

વોર્ડના વિભાજનના ૧૬ મહિના બાદ વોર્ડ ઑફિસરની નિમણૂક

મુંબઈ: વિલેપાર્લે (પૂર્વ), અંધેરી (પૂર્વ), જોગેશ્વરી(પૂર્વ) અને મરોલના સમાવેશ કરતા કે-પૂર્વ વોર્ડના વિભાજનના લગભગ ૧૬ મહિના બાદ મુંબઈ મહાનગરપાલિકાએ વોર્ડ ઑફિસમાં આસિસ્ટન્ટ કમિશનરની નિમણૂક કરી છે. તેથી નવા બનેલા વોર્ડના પ્રલંબિત રહેલા કામ આગળનો અવરોધ દૂર થયો છે.

કે-પૂર્વ વોર્ડનું વિભાજન કરવાના પ્રસ્તાવે પાલિકા પ્રશાસને ૨૦૨૩માં મંજૂરી આપી હતી. કે-પૂર્વ વોર્ડમાં વિલેપાર્લે, જોગેશ્વરી અને અંધેરી(પૂર્વ) સહિત કુલ ૧૫ ઈલેક્ટ્રોલ વોર્ડનો સમાવેશ થાય છે. ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ આ વોર્ડની અંદાજિત વસતિ લગભગ ૧૩ લાખ છે. તેના વ્યાપક ભૌગોલિક ફેલાવા અને ઉચ્ચ વસતિ ગીચતાને કારણે આ વિસ્તારમાં નાગરિક માળાખાકીય સુવિધાઓને અને પર નોંધપાત્ર દબાણ હતું. અગાઉ કે-પૂર્વ વોર્ડની ઑફિસ

(જુઓ પાનું ૪) ▶▶

પાલિકામાં શિંદેસેનાએ નકારેલી ઓફિસ કૉંગ્રેસને

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકામાં રાજકીય પક્ષોના નગરસેવકોને બેસવા માટે ઓફિસ આપવામાં આવે છે, જેમાં શિંદસેનાએ વાસ્તુદોષનું કારણ આપી જે ઓફિસ સ્વીકારવાનો નનૈયો ભણ્યો હતો તે જ ઓફિસનો કબજો કૉંગ્રેસે સોમવારે લીધો હતો. પાલિકાના કૉંગ્રેસના ગ્રૂપ લીડર અશરફ આઝમી સહિત નવનિર્વાચિત નગરસેવકોએ સોમવારે પાલિકાની જૂની બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલી ઓફિસનો સ્વીકાર કર્યો હતો. એ બાદ તેમણે જણાવ્યું હતું કે આ ઓફિસમાં વાસ્તુદોષ હોવાનું કહીને શિંદેસેનાએ તેને નકારી કાઢી હતી. વાસ્તુદોષ એ જેની-તેની ભાવનાનો સવાલ છે. ■

પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનારા મોટા ડિફોલ્ટરોને મિલકતની જપ્તીની નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નિર્ધારિત સમયગાળામાં પ્રોપર્ટી ટેક્સ ભરવાનું ટાળનારા તેમ જ આર્થિક ક્ષમતા હોવા છતાં ટેક્સ નહીં ભરનારા મોટા ડિફોલ્ટરોને પાલિકા પ્રશાસન તરફથી કલમ ૨૦૩ અંતગર્ત જપ્તીની નોટિસ ફટકારવામાં આવી છે. આપેલી મુદતમાં ટેક્સ નહીં ભર્યો તો પાલિકાના નિયમમાં રહેલી જોગવાઈ મુજબ સંબંધિત મિલકતને જપ્ત કરીને તેની લિલામી કરવામાં આવશે એવા ચોખ્ખા શબ્દોમાં પાલિકાએ ડિફોલ્ટરોને નોટિસ આપી છે.

પ્રોપર્ટી ટેક્સ એ પાલિકાની આવકનો મુખ્ય સ્રોત છે. પ્રોપર્ટી ટેક્સના બિલ મળ્યા બાદ ૯૦ દિવસની અંદર પ્રોપર્ટી ટેક્સ પાલિકાને જમા કરવો આવશ્યક છે. આ સમયગાળામાં ટેક્સ નહીં ભર્યો તો પાલિકા તરફથી તબક્કાવાર કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ટેક્સ નહીં ભરનારા લોકોને ડિમાન્ડ લેટર મોકલવામાં આવે છે ત્યારબાદના તબક્કામાં પ્રોપર્ટી ટેક્સધારકોને ૨૧ દિવસની અંતિમ નોટિસ આપવામાં આવે છે ત્યારબાદ

(જુઓ પાનું ૪) ▶▶

નવી મુંબઈમાં નિવૃત્ત પોલીસકર્મી સામે વાહનોને ટક્કર મારી દારૂ પીને ગાડી ચલાવવા બદલ ગુનો નોંધાયો

થાણે: એક નિવૃત્ત પોલીસકર્મીએ, કથિત રીતે નશાની હાલતમાં ગાડી ચલાવતી વખતે, રસ્તાના કિનારે ઉભેલા અનેક વાહનોને ટક્કર મારી હતી, જેના કારણે નવી મુંબઈમાં વાહનચાલકોમાં ગભરાટ ફેલાયો હતો.

શનિવારે સાંજે સીવુડ્સ વેસ્ટ વિસ્તારના કરાવે ગામમાં થયેલા અકસ્માતના સંદર્ભમાં મુંબઈ પોલીસના ભૂતપૂર્વ વરિષ્ઠ પોલીસ અધિકારી અરુણ બબન પોખરકર વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. પોખરકર નશાની હાલતમાં ગાડી ચલાવી રહ્યા હતા અને કરાવે ગામમાંથી પૂરઝડપે પસાર થયા, ત્યારે તેમણે પાર્ક કરેલા અને ચાલતા ચારથી પાંચ વાહનોને ટક્કર મારી હતી. અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા થઈ નથી, પરંતુ ઘણા વાહનોને નુકસાન થયું હતું, અને વિસ્તારના રહેવાસીઓ અને વાહનચાલકોમાં ગભરાટ ફેલાયો હતો. રોષે ભરાયેલા સ્થાનિક લોકો કારને રોકી ડ્રાઈવરને વાહનમાંથી બહાર ખેંચી કાઢીને તેની સાથે મારપીટ કરી હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું કે, પોલીસ ટીમે કારની તપાસ કરી અને તેમાંથી એક ઓળખપત્ર તથા પોલીસની નેમપ્લેટ મળી આવી હતી, જેનાથી આરોપીની ઓળખ નિવૃત્ત પોલીસ અધિકારી તરીકે થઈ હતી. એનઆરઆઈ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર દેવેન્દ્ર પોલે જણાવ્યું કે, પ્રાથમિક પૂછપરછ અને તબીબી તપાસ દરમિયાન આરોપી નશાની હાલતમાં હોવાનું જણાયું હતું. આ મામલે ડ્રંક એન્ડ ડ્રાઇવનો ગુનો નોંધવામાં આવ્યો છે. તબીબી-કાનૂની ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી, પોખરકરને મુક્ત કરવામાં આવ્યા હતા, અને વધુ તપાસ ચાલુ છે. ■

સાતમા ધોરણમાં ભણતી વિદ્યાર્થિની સાથે કુકર્મ: શાળાના પ્રિન્સિપાલની ધરપકડ

યવતમાળ: યવતમાળ જિલ્લાની શાળામાં ભણતી ૧૩ વર્ષની વિદ્યાર્થિની સાથે કથિત કુકર્મ આચરવા બદલ પોલીસે પ્રિન્સિપાલની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ વિદ્યાર્થિનીના પિતાએ શનિવારે નોંધાવેલી ફરિયાદને આધારે રવિવારે આરોપી પ્રિન્સિપાલની ધરપકડ કરવામાં આવી હતી.

ફરિયાદ અનુસાર ઘાઠણજી તાલુકામાં આવેલી જિલ્લા પરિષદની સ્કૂલના ૪૭ વર્ષના પ્રિન્સિપાલે પહેલી મે, ૨૦૨૫થી આ વર્ષની પાંચમી ફેબ્રુઆરી દરમિયાન સાતમા ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીનું જાતીય શોષણ કર્યું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે આરોપી ફ્રૂટ્સ અને મેકઅપનો સામાન આપીને વિદ્યાર્થિનીને લલચાવતો હતો. વાતોમાં ભોળવી આરોપીએ બે વખત વિદ્યાર્થિની સાથે કુકર્મ કર્યું હતું. બનેલી ઘટના અંગે કોઈને જાણ કરી તો જાનથી મારવાની ધમકી પણ આરોપીએ આપી હતી. આ પ્રકરણે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની દુષ્કર્મને લગતી કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

(પીટીઆઈ)■

માહિમમાં પાણીની પાઈપલાઈનમાં ગળતર: લાખો લિટર પાણી વેડફાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પાલી હિલ જળાશયની ૯૦૦ મિલીમીટર ઈનલેટની પાણીની પાઈપલાઈનમાં ગળતર સુધારવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ તાત્કાલિક ધોરણે સમારકામનું આયોજન કર્યું હતું. જોકે કામ શરૂ થાય તે પહેલા જ સોમવારે પાઈપલાઈન પરનો કામચલાઉ સ્ટેનલેસ ક્લેમ્પ કૉલર આગળ ખસી ગયો હતો, તેને કારણે પાઈપલાઈનમાં ભારે ગળતર થયું હતું. રસ્તા પર મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયા હતા અને માહિમ કોઝવે પર ઉત્તર તરફ જતા ટ્રાફિકને અસર થઈ હતી. પાલિકા પ્રશાસને જણાવ્યું હતું કે ક્લેમ્પ કૉલરને યુદ્ધના ધોરણે ફિક્સ કરવામાં આવી રહ્યું છે અને બહુ જલદી પાણીપુરવઠો પૂર્વવત્ થશે. એ બાદ ૧૦ ફેબ્રુઆરીના અગાઉની યોજના મુજબનું કાયમી સમારકામ હાથ ધરવામાં આવશે.

પાલી હિલ જળાશયની ૯૦૦ મિલીમીટર ઈનલેટ પાણીની પાઈપલાઈનમાં ગળતર સુધારવા માટે પાલિકાએ તાત્કાલિક ધોરણે સમારકામ કરશે. આ કામ બાન્દ્રા પશ્ચિમમાં કુરેશી નગર ઝૂંપડપટ્ટી નજીક મ્હાડા પ્લોટમાંથી પસાર થતી પાઈપલાઈન સાથે તેમ જ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરના ભાગમાં કામ કરવામાં આવશે. મંગળવારે સવારના ૧૦ વાગ્યાથી મધરાત સુધી આ સમારકામનું આયોજન કરવામાં આવ્યું છે, જેને પરિણામે ખાર અને બાન્દ્રાના અમુક વિસ્તારોમાં ૧૪ કલાક પાણી બંધ રહેશે. જ્યારે ૧૦ ફેબ્રુઆરીએ ઓછા દબાણ સાથે પાણી રહેશે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ ૨૯ જાન્યુઆરીએ આ પાઈપલાઈનમાં લગાવવામાં આવેલા ક્લેમ્પ કૉલર સોમવારે બપોરના ૧.૩૦ વાગ્યાની આસપાસ ફાટી ગયો હતો. આ ભંગાણને કારણે મોટા પ્રમાણમાં પાણીનું ગળતર થયું હતું. લાખો લિટર પાણી રસ્તા પર વેડફાઈ ગયું હતું અને રસ્તા પર ભરાયેલા પાણીને કારણે ટ્રાફિક જૅમ થયો હતો. પાલિકાના એન્જિનિયરોએ તાત્કાલિક ધોરણે ગળતરને નિયંત્રણમાં લાવવા માટે તાત્કાલિક સમારકામ હાથ ધર્યું હતું.

એચ-પશ્ચિમ વોર્ડના અધિકારીના જણાવ્યા મુજબ ખાર-બાન્દ્રા પશ્ચિમમાં અસરગ્રસ્ત વિસ્તારમાં ક્લેમ્પ કૉલર ફરી બેસાડવામાં આવ્યો હતો અને બાદમાં એ વિસ્તારોમાં પાણી પુરવઠો કરવામાં આવ્યો હતો. આ ઘટના બાદ જોકે મંગળવારે અગાઉની યોજના મુજબ સમારકામ હાથ ધરાશે. મંગળવારના સવારના ૧૦ થી રાતના ૧૦ વાગ્યા સુધી સમારકામ હાથ ધરાશે.■

ટ્રેડ ડીલના આશાવાદ વચ્ચે સેન્સેક્સે ફરી ૮૪,૦૦૦ની સપાટી હાંસલ કરી, નિફ્ટી ૨૬,૦૦૦ તરફ આગળ વધ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભારત-યુએસ વેપાર સોદા અંગેના આશાવાદ અને જાહેર ક્ષેત્રની બેંકો, કન્ઝ્યુમર ડ્યુરેબલ અને રિયલ્ટી શેરોમાં જોરદાર ખરીદીને કારણે સોમવારે બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીએ સતત બીજા સત્રમાંઆગેકૂચ જારી રાખી હતી. સેન્સેક્સ ૪૮૫.૩૫ પોઈન્ટ અથવા ૦.૫૮ ટકા વધીને ૮૪,૦૬૫.૭૫ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૭૩૪.૨૮ પોઈન્ટ અથવા ૦.૮૭ ટકા વધીને ૮૪,૩૧૪.૬ ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

નિફ્ટી ૧૭૩.૬૦ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા વધીને ૨૫,૮૬૭.૩૦ પર સ્થિર થયો. સત્ર દરમિયાન, ઇન્ડેક્સ ૨૨૮.૫૫ પોઈન્ટ અથવા ૦.૮૮ ટકા વધીને ૨૫,૯૨૨.૨૫ ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. વેપાર સોદાના સકારાત્મક સંકેતો અને એફઆઇઆઇની ઘરવાપસીને કારણે બજારના સેન્ટિમેન્ટને વેગ મળ્યો. રોકાણકારો આગામી પરિણામો પર નજીકથી નજર રાખી રહ્યા છે, જેમાં પીએસયુ બેંકો અપેક્ષા કરતાં વધુ મજબૂત પ્રદર્શન આપી રહી છે, જેનાથી પીએસયુ બેંક ઇન્ડેક્સને આઉટપરફોર્મ કરવામાં મદદ મળી રહી છે.

માગમાં સુધારો થવાની અપેક્ષાઓથી પ્રેરિત તાજેતરના કરેક્શન પછી કન્ઝ્યુમર ડ્યુરેબલ અને રિયલ એસ્ટેટ શેરોમાં સંચય વ્યૂહરચના જોવા મળી હતી. ટ્રમ્પ દ્વારા ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવતા ભારતીય બેન્ચમાર્ક સૂચકાંકો ત્રણ ટકા સુધી વધ્યા છે. સોમવારના સત્રમાં રિકવરી વ્યાપક હતી, જેમાં સિમેન્ટ, કેપિટલ ગૂડ્સ, કાપડ અને કન્ઝ્યુમર ડિસ્ક્રેશ્નરી જેવા ક્ષેત્રો રોકાણકારોના રસને આકર્ષિત કરી રહ્યા હતા, જેને યુનિયન બજેટ દરખાસ્તો અને અનુકૂળ વેપાર સોદાઓ દ્વારા ટેકો મળ્યો હતો.

સેન્સેક્સના શેરોમાં પાવરગ્રીડ, એનટીપીસી, આઇટીસી, આઇસીઆઇસીઆઇ બેન્ક, ઇન્ફોસિસ, એચડીએફસી બેન્ક, ટેક મહિન્દ્રા, મારુતિ સુઝુકી ઇન્ડિયા અને એક્સિસ બેન્ક ટોપ લુઝર બન્યા હતા. સ્ટેટ બેન્ક મજબૂત રિઝલ્ટ બાદ સાત ટકા જેવો ઊછળ્યો હતો. ટાઇટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટાટા સ્ટીલ, ઇટર્નલ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, કોટક મહિન્દ્રા બેન્ક, ઇન્ડિગો, ટ્રેન્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, લાર્સન એન્ડ ટૂબ્રો, સન ફાર્મા અને એશિયન પેઇન્ટ ટોપ ગેઇનર હતા.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાંની એક, એડિશનલ હાઇ વોલ્ટેજ ટ્રાન્સમિશન અને વિતરણ પ્રોજેક્ટ્સમાં વિશેષતા ધરાવતી, એચઇસી ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૧૦૭.૮૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૫૭.૭૭ કરોડની કુલ આવક અને ૧૦૩.૭૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨.૯૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ગ્લેક્સો ફાર્માએ ત્રીજા ક્વાર્ટરમાં ૨૯ ટકાના વધારા સાથે રૂ. ૨૯૬ કરોડનો નફો નોંધાવ્યો છે. મ્યુનિસિપલ સર્વિસિસ, રોડ, ઔદ્યોગિક માળખાગત સુવિધાઓ અને ખાણકામ ક્ષેત્રે વૈવિધ્યસભર હાજરી ધરાવતી ભારતની અગ્રણી એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (ઇઆરપી) કંપનીઓમાંની એક, એસઈપીસી લિમિટેડએ નાણાકીય વર્ષ ૨૦૨૬ના નવમા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૫૩.૨૮ ટકા વૃદ્ધિ સાથે રૂ.૭૯૬.૮૯ કરોડની કુલ આવક અને૧૬૮.૬૬ ટકા વૃદ્ધિ સાથે રૂ.૩૯.૮૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બજાજ

ઇલેક્ટ્રિકલ્સે ત્રીજા ક્વાર્ટરમાં રૂ.૩૪.૧ કરોડની ખોટ અને ૧૮.૫ ટકાના ઘટાડા સાથે રૂ.૧,૦૫૦.૯ કરોડની આવક નોંધાવી છે. માઇનીંગ ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલી મિડવેસ્ટ ગોલ્ડ લિમિટેડ પરંપરાગત ખાણકામની અર્થબાઉન્ડ દુનિયાથી હાઇ-ટેક પાવરહાઉસમાં રૂપાંતરિત થવા બેકવર્ડ ઇન્ટિગ્રેશન, વિસ્તરણ અને કોર્પોરેટ રિબ્રાન્ડિંગની યોજના ધરાવે છે. ભારત સરકારે નવેમ્બર ૨૦૨૫માં રાષ્ટ્રને વિદેશી નિર્ભરતામાંથી મુક્ત કરવા રેર અર્થ માટે સીમાચિહ્નરૂપ રૂ. ૭,૩૦૦ કરોડની યોજનાની જાહેરાત કરી તે પહેલાં થી જ મિડવેસ્ટ ગોલ્ડે એ દિશામાં આગળ વધવાનું શરૂ કરી દીધું હતું.

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ઊંચા બંધ થયા હતા. યુરોપિયન બજારો ઊંચા ભાવે ક્વોટ થઈ રહ્યા હતા. પાછલા સત્રમાં શુક્રવારે યુ.એસ. બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૦.૮૧ ટકા ઘટીને ૬૭.૫૨ પ્રતિ બેરલ હોલાયું હતું. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૧,૯૫૦.૭૭ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. શુક્રવારે ૩૦ શેરોવાળો સેન્સેક્સ ૨૬૬.૪૭ પોઈન્ટ વધીને ૮૩,૫૮૦.૪૦ પર બંધ થયો, જ્યારે નિફ્ટી ૫૦.૯૦ પોઈન્ટ વધીને ૨૫,૬૯૩.૭૦ પર બંધ થયો

શેરબજારો એક ઘટનાસભર સપ્તાહ માટે તૈયાર છે, જેમાં ફુગાવાના ડેટાથી લઈને ભારત-અમેરિકા વેપાર સોદા પર અપડેટ્સ સુધીના, રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરે એવાં ઘણાં મહત્વપૂર્ણ સ્થાનિક અને વૈશ્વિક પરિબળોની અપેક્ષા છે. સરવાળે આ સપ્તાહે પણ બજારો અસ્થિર અને સમાચાર-આધારિત ચાલ બતાવે એવી સંભાવના છે. નિષ્ણાતો કહે છે કે, શેરબજારો આ અઠવાડિયે ૧૨ ફેબ્રુઆરીના રોજ જાહેર થનારા રિટેલ ફુગાવાના ડેટા, હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સના આંકડા અને ભારત-અમેરિકા વેપાર સોદા પર અપડેટ્સ પર નજર રાખશે. વૈશ્વિક સંકેતો, ભૂરાજનીતિ, કોર્પોરેટ પરિણામો, રૂપિયાની ગતિવિધિ અને એફઆઇઆઇ પ્રવાહ બજારોને અસ્થિર રાખશે, જેમાં નિફ્ટી મધ્યમ ગાળાના હકારાત્મક વલણ દર્શાવે છે.

રોકાણકારોની નજર કંપની પરિણામો પર પણ છે. એકંદર પરિણામો હજુ સુધી મિશ્ર રહ્યા છે અને ઘણી સારી કંપનીઓએ નુકસાની પણ નોંધાવી છે. નોંધવું રહ્યું કે કોર્પોરેટ કમાણીની મોસમ હજુ પણ સક્રિય છે, અને ઘણી કંપનીઓ પરિણામો જાહેર કરે તેવી અપેક્ષા છે. આ કમાણી ખાસ કરીને મિડ-કેપ અને લાર્જ-કેપ શેરોમાં સ્ટોક-વિશિષ્ટ હિલચાલ તરફ દોરી શકે છે. વૈશ્વિક સ્તરે, રોકાણકારો મુખ્ય યુએસ આર્થિક ડેટા અને નાસ્ડેક કમ્પોઝિટના પ્રદર્શન પર નજર રાખશે, જેમાં તાજેતરમાં કેટલીક નબળાઈ જોવા મળી છે.

શેરબજારની ચાલ માટે ભૂ-રાજકીય જોખમો મહત્વપૂર્ણ રહે છે. ભૌગોલિક રાજકીય અસરકર્તા બાબતોમાં, ખાસ કરીને યુએસ અને ઈરાન વચ્ચેની વાટાઘાટો પર પણ નજીકથી નજર રાખવામાં આવશે. કોઈપણ નકારાત્મક પરિણામ સંભવિત લશ્કરી કાર્યવાહી અંગે ચિંતાઓ ઉભી કરી શકે છે, જેના કારણે વૈશ્વિક ઇક્વિટી, ચલણ અને કોમોડિટી બજારોમાં વધુ અસ્થિરતા જોવા મળે છે. હાલ અમેરિકાએ ઇરાન પર દબાણ વધારવા તેના વિકરાળ યુદ્ધ જહાજો અને સબમરીનો ઇન્ડિયન ઓશનમાં ખડકી તો દીધા છે, પરંતુ ઇરાન સરળથી મચક આપે એવા અણસાર દેખાતા નથી. ભારત-યુએસ વેપાર જાહેરાત પછી તાજેતરમાં રેકોર્ડ નીચા સ્તરેથી સ્વસ્થ થયેલો ભારતીય રૂપિયો એક મુખ્ય સૂચક રહેશે. આ સાથે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકાર (એફઆઇઆઇ) પ્રવાહ પર નજર રાખવામાં આવશે જેથી પ્રવાહિતા અને જોખમની ભૂખનું મૂલ્યાંકન કરી શકાય.

બેતરફી વધઘટને અંતે ડૉલર સામે રૂપિયો એક પૈસો નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા સાથેની થયેલી ટ્રેડ ડીલ અંગે ગત શનિવારે બન્ને દેશો દ્વારા સંયુક્તપણે વિગતોની જાહેરાત કરવામાં આવી હતી અને આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડીલરો ડીલના આકારણી કરી રહ્યા હોવાથી સાવચેતીના અભિગમ વચ્ચે ડૉલર સામે રૂપિયામાં બેતરફી વધઘટ જોવા મળી હતી અને સત્રના અંતે રૂપિયો એક પૈસાના ઘટાડા સાથે ૯૦.૬૬ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. જોકે, ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં જોવા મળેલી લેવાલી ઉપરાંત આજે ઈક્વિટી માર્કેટમાં રહેલા સુધારાતરફી વલણને કારણે રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૦.૬૫ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૯૦.૬૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૭૩ અને ઉપરમાં ૯૦.૩૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે એક પૈસાના ઘટાડા સાથે ૯૦.૬૬ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો ૩૧ પૈસા ગબડીને ૯૦.૬૫ના મથાળે બંધ રહ્યો હતો.

ગત શનિવારે ભારત અને અમેરિકાએ સંયુક્તપણે વચગાળાના વેપાર કરાર અંગેની વિગતો જાહેર કરી હતી, જેમાં અમેરિકા બન્ને પક્ષો આયાત થતાં માલ પરની કસ્ટમ ડ્યૂટી ઘટાડવા સહમત થયા હતા. અમેરિકા ભારતથી આયાત થતાં માલ પરની ટૅરિફ જે હાલ ૫૦ ટકા છે તે ઘટાડીને ૧૮ ટકા કરશે, જ્યારે ભારત અમેરિકાથી આયાત થતા ઔદ્યોગિક ઉત્પાદનોની ડ્યૂટીમાં ઘટાડો કરશે અને સોયાબીન, ડિસ્ટિલિયર ડ્રાઈડ અને સોલ્યુબલ્સ (ડીડીજીએસ) સહિત અમેરિકન ખાદ્ય અને કૃષિ ઉત્પાદનોની, પશુ આહાર માટે લાલ જુવારની, ટ્રી નટ્સ, તાજા અને પ્રોસેસ્ડ થયેલા ફળો, સોયાબીન તેલ, દારૂ-વાઈન્સ, સ્પિરિટની આયાત કરશે. તેમ જ બન્ને દેશોએ આગામી પાંચ વર્ષ સુધી ૫૦૦ અબજ ડૉલરની ખરીદીની ઈચ્છા વ્યક્ત કરી હતી. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૫ ટકા ઘટીને ૯૭.૫૮ અને ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૦૪ ટકા ઘટીને બેરલદીઠ ૬૭.૩૪ ડૉલર આસપાસ રહ્યા હતા, જ્યારે આજે ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૪૮૫.૩૫ પૉઈન્ટ અને ૧૭૩.૬૦ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હતા. તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૯૫૦.૭૭ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ હતા.

ડૉલર નબળો પડતાં વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ₹ ૮૭૩૬નો અને સોનામાં ₹ ૨૭૯૮નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વર્તમાન સપ્તાહ દરમિયાન અમેરિકાના જાહેર થનારા આર્થિક ડેટા પર રોકાણકારોની નજર રહી હોવા છતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૮૭૩૬નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૭૮૭થી ૨૭૯૮નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ આગલા બંધ સામે કિલોદીઠ રૂ. ૮૭૩૬ના સુધારા સાથે રૂ. ૨,૫૩,૬૬૫ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી સપાટીએથી માત્ર ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ રહેલી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો તથા સ્ટોકિસ્ટોની લેવાલી પાંખી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૭૮૭ વધીને રૂ. ૧,૫૪,૨૫૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૭૯૮ વધીને રૂ. ૧,૫૪,૮૭૬ના મથાળે રહ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર સોનામાં પણ માત્ર રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હતી.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે એક ટકો વધીને પુન: ઔંસદીઠ ૫૦૦૦ ડૉલરની સપાટી કુદાવીને ૫૦૦૮.૫૧ ડૉલર અને એપ્રિલ વાયદામાં ભાવ આગલા બંધ સામે એક ટકો વધીને ૫૦૨૯.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તે જ પ્રમાણે આજે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૨.૪ ટકા વધીને ઔંસદીઠ ૭૯.૮૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સત્રમાં ચાંદીના ભાવમાં ૧૦ ટકાનો ઉછાળો આવ્યો હતો.

એકંદરે રોકાણકારોની ડૉલરના સ્થાને સોનામાં સલામતી માટેની માગ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં ૦.૦૩ ટકા જેટલું નરમાઈનું વલણ રહેતાં વૈશ્વિક સોનાએ પુન: ૫૦૦૦ ડૉલરની સપાટી પાર કરી હોવાનું એક્સએસ ડૉટ કૉમના વિશ્લેષક રાનિયા ગુલેએ જણાવતા ઉમેર્યું હતું કે હાલમાં કેન્દ્રવર્તી બૅન્કો તેની અનામતમાં ડૉલરનું પ્રમાણ ઘટાડે છે અને સોનાનું પ્રમાણ વધારે છે. આમ કેન્દ્રવર્તી બૅન્કો ડૉલર ઈન્ડેક્સમાં રોકાણ જોખમી માની રહ્યા છે. હાલમાં રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત માટે ધ્યાનમાં લેતી હોય તેવા આ સપ્તાહે જાહેર થનારા અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટા, સીપીઆઈનાં અને બેરોજગારીના ડેટા પર સ્થિર થઈ છે. જોકે, ફેડરલ રિઝર્વ વર્તમાન વર્ષ ૨૦૨૬માં વ્યાજદરમાં બે વખત ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મુકી રહ્યા છે.

નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે સાન ફ્રાન્સિસ્કો ફેડના પ્રમુખ મેરી ડૅલૅએ જણાવ્યું હતું કે અમેરિકી શ્રમ બજાર એકંદરે સારી સ્થિતિમાં હોવાથી ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં કાપ મૂકવો જરૂરી છે.

ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીએ વધુ ₹ ૧૨૦ની તેજી, અન્ય ધાતુમાં મિશ્ર વલણ



મુંબઈ: આંતરરાષ્ટ્રીય બજારમાં ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની માગ પાંખી રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિત અન્ય ધાતુઓના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે એકંદરે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૨૦ ઊછળી આવ્યા હતા.

આ સિવાય વપરાશકાર ઉદ્યોગ સ્થાનિક ડીલરો અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેક એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી ૧૦નો સુધારો આયો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં કિલોદીઠ રૂ. એકથી ૧૦ ઘટી આવ્યા હતા. આજે ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૨૦ ઊછળીને રૂ. ૪૬૨૦ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં બે સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૦૪નો ઉછાળો આવી ગયો છે. વધુમાં આજે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૨૫૦ના મથાળે અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૨૦૧ અને કોપર સ્ક્રેપ હેવી તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૨૦૭ અને રૂ. ૩૧૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૫૭૮ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૧૫ અને રૂ. ૮૩૫ના મથાળે રહ્યા હતા.

આ સિવાય નિરસ માગે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૨૬૪, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૭૩૫ અને કોપર કેબલ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૧૨૧૫ અને રૂ. ૧૯૪ના મથાળે રહ્યા હતા, જ્યારે ઝિન્ક સ્લેબમાં ખપપૂરતી માગે ભાવ કિલોદીઠ રૂ. ૩૨૯ના મથાળે ટકેલાં રહ્યાં હતાં.

નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે દેશના જીડીપીનો અંદાજ ૬.૪ ટકા: મૂડીઝ

જી-૨૦ રાષ્ટ્રો પૈકી ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર રહેશે

નવી દિલ્હી: આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં મજબૂત સ્થાનિક માગ, નીતિવિષયક પગલાં અને સ્થિર બૅન્કિંગ યંત્રણાને ટેકે ભારત જી-૨૦ રાષ્ટ્રો પૈકી ભારત સૌથી ઝડપભેર વિકસતું અર્થતંત્ર રહેવાની સાથે જીડીપી વૃદ્ધિદર ૬.૪ ટકા રહેવાનો અંદાજ અગ્રણી રેટિંગ એજન્સી મૂડીઝ રેટિંગ્સે મૂક્યો છે.

મૂડીઝે તેના બૅન્કિંગ સિસ્ટમ આઉટલૂક અંગેના અહેવાલમાં જણાવ્યું હતું કે ભારતીય બૅન્કોની અસ્ક્યામતોની ગુણવત્તા સ્થિતિસ્થાપક રહેશે, એમસએમઈ (માઈક્રો, સ્મૉલ ઍન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીસ) એકમોમાં થોડો તણાવ રહેશે તેમ છતાં બૅન્કો પાસે લોન નુકસાનને શોષી લેવા માટે પર્યાપ્ત માત્રામાં અનામત રહેશે. એકંદરે વર્ષ ૨૦૨૬માં સૂક્ષ્મ આર્થિક પરિસ્થિતિઓ અને માળખાકીય સુધારાઓ થકી બૅન્કો માટે કાર્યકારી વાતાવરણ મજબૂત રહેશે, એમ અહેવાલમાં ઉમેર્યું હતું.

આમ મજબૂત વપરાશી માગ અને નીતિવિષયક પગલાંઓને ટેકે જી-૨૦ અર્થતંત્રો પૈકી ભારત સૌથી વધુ ઝડપથી વિકાસ પામતા અર્થતંત્ર તરીકે ૬.૪ ટકાનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિદર દાખવે તેવો અમે અંદાજ મૂક્યો છે. ગત સાલ વ્યક્તિગત આવકવેરાની મુક્તિ મર્યાદામાં કરવામાં આવેલા વધારા ઉપરાંત ગત સપ્ટેમ્બર મહિનામાં જીએસટીના દરનું તાર્કિકરણ કરવાને કારણે માગની વૃદ્ધિનો અર્થતંત્રને ટેકો મળશે અમ મૂડીઝે અહેવાલમાં જણાવ્યું હતું. ગયા મહિનામાં આર્થિક સર્વેક્ષણ દરમિયાન સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૭ માટે મૂકવામાં આવેલા ૬.૮થી ૭.૨ ટકાના જીડીપીના અંદાજ સામે મૂડીઝ દ્વારા મૂકવામાં આવેલો અંદાજ ઓછો અથવા તો નીચો છે. વધુમાં વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે જીડીપી વૃદ્ધિદરનો અધિકૃત અંદાજ આગલા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ૬.૫ ટકા સામે વધારીને ૭.૪ ટકા મૂકવામાં આવ્યો છે. વધુમાં મૂડીઝે યાદીમાં જણાવ્યું હતું કે ફુગાવો દબાણ હેઠળ છે અને વૃદ્ધિદર મજબૂત છે આથી જો ભવિષ્યમાં અર્થતંત્ર અથવા તો આર્થિક પ્રવૃત્તિઓ મંદ પડશે તો જ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા વ્યાજદરમાં કાપ મૂકવાનું પગલું લે તેમ જણાય છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે રિઝર્વ બૅન્કે ગત વર્ષ ૨૦૨૫માં નીતિવિષયક દર ૧૨૫ બેસિસ પૉઈન્ટ ઘટાડીને ૫.૨૫ ટકા કર્યા હતા.

ખાંડમાં મર્યાદિત માગે નરમાઈનું વલણ

આઈસ્ટાએ મહારાષ્ટ્રમાં ખાંડના ઉત્પાદનનો અંદાજ ઘટાડીને ૧૦૨ લાખ ટન મૂક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે ખાસ કરીને હાજરમાં રિટેલ સ્તરની તેમ જ સ્ટોકિસ્ટોની લેવાલી ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ચાર અને રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

દરમિયાન તાજેતરમાં સ્થાનિક ખાંડ ઉદ્યોગ સંગઠન ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશન (આઈસ્ટા)એ કરેલા સર્વેક્ષણ અનુસાર આગામી ૧૫ ફેબ્રુઆરી સુધીમાં મહારાષ્ટ્રની અંદાજે ૫૫થી ૬૦ ખાંડ મિલો શેરડીનું પિલાણ બંધ કરશે. આ સર્વેક્ષણને ધ્યાનમાં લેતા આઈસ્ટાએ મહારાષ્ટ્રમાં ખાંડના ઉત્પાદનનો અંદાજ ઘટાડીને ૧૦૨ લાખ ટનનો મૂક્યો હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ખાસ કરીને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૮૬૬થી ૩૯૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૬૦થી ૩૯૩૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પાંખી રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૩૦માં થયાના અહેવાલ હતા.



મહાશિવરાત્રીના પાવન પર્વને પગલે જૂનાગઢ પોલીસ સંપૂર્ણ એલર્ટ મોડમાં આવી ગઈ છે. મેળા પહેલા ભવનાથ વિસ્તારમાં વ્યાપક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પોલીસ દ્વારા ભવનાથ મંદિર પરિસર, યાત્રા માર્ગો તેમજ અખાડાઓમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

મહાશિવરાત્રી મેળો ૨૦૨૬ઃ ૧૪૦ વોટર પોઈન્ટ્સ અને ૨૦થી વધુ પાર્કિંગની સુવિધા- પાણી-છાશના પરબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી ૧૧મી તારીખથી જૂનાગઢના ગિરનારની તળેટીમાં ભવનાથના મેળાનો વિધિવત્ પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ વર્ષે મહાશિવરાત્રીના મેળાને વધુ ભવ્ય અને શ્રદ્ધાળુઓ માટે સુવિધાજનક બનાવવા માટે કલેક્ટરના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા ઝીણવટભર્યું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા બે મહિનાથી ગ્રાઉન્ડ લેવલ પર ચાલી રહેલી કામગીરી અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા બાદ પ્રેઝન્ટેશન દ્વારા મેળાની રૂપરેખા જાહેર કરવામાં આવી છે, જેમાં ભાવિકોની સેવા અને પાયાની સુવિધાઓને કેન્દ્ર સ્થાને રાખવામાં આવી છે.

આ વખતે મેળાનો વ્યાપ વધારવામાં આવ્યો છે. ગિરનાર દરવાજાથી અંદાજે સાડા ત્રણ કિલોમીટર સુધીના રોડ પર શ્રદ્ધાળુઓ માટે પીવાનું પાણી અને છાશની વ્યવસ્થા કરવામાં આવી છે. પીવાના પાણી માટે કુલ ૧૪૦ પોઈન્ટ અને દૂધ માટે ૧૭ કેન્દ્ર ઊભા કરવામાં આવશે. ટ્રાફિક મેનેજમેન્ટના ભાગરૂપે વાઘેશ્વરી મંદિર અને ગિરનાર દરવાજા પાસે બસ પાર્કિંગ સહિત અન્ય ૨૦ જેટલા સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. ખાસ કરીને દિવ્યાંગો અને અશક્ત ભાવિકો માટે સમાજ સુરક્ષા વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા વિશેષ સહાયની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

મેળાના મુખ્ય આકર્ષણ એવી રવેડીના રૂટમાં પણ આ વર્ષે ૫૦૦ મીટરનો વધારો કરવામાં આવ્યો છે, જેથી વધુ સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનનો લાભ લઈ શકે. રવેડીમાં બિનજરૂરી ભીડ ન થાય તે માટે અગાઉથી ઓળખ પ્રક્રિયા કરવામાં આવશે. ઉપરાંત, સ્થાનિક રહેવાસીઓ અને વેપારીઓને અવરજવરમાં તકલીફ ન પડે તે માટે વિશેષ પાસ અને વ્યવસ્થા કરાઈ છે. અન્નક્ષેત્રો અને આશ્રમો માટે પણ વહીવટી તંત્રએ નમ્ર અભિગમ અપનાવી માલ-સામાનની એન્ટ્રીનો સમય બદલીને હવે સવારના ૫ થી ૯ વાગ્યા સુધીનો કર્યો છે.

આ મેળાનો પ્રારંભ ૧૧મીની સવારે ભવનાથ મહાદેવના મંદિરે પરંપરાગત ધજારોહણ સાથે થશે. આ જ દિવસે સાંજે સાત કલાકે ભવ્ય ડમરૂ યાત્રા, મહા આરતી અને ધર્મસભાનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સાધુ-સંતોની સરળ એન્ટ્રી માટે પોલીસ વિભાગ દ્વારા ખાસ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. આ સાથે જ મેળા દરમિયાન ભાવિકોની સુવિધા અને સુરક્ષા માટે વિવિધ વિભાગોના સંપર્ક નંબરો જાહેર કરવામાં આવ્યા છે, જેમાં ભાવિકો કોઈપણ આપત્તિ, માહિતી અથવા સહાય નંબરો પર સંપર્ક કરી શકશે. ■

ભચાઉ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના ભંગારના વાડામાં ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઔદ્યોગિક હબ સમાન રણપ્રદેશ કચ્છમાં પાછલા કેટલાક સમયથી આગજનીના બનાવો સતત વધી રહ્યા છે તેવામાં ભચાઉ પાસેના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સ્થિત એક ભંગારના વિશાળ વાડામાં વહેલી સવારે આગનો બનાવ બનતા આસપાસના વિસ્તારોમાં ભય પ્રસર્યો હતો.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર સવારના આઠ વાગ્યાંના અરસામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના એક ભંગારના વાડામાં કોઈ કારણોસર વિકરાળ આગ ફાટી નીકળી હતી. જાણકારી પ્રાપ્ત થયે ભચાઉની ફાયર ફાઇટરોની ટુકડી બનાવ સ્થળે દોડી આવી હતી અને બેકાબૂ બની રહેલી આગને ઠારવા પ્રયાસો કરાયા હતા. ફાયર ફાઇટરોએ સતત બેથી અઢી કલાક સુધી અવિરત પાણી અને ફીમનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હોવાનું ફાયર ટીમના પ્રવીણ દાફડાએ જણાવ્યું હતું.

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ બહાર રહેલાં કેટલાંક વાહનો અને ભંગારના માલસામાનમાં મોટાપાયે નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

ભચાઉના આધોઇ ગામના વાડી વિસ્તારમાં સગીરા સાથે સામૂહિક દુષ્કર્મથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભચાઉ તાલુકાના આધોઈ ગામના પાદરે આવેલા વાડી વિસ્તારમાં એક સગીરા સાથે છ નરાધમો દ્વારા સામુહિક દુષ્કર્મ ગુજારવામાં આવતા કચ્છ સહિત બૃહદ કચ્છમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

ઘૃણાસ્પદ બનાવ અંગે સામખિયાળી પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગત રાત્રીના ૧૧થી વહેલી પરોઢના ૪ વાગ્યા દરમિયાન મોટરસાઇકલ પર સવાર થઈને ઘરે આવેલા છ યુવકોએ ૧૫ વર્ષિય સગીરાનું બળજબરીપૂર્વક અપહરણ કર્યું હતું.

સગીરવયની બાળકીનું અપહરણ કરીને તેને સુમસામ વાડી વિસ્તારમાં લઈ જઈ છ નરાધમો દ્વારા સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને આ બાબતે કોઈને જાણ કરે તો જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. સવારે આ સમગ્ર મામલો બહાર આવ્યા બાદ હતપ્રભ થયેલા પરિવારે છ યુવકો વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી હતી.

સામખિયાળી પોલીસે જડસાના કમલેશ પોપટ કોલી, આનંદ ખેંગા કોલી, લલિયાણાના સવા રામજી કોલી, કરણ હરિ કોલી, દિપક રવજી કોલી, ચિત્રોડના રણજીત ડાયા કોલી વિરુદ્ધ પોકસો એક્ટ સહિતની ગંભીર કલમો તળે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

દરમ્યાન, સવા કોલી, દીપક કોલી તથા રણજિત કોલીને પકડી લેવામાં આવ્યા હતા, જ્યારે અન્ય ત્રણ આરોપીને પકડી પાડવા જુદી-જુદી ટુકડીઓએ કવાયત હાથ ધરી હોવાનું તપાસકર્તા પી.આઇ. વી.કે. ગઢવીએ જણાવ્યું હતું. ■

રાજકોટમાં સફાઈ કામદારોનું આંદોલનઃ માગણીઓ સાથે વિશાળ રેલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : શહેરના સફાઈ કામદારોએ પોતાની વિવિધ પડતર માગણીઓને લઈને આજે એક વિશાળ રેલીનું આયોજન કર્યું હતું. રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડિયાની આગેવાનીમાં આ રેલી હૉસ્પિટલ ચોકથી રાજકોટ મહાનગરપાલિકાની કચેરી સુધી કાઢવામાં આવી હતી.

(તસ્વીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

રાજકોટઃ શહેરના સફાઈ કામદારોની મુખ્ય માગણીઓમાં કોન્ટ્રાક્ટ પ્રથામાં પીએફ, ઈએસઆઈ, અને લઘુત્તમ વેતન બાબતે થતા ભ્રષ્ટાચારને નાબૂદ કરવો. મજૂર મંડળના ગેરબંધારણીય નિયમો રદ કરી પૂરતું વેતન આપવું. કાયમી સફાઈ કામદારોની ભરતીમાં રાખેલા અન્યાયી નિયમોમાં ફેરફાર કરવો સહિતનો સમાવેશ થાય છે.

પારસ બેડિયાએ આક્ષેપ કર્યો હતો કે સત્તાધીશો દ્વારા કામદારોના હકોનું હનન કરવામાં આવે છે. જો આગામી દિવસોમાં આ માગણીઓ સંતોષવામાં નહીં આવે, તો કામદારો દ્વારા ઉપવાસ આંદોલન અને ગાંધીનગર સુધી પદયાત્રા કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. રેલીમાં મોટી સંખ્યામાં સફાઈ કામદારો જોડાયા હતા અને સૂત્રોચ્ચાર કર્યા હતા. ■

સેના દ્વારા વપરાતી જીપ્સી કાર રાખનારા નુંધાતડના બે રીઢા આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સમાજમાં પ્રભાવ પાડવા માટે ભારતીય સૈન્ય દ્વારા ઉપયોગમાં લેવાતાં વાહન જેવી આબેહૂબ જીપ્સી કાર રાખનારા, અબડાસાના નુંધાતડ ગામના રીઢા આરોપી એવા હનીફ જાકબ બાવા પઢિયાર તથા ભુટો ઓસમાણગની પડિયાર વિરુદ્ધ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

(તસ્વીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, તાજેતરમાં અબડાસાનાં મિંયાણી ગામમાં અન્યની માલિકીની બેન્ટોનાઇટની ખાણમાં ગેરકાયેદેસર પાળો બનાવવાના મામલે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થતાં સામસામી ફરિયાદ નોંધાઈ હતી, જેમાંના આરોપીઓને ઝડપી પાડવા ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાનાં પગલે એલસીબી, એસઓજી અને કોઠારા પોલીસની સંયુક્ત ટુકડીઓ દ્વારા હાથ ધરાયેલાં ખાસ કોમ્બિંગ દરમ્યાન આરોપી હનીફ જાકબ બાવા પઢિયાર (રહે.નુંધાતડ)ના રહેણાક મકાન પાસે ઈન્ડિયન આર્મી દ્વારા ઉપયોગમાં લેવામાં આવતાં વાહનોના આબેહૂબ કલર અને ઢાંચાવાળી એક જીપ્સી કાર ઊભી હતી. આ કારની આરટીઓ કચેરી-ભુજ ખાતે પોલીસે ખરાઈ કરતાં આવા રંગની જીપ્સી મોટરકાર ભારતીય સૈન્ય સિવાય કોઈ પણ નાગરિક પોતાના કબજામાં રાખી શકતું નથી અને વાહનમાં જરૂરી ફેરફાર કરવા માટે આરટીઓ કચેરીની પરવાનગી મેળવવી જરૂરી છે પરંતુ આ જીપ્સીમાં ફેરફાર અંગે કોઈ પરવાનગી મેળવી ન હોવાનું રેકર્ડ પરથી જાણવા મળતાં આ જીપ્સી મોટરકારના માલિક આરોપી ભુટો ઓસમાણગની પડિયાર અને કબજે રાખનાર હનીફ જાકબ બાવા પઢિયાર તથા તપાસમાં જેનું નામ ખૂલે તેના વિરુદ્ધ વિવિધ કલમો તળે કોઠારા પોલીસ મથકે કાયદેસરનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વિધાનસભાની ચૂંટણીમાં બે મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત બેટના નિશાન સાથે અપક્ષ ઉમેદવાર તરીકે હનીફ જાકબ બાવા પઢિયારે અબડાસાની બેઠક માટે ચૂંટણીના જંગમાં ઝંપલાવીને નોંધપાત્ર એવા મત મેળવ્યા હતા. હનીફ અને તેના પિતા જાકબ બાવા પઢિયાર સામે ભૂતકાળમાં પોલીસમાં વિવિધ ગુના નોંધાઈ ચૂક્યા હોવાનું જાણવા મળ્યું હતું. ■

ઊંઝાથી મુંદરા બંદરે આવતાં ૨૦.૪૨ લાખના જીરું-ઈલાયચીની ચોરીઃ ત્રણ કન્ટેનર ચાલકો વિરુદ્ધ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઊંઝાના વેપારી મથકેથી કચ્છના મુંદરા અદાણી બંદર આવી રહેલા અંદાજે રૂ. ૨૦.૪૨ લાખની કિંમતના જીરું અને ગ્રીન ઈલાયચીના મસાલાના જથ્થાની ચોરી થવા બદલ ત્રણ રાજસ્થાની કન્ટેનર ચાલકો વિરુદ્ધ સુમન એક્સપોર્ટના પ્રબંધક દ્વારા ઊંઝા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ અંગે જીતેનકુમાર અગ્રવાલે નોંધાવેલી ફરિયાદ અનુસાર, ઊંઝાના ગોળાઈ ગેટ પાસે આવેલા ક્રિષ્ના મિલ કમ્પાઉન્ડમાંથી જુદા જુદા કન્ટેનરો મારફતે જીરું અને ઈલાયચી સહિતનો કુલ રૂ. ૨૦,૪૨,૮૦૪નો માલ મુંદરા બંદરે મોકલવામાં આવ્યો હતો. ગત ૧૨ નવેમ્બરથી ૬ ફેબ્રુઆરી દરમિયાન દુબઈ અને મલેશિયા સહિતના દેશોમાં નિકાસ કરવામાં આવેલો આ માલ જ્યારે નિર્ધારિત સ્થળે પહોંચ્યો, ત્યારે કન્ટેનરમાં માલનો જથ્થો ઓછો હોવાનું બહાર આવ્યું હતું. ઊંડાણપૂર્વક તપાસ કરતા જણાયું હતું કે, ઊંઝાથી મુંદરાના ટ્રાન્ઝિટ રૂટ દરમિયાન ત્રણ કન્ટેનર ચાલકોએ માલસામાનની ચોરી કરીને વિશ્વાસઘાત આચર્યો હતો. આ પ્રકરણમાં પોલીસે બાડમેર, રાજસ્થાનના વતની એવા ત્રણ કન્ટેનર ચાલકો બંકારામ એદારામ, રાજેશકુમાર ભોલારામ અને જસારામ પદમારામ વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધી છે. ઊંઝા પોલીસે આર્થિક નુકસાન અને વિશ્વાસઘાત અંગેનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ■

અંજારના વરસાણા ગામમાંથી ₹ એક લાખથી વધુનો અંગ્રેજી શરાબનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લો પંજાબની જેમ નશાખોરીનું કેન્દ્ર બની રહ્યો હોય તેમ લગભગ દરરોજ ડ્રગ્સ, શરાબ જેવા માદક પદાર્થો ઝડપાતા રહે છે તેવામાં અંજાર તાલુકાના વરસાણા ગામે બાવળની ગીચ ઝાડીઓમાંથી સ્થાનિક પોલીસે રૂ.૧,૦૮,૯૦૦નો શરાબનો જથ્થો જપ્ત કરી, આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

વરસાણાના મુસ્લિમવાસમાં રહેનાર રમજાન અયુબ હિંગોરજા નામના શખ્સે તેના ઘર પાછળની બાવળની ઝાડીમાં વેંચાણ અર્થે શરાબ રાખ્યો હોવા અંગે મળેલા ઈનપુટના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં રૂ.૧,૦૮,૯૦૦ની કિંમતના ભારતીય બનાવટના અંગ્રેજી શરાબનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રમજાન હિંગોરજાને ઝડપી લેવા આગળની છાનબીન આદરી છે. ■

દિવસ અને રાત્રીના તપમાનમાં મોટા તફાવતથી કચ્છમાં વિષમ વાતાવરણ યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ક્લાઈમેટ ચેન્જની અસર હેઠળ પૃથ્વીના ઋતુચક્ર પર થઇ રહેલી વિપરીત અસરોથી વિશ્વભરના મોસમ વૈજ્ઞાનિકો ચિંતામાં મુકાયા છે ત્યારે શિયાળાની પ્રમાણમાં વહેલી વિદાય અને ઉનાળાના વહેલા આગમન વચ્ચે હાલ ચાલી રહેલા ઋતુ સંધિકાળમાં સરહદી કચ્છના તાપમાનમાં ૧૫થી ૨૦ ડિગ્રી જેટલો તફાવત નોંધાતા મોડી સાંજ બાદ ભેજયુક્ત ગુલાબી ઠંડી અનુભવાઈ રહી છે,અલબત્ત મહત્તમ તાપમાન ૩૦થી ૩૪ ડિગ્રી વચ્ચે રહેતાં દિવસભર અકળાવનારી ગરમીની આણ યથાવત રહી હતી.

જિલ્લા મથક ભુજમાં મહત્તમ ૩૩ જયારે લઘુતમ ૧૬ ડિગ્રી સે. તાપમાન નોંધાતા હાલ બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. ભુજ ઉપરાંત કંડલા સંકુલમાં મહત્તમ ઉષ્ણતામાનનો આંક ૩૩ ડિગ્રી પર રહેતાં અહીં ગરમીની આણ પ્રમાણમાં ઓછી વર્તાઈ રહી છે, જો કે રાત્રે ૨૪-૨૫ ડિગ્રી સાથે ભેજના પ્રમાણમાં વધારો થતાં ગુલાબી ઠંડીના ચમકારા સાથે ઝાકળવર્ષાથી વહેલી સવારે માર્ગો ભીંજાયેલા જોવા મળી રહ્યા છે. અબડાસાના નલિયામાં દિવસે ૩૨ ડિગ્રી જયારે રાત્રે ૧૨ ડિગ્રી જેટલું નીચું તાપમાન રહેતાં અહીં હિલસ્ટેશન જેવી અનુભૂતિ થઇ રહી છે.

દરમ્યાન, વિદાય ભણી આગળ વધી રહેલા શિયાળામાં ઉત્પન્ન થઇ રહેલાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પગલે હાલે પશ્ચિમ બંગાળથી લઇને કર્ણાટક સુધી કમોસમી વરસાદ થઇ રહ્યો છે. જમ્મુ-કાશ્મીર સહિતના પહાડી રાજ્યોમાં પણ હળવા હિમપ્રપાત સાથે વરસાદ પડી રહ્યો છે જેના પગલે ઉત્તર ભારતમાં આ પ્રકારની બેવડી ઋતુ અનુભવાઈ રહી હોવાનું મોસમ વિભાગ જણાવી રહ્યો છે. ભેજયુક્ત માહોલ અને ગરમી સંપૂર્ણપણે ગાયબ થયાં ન હોવાથી શરદી, ખાંસી સાથે વાયરલ તાવના વાવરે દેખા દીધી હોવાથી ઋતુ સંધિકાળના સમયગાળામાં લોકોને તબિયત પરત્વે વધુ સાવચેત રહેવાની સલાહ નિષ્ણાત તબીબો આપી રહ્યા છે. ■

ભચાઉ પાસે હિટ એન્ડ રનના બનાવમાં યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભચાઉ શહેર નજીક હિટ એન્ડ રનના બનેલા બનાવમાં ૨૭ વર્ષીય રાજુરામ પન્નારામ ભીલનું મોત નીપજ્યા બાદ આઘાતમાં સરી પડેલા તેના પિતાને હૃદયરોગનો તીવ્ર હુમલો આવતાં તેમને સારવાર અર્થે લઈ જવાયા હતા. કરુણાંતિકા અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ભચાઉ નગરથી ત્રણ કિલોમીટર દૂર સ્થિત એક ખાનગી કંપની સામેના ધોરીમાર્ગ પર ગઈકાલે રાત્રે આ અકસ્માત સર્જાયો હતો. જેમાં રાજુરામ અને તેના પિતા પન્નારામ વરસાણાથી ટેન્કરમાં માલ ભરી હિમાચલ બાજુ જવા નીકળ્યા હતા. બંને ચોપડવા પહોંચતાં રાજુને કોઈનો ફોન આવતાં તેણે મારે રાજસ્થાન ઘરે જવું છે. હું બીજી ગાડી આવે છે તેમાં રાજસ્થાન જાઉં છું તેમ કહીને ભચાઉ ગુરુકુળ નજીક તે ઊતરી ગયો હતો. તે માર્ગ ઉપર ઉભો હતો એ દરમ્યાન કાળ બનીને ધસી આવેલાં અજાણ્યા વાહને રાજુરામને હડફેટમાં લેતાં ગંભીર ઈજાઓનાં પગલે તેનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત થયું હતું. પુત્રના આ રીતે થયેલાં અકાળ મૃત્યુના સમાચાર પિતાને મળતાં તેઓ હોસ્પિટલ પહોંચ્યા હતા, જ્યાં પુત્રનો મૃતદેહ જોઈને તેમને હૃદયરોગનો હુમલો આવતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. હિટ એન્ડ રનના આ બનાવમાં ચન્નારામ શંકરારામ ભીલએ ભચાઉ પોલીસ મથકે અજ્ઞાત વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. ■

ભાવનગરમાં કિડની રોગ નિદાન અને સારવાર માટે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ખાતે ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને રેડક્રોસ સોસાયટી ભાવનગર તેમજ બીમ્સ હોસ્પિટલ ભાવનગરના સંયુક્ત સહયોગથી કિડનીના રોગો તથા તેની સારવાર અંગે એક નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પ દરમિયાન ભાવનગરના જાણીતા નેફ્રોલોજિસ્ટ ડો.તન્મય વાઘ દ્વારા કિડનીના દર્દીઓની વિગતવાર તપાસ કરવામાં આવી હતી તેમજ જરૂરી સારવાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેમ્પમાં ઉપસ્થિત દર્દીઓને જરૂરી દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી, જેથી દર્દીઓને નોંધપાત્ર લાભ મળ્યો હતો.

આ આરોગ્ય કેમ્પને સફળ બનાવવા માટે સુમિતભાઈ ઠક્કર, રોહિતભાઈ ભંડેરી, નિશાંતભાઈ ગઢિયા તથા ભદ્રેશભાઈ ઠક્કર સહિતના આગેવાનો અને સેવાભાવી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.આ કેમ્પ દ્વારા કિડની રોગ અંગે જાગૃતિ ફેલાઈ તેમજ અનેક દર્દીઓને સમયસર નિદાન અને સારવાર મળતા આયોજકો દ્વારા સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ■

ભાવનગરમાં રાજયકક્ષાની સ્વિમિંગ ભાઈઓ માટેની સ્પર્ધા તા.૧૨ થી તા.૧૪ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે

ભાવનગરઃ ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા રમતગમત અધિકારી અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ભાવનગર દ્વારા સંચાલિત ખેલ મહાકુંભ ૨૦૨૫-૨૬ અંતર્ગત રાજયકક્ષાની સ્વિમિંગ અં.૧૧, અં.૧૪ અને અં.૧૭ ભાઈઓની સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ રમત સંકૂલ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સિદસર રોડ, ભાવનગર ખાતે તા. ૧૨-૨-૨૦૨૬ થી ૧૪-૨-૨૦૨૬ દરમ્યાન થનાર છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે dso-sycd-bvncitygujarat.gov.in ની વેબસાઇટ પર જઈ તા.૧૧/૨/૨૦૨૬ સુધીમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. તમામ વયજુથના ભાઈઓ માટે રિપોર્ટિંગ તા.૧૨-૨-૨૦૨૬ ના રોજ સાંજે ૪ કલાકથી ૮ કલાક સુધીનો રહેશે. તા.૧૩-૦૨-૨૦૨૬ થી તા.૧૪-૨-૨૦૨૬ સુધી તમામ ઇવેન્ટમાં સ્પર્ધા યોજાશે. તમામ વયજુથ માટે રિપોર્ટિંગ કરવા માટેનું સ્થળ સરદાર પટેલ રમત સંકુલ (સ્પોર્ટ્સ હોસ્ટેલ), સિદસર રોડ, ભાવનગર રહેશે. ■